કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો :
ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૫ જૂન, ૨૦૨૬ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૦૧૫◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૫ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# હરિયાળું ગુજરાત બનાવવા સરકાર મક્કમ

## વિશ્વ પર્યાવરણ દિવસે ગુજરાતનો હરિત સંકલ્પ વધુ મજબૂત, આગામી વર્ષે ૫૦ લાખ વૃક્ષારોપણનું લક્ષ્ય

ગાંધીનગર : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ અને ગાંધીનગર ખાતે આયોજિત વિવિધ પર્યાવરણલક્ષી કાર્યક્રમોમાં હાજરી આપી રાજ્ય સરકારની હરિત વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ એક વખત ઉજાગર કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પર્યાવરણ સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ અને હરિયાળી વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની વિસ્તૃત માહિતી આપી હતી.

અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આગામી એક વર્ષમાં રાજ્યભરમાં ૫૦ લાખ વૃક્ષો વાવવાના મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક સાથે વૃક્ષારોપણ અભિયાનનો પ્રારંભ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણનું જતન અને હરિયાળીનું સંવર્ધન એ માત્ર સરકારની જ




નહીં પરંતુ સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે. આ અભિયાનમાં નાગરિકો,





શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વિવિધ સરકારી વિભાગોને જોડીને વ્યાપક જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન વાયુ પ્રદૂષણ ઘટાડવા અને તેની અસરકારક દેખરેખ રાખવા માટે તૈયાર કરવામાં આવેલી અત્યાધુનિક એર પોલ્યુશન મોનિટરિંગ લેબ વાનને પણ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે લીલી ઝંડી આપી રવાના કરી હતી. આ મોબાઈલ લેબ રાજ્યના

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભાની ચૂંટણીનો જંગ ગરમાયો, ભાજપના ચાર ઉમેદવારો સોમવારે નોંધાવશે ઉમેદવારી

(એજન્સી દ્વારા) ગાંધીનગર : દેશભરમાં રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે ત્યારે ગુજરાતમાં પણ રાજ્યસભાની ચાર બેઠકો માટેનો જંગ રસપ્રદ બન્યો છે. ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતમાંથી પોતાના ચાર ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે અને હવે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા તરફ સૌની નજર મંડાઈ છે. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની અંતિમ તારીખ ૮ જૂન નક્કી કરવામાં આવી છે. આ વચ્ચે પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના ચારેય ઉમેદવારો આગામી સોમવારે વિધિવત રીતે પોતાની ઉમેદવારી નોંધાવશે. ગુજરાત વિધાનસભામાં ભાજપને મળેલી બહુમતીના આધારે ચારેય ઉમેદવારોની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. તેમ છતાં ઉમેદવારી નોંધાવવાના દિવસે ગાંધીનગર ખાતે રાજકીય માહોલ ગરમાવાની શક્યતા છે. પક્ષના વરિષ્ઠ નેતાઓ, મંત્રીઓ, ધારાસભ્યો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં ઉમેદવારો ઉમેદવારીપત્ર દાખલ કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.રાજ્યસભાની આ ચૂંટણી આગામી સમયમાં સંસદના ઉચ્ચ ગૃહમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારા ચહેરાઓ નક્કી કરશે. ભાજપે સમયસર ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી પ્રક્રિયાને વેગ આપ્યો છે અને હવે સોમવારે ઉમેદવારી નોંધાવવાની ઔપચારિકતા પૂર્ણ થતાં ચૂંટણી પ્રક્રિયા વધુ રસપ્રદ બનશે.

## દેશના લોનધારકોને આરબીઆઈની કોઈ રાહત નહીં

### આરબીઆઈએ રેપોરેટ ૫.૨૫ ટકા પર રાખ્યો યથાવત

મુંબઈ : ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી) એ રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો હતો. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે એક પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી હતી. આનો અર્થ એ છે કે લોન ઈએમઆઈ વધશે નહીં. લોનના વ્યાજ દર સ્થિર રહેશે. આ પહેલા એપ્રિલમાં પણ રેપો રેટમાં કોઈ ફેરફાર થયો ન હતો. આરબીઆઈએ છેલ્લી વાર ડિસેમ્બર ૨૦૨૫માં વ્યાજ




દરમાં ૦.૨૫ ટકા ઘટાડીને ૫.૨૫ ટકા કર્યો હતો.

આરબીઆઈ જે દરે બેંકોને લોન આપે છે, તેને રેપો રેટ કહેવાય છે. જ્યારે આરબીઆઈ રેપો રેટ ઘટાડે છે ત્યારે બેંકો આ લાભ ગ્રાહકો સુધી પહોંચાડે છે.ગયા વર્ષે જાન્યુઆરી ૨૦૨૫થી જૂન ૨૦૨૬ સુધી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં ચાર વખત ફેરફાર કર્યો હતો. આ સમયગાળા દરમિયાન, દર ૬.૫૦ ટકાથી ઘટાડીને ૫.૨૫ ટકા કરવામાં આવ્યો હતો, જેનાથી ૧.૨૫ ટકા (૧૨૫ બેસિસ પોઈન્ટ)ની નોંધપાત્ર રાહત મળી હતી. ફેબ્રુઆરી ૨૦૨૫માં ૦.૨૫ ટકાનો પહેલો રેપો રેટ ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, એપ્રિલમાં બીજો ૦.૨૫

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યના ૪ ડીવાયએસપીને મળી એડહોક નિમુણક

ગાંધીનગર : ગુજરાત રાજ્યના પોલીસ બેડામાં ચાર પોલીસ અધિકારીઓને એડહોક નિમણુંક અપાઈ છે. ડીવાયએસપી બી એલ દેસાઈને ગોધરા એસપી પદે, શ્રી દોશીને એસપી જુનાગઢ, તથા પી વી રાવલને મદદનીશ સેનાપતિ તરીકે બઢતી આપવામા આવી છે.

### અન્ડરવર્લ્ડ ડોન દાઉદના સલીમ ડોલા કેસમાં તવાઈ

## ડ્રગ્સ-હવાલા નેટવર્ક સામે ગુજરાતમાં ઈડીની મોટી લાલઆંખ : કચ્છ કડી ખુલશે?

નવી દીલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગુજરાત સહિત દેશના વિવિધ શહેરોમાં મોટા પાયે દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. EDની ટીમોએ અમદાવાદ, સુરત, અંકલેશ્વર અને મુંબઈ સહિત કુલ ૨૧ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન ૧.૩૩ કરોડથી વધુ રોકડ

અનુસંધાન પાના નં.૪ પર

### અમેરિકી નેતાઓની બેવકુફીથી ભારતે અત્યાર સુધી કમાણી કરી

## ભારત સાથે તૂર્તમાં ટ્રેડ ડીલ; PM મોદીની ફરી પ્રશંસા કરતા ટ્રમ્પ

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ (વ્યાપારી સમજૂતી) ને લઈને એક ખૂબ જ મહત્ત્વનું અને સકારાત્મક નિવેદન આપ્યું છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં જ એક મોટો વ્યાપારિક કરાર

અનુસંધાન પાના નં.૪ પર

બદલાતા કલાઈમેટ ચેન્જ સામે

## કચ્છમાં વૃક્ષારોપણ જ અમોઘ શસ્ત્ર : ત્રિકમભાઈ છાંગા










**અંજારના સતાપર સ્થિત ગોવર્ધન પર્વત ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી : રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે વૃક્ષારોપણ કરાયું : વન વિભાગ, વહીવટી તંત્ર અને જનભાગીદારીના ત્રિવેણી સંગમથી પર્યાવરણ જતનનો નવો ઈતિહાસ રચાશે : વિનોદ ચાવડા**

અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના ઐતિહાસિક અને પ્રાકૃતિક મહાત્મ્ય ધરાવતા સતાપર ગામે આવેલા ગોવર્ધન પર્વત ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વન વિભાગ, સામાજિક વનીકરણ રેન્જ અંજારના ઉપક્રમે યોજાયેલા આ વિશેષ

અનુસંધાન પાના નં.૪ પર

## હરિયાળું કચ્છ બનાવવા સૌએ વૃક્ષારોપણ કરવું જોઈએ : ફલજીભાઈ ચૌધરી





### કલ્યાણપર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ : ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીધામ - કચ્છઉદય : તાલુકાના કલ્યાણપર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યગું હતું. અતિથિ વિશેષ પદે સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છ જિલ્લા ભાજપના પ્રભારી ફલજીભાઈ ચૌધરી, તાલુકા મામલતદાર એચ. બી. વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા રહ્યા હતા. કચ્છના વન સંરક્ષક ડો. ધીરજ મિતલ ના માર્ગદર્શન હેઠળ સામાજીક વનિકરણના ડીએફઓ જયંત પટેલ એસીએફ પ્રદીપ વાઘેલાના માર્ગદર્શનમાં કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઉપસ્થિત આગેવાનો અને અધિકારીઓએ આજના સમયમાં વિશ્વભરમા પદુષણ વધ્યું છે. ગરમી દિવસે દિવસે વધી રહી છે. જંગલની કુદરતી સંપદા માનવી સિમેન્ટના જંગલ ઉભા કરવા માટે નાશ કરી રહ્યો છે એટલે દરેકને એક ઝાડ વાવવા માટે અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત સદસ્ય જયદિપસિંહ જાડેજા, ઉમેશભાઈ સોની, મહેન્દ્રસિંહ વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ઢીલા, કચ્છ જિલ્લા ભાજપના પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાપર તાલુકા મા સામાજિક નવીકરણ દ્વારા ત્રિકમ સાહેબના વિરડા, રવેચી મંદિર તથા મોમાયમોરા ખાતે આવેલ મોમાઈ માતાજીના મંદિર પાસે ઓક્સિજન પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી ધાર્મિક સ્થળોએ આવતા યાત્રાળુઓને શુધ્ધ ઓક્સિજન યુક્ત વાતવરણમાં શુધ્ધ હવા મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ચિત્રોડ, આડેસર, રવેચી, ધોરાવીરા, રામવાવ, સુવઈ, ફતેહગઢ, પ્રાગપર, કિડીયાનગર, ગાગોદર તથા ચિત્રોડથી આડેસર સુધીના નેશનલ હાઈવે પર રોડ સાઈટ પર હરિયાળી ક્રાંતિ લાવવા માટે વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. સંસ્થાઓ તથા શાળા, કોલેજ, સરકારી કચેરીઓ તથા દરેક ૮

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**જેઠ વદ - ૫, તા.૫ જૂન, શુક્રવાર**

# ઔદ્યોગિક કચ્છ : પ્રગતિ અને પર્યાવરણનો જટિલ સમીકરણ

## વિશ્વ પર્યાવરણ દિવસઃ શું માત્ર સોશિયલ મીડિયાના સ્ટેટસથી ધરતી બચશે?



આજે ૫ જૂન છે, 'વિશ્વ પર્યાવરણ દિવસ'. સોશિયલ મીડિયા પર પર્યાવરણના ફોટા, વૃક્ષારોપણના વીડિયો અને પર્યાવરણ બચાવવાના સંદેશાઓનો મારો આજે ચોક્કસ જોવા મળશે. પરંતુ પ્રશ્ન એ છે કે, શું આપણે આ દિવસને માત્ર એક 'ડિજિટલ રિચ્યુઅલ' બનાવી દીધો છે? વાસ્તવિકતા એ છે કે વધતી ગરમી અને બદલાતી આબોહવા આપણને ગંભીર ચેતવણી આપી રહી છે કે, હવે માત્ર વાતો નહીં પણ નક્કર સંકલ્પની જરૂર છે.વર્ષ ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પર્યાવરણ અંગેની પ્રથમ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ સ્ટોકહોમમાં યોજાઈ હતી, જેનો ઉદ્દેશ્ય માનવ પ્રવૃત્તિઓ અને પર્યાવરણ વચ્ચેના સંતુલનને સમજવાનો હતો. આ કોન્ફરન્સના ઠરાવ બાદ જ ૧૯૭૪થી દર વર્ષે ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવાનું શરૂ થયું. આ દિવસ આપણને યાદ અપાવે છે કે આપણે પૃથ્વીના માલિક નથી, માત્ર ટ્રસ્ટી છીએ.કચ્છ જિલ્લો આજે ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિનું કેન્દ્ર છે. એક તરફ વિશાળ પોર્ટ્સ, ઉર્જા પ્રોજેક્ટ્સ અને ફેક્ટરીઓ છે, તો બીજી

### ઔદ્યોગિક ઉત્સર્જનઃજળ સંચયનો અભાવઃ ગ્રીન બેલ્ટનો અભાવઃદરિયાઈ પર્યાવરણ જાળવવુ ઘટે

તરફ રણ અને દરિયાઈ જીવસૃષ્ટિનું નાજુક સંતુલન. કચ્છના વિકાસમાં પ્રદૂષણનું પ્રમાણ એક મોટો પડકાર છે. ઉદ્યોગોમાંથી નીકળતો કચરો અને પ્રદૂષિત પાણીની વ્યવસ્થાપન પદ્ધતિઓમાં હજુ ઘણી સુધારણાની જરૂર છે. કચ્છમાં પાણીની અછત રહે છે, છતાં વરસાદી પાણીના સંગ્રહ માટેના મોટા પ્રોજેક્ટ્સ અને જળ રિચાર્જિંગની પ્રક્રિયાઓ ઔદ્યોગિક બેલ્ટમાં વધુ સઘન કરવાની જરૂર છે. ઉદ્યોગોની આસપાસ જે પ્રમાણમાં 'ગ્રીન બેલ્ટ' વિકસાવવો જોઈએ, તે હજુ પૂરતો નથી. મેન્ગ્રોવ્સ (ચેરના

**આ લેખ વાંચ્યા પછી, શું તમે પર્યાવરણ માટે આવનારા એક વર્ષમાં કોઈ એક ચોક્કસ નાનું પરિવર્તન તમારા જીવનમાં લાવવા માટે તૈયાર છો?**

વૃક્ષો)નું રક્ષણ અત્યંત મહત્વનું છે, જે કચ્છના દરિયાકાંઠાનું કુદરતી રક્ષક છે, જેના પર અનેક દબાણો છે. કોણે શું કરવું જોઈએ? એક આહવાન. પર્યાવરણ બચાવવા માટેની જવાબદારી માત્ર સરકારની નથી, પણ દરેક વર્ગની છે.સરકાર અને પ્રશાસનઃ ઔદ્યોગિક વિસ્તારોમાં કડક 'ગ્રીન ઓડિટ' કરાવવું અને ઉદ્યોગોને 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ' નીતિનું પાલન કરાવવું.ઉદ્યોગપતિઓઃ માત્ર પ્રોફિટ નહીં, પણ પર્યાવરણને પ્રાધાન્ય આપતા CSR ફંડનો ઉપયોગ સ્થાનિક પર્યાવરણ સુધારવા (જેમ કે સોલાર એનર્જી અને વૃક્ષારોપણ) માટે કરવો.

# સાડા પાંચ વર્ષના માસૂમ સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યના પ્રયાસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**ભુજની વિશેષ પોક્સો અદાલતનો કડક ચુકાદો; પીડિત બાળકને રૂ. ૪ લાખ વળતર ચૂકવવાની ભલામણઃ જાતીય સતામણી, અશ્લીલ હરકતો અને દુષ્કૃત્યના પ્રયાસનો ગુનો સાબિત થતાં આરોપી દોષિત ઠેરવાયો**

ભુજ - કચ્છઉદય : કચ્છમાં સાડા પાંચ વર્ષના નિર્દોષ બાળક સાથે જાતીય સતામણી અને સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરવાનો પ્રયાસ કરનાર આરોપી સામે ભુજની વિશેષ પોક્સો અદાલતે કડક વલણ અપનાવી ઐતિહાસિક ગણાય તેવો ચુકાદો આપ્યો છે. અદાલતે આરોપી બળદેવપુરી ઉર્ફે બળુ દયાલપુરી ગુંસાઈ (રહે. મોટી તુંબડી, તા. મુન્દ્રા)ને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૨૮ હજારના દંડની સજા ફટકારી છે. સાથે જ પીડિત બાળકના પુનઃસ્થાપન માટે રૂ. ૪ લાખના વળતરની ભલામણ પણ કરવામાં આવી છે.

કેસની વિગતો મુજબ તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ નોંધાયેલી ફરિયાદ અનુસાર આરોપીએ પાંચ રૂપિયાની લાલચ આપી માત્ર સાડા પાંચ વર્ષના બાળકને પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં તેણે બાળક સાથે અશ્લીલ હરકતો કરી જાતીય સતામણી આચરી હતી તેમજ તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાથી બાળક ભયભીત થઈ ગયો હતો અને બાદમાં સમગ્ર હકીકત પરિવારજનો સમક્ષ બહાર આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પ્રાગપર પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા તથા પોક્સો કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન પોલીસ દ્વારા વૈજ્ઞાનિક, દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. તપાસ પૂર્ણ થયા બાદ પ્રાગપર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. સીમ્પીએ આરોપી વિરુદ્ધ સશક્ત ચાર્જશીટ અદાલતમાં રજૂ કરી હતી. આ કેસની સુનાવણી ભુજ સ્થિત વિશેષ પોક્સો અદાલતના ન્યાયાધીશ જે.એ. ઠક્કર સમક્ષ ચાલી હતી. ટ્રાયલ દરમિયાન પ્રોસિક્યુશન દ્વારા ૧૫ દસ્તાવેજી પુરાવાઓ તથા ૧૨ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે પોતાના ચુકાદામાં પોક્સો કાયદાની કલમ ૫(એલ) અને ૬ હેઠળ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂ. ૨૫ હજારના દંડની સજા ફટકારી હતી. ઉપરાંત પોક્સો કાયદાની કલમ ૭ અને ૮ હેઠળ એક વર્ષની સખત કેદ તથા રૂ. ૨ હજારનો દંડ અને કલમ ૧૧(૬) તથા ૧૨ હેઠળ છ માસની સખત કેદ તથા રૂ. ૧ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડની રકમ નહીં ભરાય તો વધારાની કેદ ભોગવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. ચુકાદામાં અદાલતે પીડિત બાળકના ભવિષ્યને ધ્યાનમાં રાખી મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા છે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને બાળકને રૂ. ૪ લાખનું વળતર ચૂકવવા માટે ભલામણ કરવામાં આવી છે. ઉપરાંત આરોપી પાસેથી વસૂલ થનાર દંડની રકમ પણ પીડિત બાળકને ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. અદાલતે બાળ કલ્યાણ સમિતિ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમને પણ બાળકના શિક્ષણ, માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક પુનઃસ્થાપન અંગે વિશેષ કાળજી રાખવા સૂચના આપી છે. સંબંધિત વિભાગોને બાળક તથા તેના પરિવાર સાથે સતત સંપર્કમાં રહી જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડવા આદેશ કરવામાં આવ્યો છે. આ કેસમાં સરકાર પક્ષ તરફથી મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ અસરકારક દલીલો રજૂ કરી હતી, જ્યારે પીડિત બાળકના કાનૂની સહાયક તરીકે એડવોકેટ માલશ્રીબેન ટી. ગઢવી હાજર રહ્યા હતા.

## કચ્છમાં ૯મી જૂન સુધી હથિયારબંધી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં યોજાનારા ધાર્મિક તહેવારો - મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કચ્છના જિલ્લા મેજિસ્ટ્રેટે તા.૯/૬ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે. આ જાહેરનામા અન્વયે હથિયાર લઈ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઈ વ્યતક્તિ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**હાલના PI સ્ટેશનોને EI અને MSDAC સાથે બદલવા**

**ટેન્ડર નં.:** SnT_W_RJT_EPC_26-01 **કાર્યનું નામ અને તેનું સ્થાન:** 18 સ્ટેશનો ખાતે સિગ્નલિંગ અને ટેલિકોમ ઉપકરણો સાથે બિલ્ટ બ્લોક વર્કિંગમાં અને EI, MSDAC સાથે હાલના PI સ્ટેશનો નું કોડેલ લાઈફ આધારિત બદલીકરણ. ડિઝાઈન, આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમીશનીંગ. **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 158,02,86,348.00/- (એકસો અઠ્ઠાવન કરોડ બે લાખ છિયાશી હજાર ત્રણસો અડતાલીસ રૂપિયા માત્ર) **જમા કરવાની ઈએમડી:** ₹31,60,5800.00 **ટેન્ડર દસ્તાવેજની કિંમત:** 0.00 **પૂર્ણતા સમયગાળો:** 24 મહિના **ઑફરની માન્યતા:** 180 દિવસ **ઈ-ટેન્ડરનો પ્રકાર:** ઓપન ઈ-ટેન્ડર **ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ:** 27/07/2026 ના રોજ 15:00 કલાકે. **વેબ સાઈડ વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરે:** http://www.ireps.gov.in ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર/વર્ક્સ, બીજો માળ ડીઆરએમ ઓફિસ કેમ્પસ, પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડર પોર્ટલ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર જમા કરવાની રહેશે. ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર માન્ય નથી અને આવી કોઈપણ મેન્યુઅલ ઓફર પર વિચાર કરવામાં નહીં આવે. RJT 043

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**જાહેર હરાજી – નિવિદા**

આથી શ્રી જીઆઇડીસી પં પ્રા શાળા ગાંધીધામ (કચ્છ) ના શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત, કચ્છ-ભુજ દ્વારા જીઆઇડીસી ઝુપડપટ્ટી પં પ્રા શાળા, સેકટર ૧૦- બી, ગાંધીધામમાં આવેલ પાકા રૂમ- ૧ (એક) જર્જરિત હાલતમાં હોઇ તોડી તેનો કાટમાળ લઇ જવાની શરતે જાહેર હરરાજી શ્રી જીઆઇડીસી ઝુપડપટ્ટી પં પ્રા શાળા, સેકટર ૧૦-બી, ગાંધીધામ મધ્યે તા. ૧૧/૦૬/૨૦૨૬ ગુરૂવારના સવારે ૧૦:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

હરરાજીમાં ઉપસ્થિત વ્યક્તિઓને હરરાજી અંગેની શરતો વાંચી સંભળાવવામાં આવશે.

અધ્યક્ષશ્રી,
શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)
શ્રી જીઆઈડીસી ઝુપડપટ્ટી પં.પ્રા. શાળા

લાલજીભાઈ સોલંકી
આચાર્યશ્રી,
શ્રી જીઆઈડીસી ઝુપડપટ્ટી
પં.પ્રા. શાળા, ગાંધીધામ-કચ્છ.

**સેમ કન્ઝુમર્સ કો-ઓ સોસાયટી લી. (સુચિત)**

પ્લોટ નં. ૭, સર્વે નં. ૯૩, ધ્રબ, મુંદરા-કચ્છ.

**સેમ કન્ઝુમર્સ કો-ઓ સોસાયટી લી.(સુચિત)** પ્લોટ નં. ૭, સર્વે નં. ૯૩, ધ્રબ, મુંદરા-કચ્છ મુંદરા-કચ્છ. અમો મુંદરા તાલુકા વિસ્તાર ના સભ્યો સુચિત સેમ કન્ઝુમર્સ કો-ઓ સોસાયટી લી., મુંદરા-કચ્છ ની નોંધણી કરાવવા માંગતા હોઈ આ સંબંધે આ વિસ્તારની સંબંધિત મંડળીઓને કોઇ વાંધો હોય તો જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૭ માં લેખિતમાં જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, ભુજ-કચ્છ ખાતે વાંધો નોંધાવવા વિનંતી.

(મીંઢાણી હરીભાઈ કરશનભાઈ)
મુખ્ય પ્રયોજક
સુચિત સેમ કન્ઝુમર્સ કો-ઓ સોસાયટી લી.
મુંદરા-કચ્છ

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**

**અરજદારશ્રી જયા પંજવાણી,** અરજી નં. ૯૨/૨૦૨૬
રહે. C-1 ૯૦૩, બ્રમ્હા સનસીટી, વડગાવ શેરી, પુને, મહારાષ્ટ્ર-૪૧૧૦૧૪,
હાલે, મ. નં.-૮૩, સેક્ટર-૪ ઓસ્લો, ગાંધીધામ-કચ્છ. .................... અરજદાર
**વિરૂધ્ધ**
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ........................ સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ– શ્રી અરજદારશ્રી જયા પંજવાણી, રહે. C-1 ૯૦૩, બ્રમ્હા સનસીટી, વડગાવ શેરી, પુને, મહારાષ્ટ્ર–૪૧૧૦૧૪, હાલે – મ. નં –૮૩, સેક્ટર–૪ ઓસ્લો, ગાંધીધામ–કચ્છ ની ૨૧/૦૫/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી જયા પંજવાણી, રહે. C-1 ૯૦૩, બ્રમ્હા સનસીટી, વડગાવ શેરી, પુને, મહારાષ્ટ્ર-૪૧૧૦૧૪, હાલે -મ.નં -૮૩, સેક્ટર-૪, ઓસ્લો, ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના પુત્ર રોહિત પવન પંજવાણી નો જન્મ તા.૦૧/૦૨/૧૯૭૮ ના રોજ SDB -29 બંગ્લોઝ, આદીપુર-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેમના પુત્રના જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૯૨/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઇને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૩/૦૬/૨૦૨૬

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.

**બી. વી. ચાવડા, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં**

**જાહેર નોટીસ** જન્મ-નોંધણી/રજિ.નં.૩૫/૨૦૨૬

**શ્રી સરાણીયા સુગરાબાઈ હાસમ**
રહે. મદીના નગર, તા. અંજાર-કચ્છ. ......................... અરજદાર
**વિરૂધ્ધ**
ચીફ ઓફિસરશ્રી, અંજાર નગરપાલિકા,
તા.અંજાર-કચ્છ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી સરાણીયા સુગરાબાઈ હાસમ રહે. મદીના નગર, તા.અંજાર-કચ્છ. તરફથી તા.૦૭/૦૨/૨૦૨૬ વાળી અરજીથી તેઓના પુત્રી સરાણીયા તાહેરા હાસમ નો જન્મ તા.૨૫/૦૭/૧૯૮૫ ના રોજ ખોજા શેરી, ગંગાનાકા, અંજાર તાલુકા મધ્યે થયેલ છે. પરંતુ જન્મ નોંધણી થયેલ ન હોવાનું જણાવી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મ અરજી નં. ૩૫/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ જન્મ નોંધણી જે તે વખતે શરતચૂક તથા કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસ્મોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

(બી. વી. ચાવડા)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજાર જિ.કચ્છ

તારીખ- ૩૦/૦૫/૨૦૨૬

**::: જાહેર નોટિસ કમ ચેતવણી :::**

આથી અમો નીચે સહી કરનાર

(૧) **ભારમલ નામોરી મહેશ્વરી** ઉ. વ.પુખ્ત, તથા (૨) **જમણાબેન ભારમલ મહેશ્વરી** ઉ. વ.૫૦ વર્ષ આશરે, બંને રહે પ્લોટ નં. ૮૩/૧, ઓમ વિલા, રે. સ. ન.૩૫૦/૧/પૈકી-૨, તાલુકાઃ અંજાર, જી. કચ્છ.

આ જાહેર નોટિસ દ્વારા લગતા-વળગતા તમામ જાહેર જનતા, બેન્ક, નાણાકીય સંસ્થા તથા સંબંધિત સત્તાધિકારીઓને જાણ તથા ચેતવણી આપવામાં આવે છે કે, મોજે અંજાર, ડિસ્ટ્રીકટ કચ્છ ખાતે આવેલ બિનખેતી જમીન નામે 'ઓમ વિલા', રે. સ. ન. ૩૫૦/૧/પૈકી-૨ વાળી જમીનમાં આવેલ પ્લોટ નં. ૮૩/૧, ક્ષેત્રફળ ૪૮.૦૦ ચો. મી. વાળી રહેણાંક મિલકતના અમો કાયદેસર કબજેદાર, ભોગવટેદાર તથા હકદાર છીએ.

અમારા પુત્ર સ્વ. રાજેશ ભારમલ મહેશ્વરીનું તા. ૧૦/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ છે. હિન્દુ વરસાઈ કાયદો, ૧૯૫૬ ની કલમ ૮ મુજબ વર્ગ-૧ ના વારસદાર તરીકે પત્ની, પુત્રી તથા માતા સમાન હિસ્સેદાર હકદાર થાય છે. તેથી માતા જમણાબેન ભારમલભાઈ મહેશ્વરી નો પણ ઉપરોક્ત મિલકતમાં કાયદેસર વરસાઈ હક તથા હિસ્સો પ્રાપ્ત થાય છે.

તેમ છતાં ઉપરોક્ત હકીકત છુપાવી અમારી પુત્રવધૂ શ્રીમતી પ્રિતી રાજેશ મહેશ્વરી તથા સગીર પોત્રી પ્રાચી રાજેશ મહેશ્વરી દ્વારા અમારી જાણ બહાર તથા અમારા હક હિત ને બાધ આવે તે રીતે તા. ૦૫/૦૨/૨૦૨૪ ના રોજ વારસાઈ નોંધ નં. ૧૫૬૨૮ એકતરફી રીતે દાખલ કરાવી પ્રમાણિત કરાવવામાં આવેલ છે. જે ગેરકાયદેસર, ખોટી તથા વિવાદાસ્પદ છે.

ઉપરોક્ત ગેરકાયદેસર વારસાઈ એન્ટ્રી નં. ૧૫૬૨૮ રદ કરાવવા માટે અમોએ માનનીય નાયબ કલેકટરશ્રી, અંજાર સમક્ષ તા. ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ અપીલ અરજી દાખલ કરેલ છે, જે હાલે પેન્ડિંગ તથા વિચારાધીન છે.

આથી જાહેર જનતા તથા સંબંધિત તમામને ખાસ ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ પ્રકારનો ખરીદ-વેચાણ, બાનાખત, સાટાખત, ગીરોખત, હસ્તાંતરણ કે, કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશો નહી તથા કોઈપણ પ્રકારની રકમ ચૂકવશો નહી.

જો કોઈ વ્યક્તિ, સંસ્થા કે બેંક ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તે પોતાના જોખમે તથા જવાબદારી ઉપર ગણાશે અને તેવો વ્યવહાર ચાલુ વિવાદના અંતિમ પરિણામને આધીન રહેશે. વધુમાં તેવા વ્યવહાર કરનાર વિરૂદ્ધ અમો દ્વારા જરૂરી રેવન્યુ, દીવાની તથા ફોજદારી કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો.

**સ્થળ : અંજાર**
**તા. ૦૪/૦૬/૨૦૨૬**
**લિ.**
**(૧) ભારમલ નામોરી મહેશ્વરી**
**(૨) જમણાબેન ભારમલભાઈ મહેશ્વરી.**
**નોટિસ આપનાર તરફ થી**
**એડવોકેટ શ્રી પી. એલ. ખાન**








Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

### અધૂરા કામો અને પૂર્ણ બિલો? ગાંધીધામની 'નલ સે જલ' યોજનામાં ગેરરીતિના આક્ષેપ



# મહીસાગરથી મોટું કૌભાંડ ગાંધીધામમાં?

**નલ સે જલ યોજનાના ૧૩૩ કરોડ પર સવાલો**

### ૧૩૩ કરોડથી વધુના કામોની મહાનગરપાલિકાની ચૂંટાયેલી નવી બોડી તટસ્થ તપાસ કરાવે : દોષિતો સામે દાખલ કરે એફઆઈઆર

**નવી મહાનગરપાલિકા બોડી દ્વારા ટેકનિકલ અને નાણાકીય ઓડિટ કરાવવાની ઉઠી માંગ : ખોદકામ દરમિયાન બહાર દેખાતી પાઇપલાઇનોથી કામોની ગુણવત્તા સામે ઉઠ્યા પ્રશ્નો : મુખ્ય લાઇન નાખાઈ પરંતુ અનેક વિસ્તારોમાં ઘરઘર જોડાણ ન મળ્યાની ચર્ચા : અધિકારીઓ, જવાબદારો અને ઠેકેદારોની ભૂમિકા તપાસવાના અવાજો તેજ: પંચમહાલ-મહીસાગર જેવી કાર્યવાહી ગાંધીધામમાં પણ થશે કે કેમ તે ચર્ચાનો વિષય કરોડોના બિલો કોના કહેવાથી મંજૂર થયા તેની ઊંડાણપૂર્વક તપાસની માંગ : પ્રજાના ટેક્સના નાણાંનો યોગ્ય ઉપયોગ થયો કે નહીં તે અંગે સવાલો : તટસ્થ તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવવાની જાણકારોની શક્યતા.**

## આ મુખ્ય સવાલો કરશે કંઈક ધડાકા ?

● ૧૩૩ કરોડની રકમમાંથી કયા કામ પાછળ કેટલો ખર્ચ થયો? ● કેટલા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા અને કોને મળ્યા? ● કેટલા કિલોમીટર પાઈપલાઈન નાખવામાં આવી? ● કેટલા ઘરગથ્થુ જોડાણો આપવાના હતા અને કેટલા આપવામાં આવ્યા? ● પૂર્ણતા પ્રમાણપત્ર કોણે આપ્યા? ● કામો પૂર્ણ થયા પહેલાં બિલો ચૂકવાયા હતા કે નહીં? ● ગુણવત્તા ચકાસણીના અહેવાલો ક્યાં છે? ● પાણીની સમસ્યા યથાવત કેમ છે? ● નાગરિકોને યોજનાનો વાસ્તવિક લાભ કેટલો મળ્યો?

જો વર્તમાન બોડી આ તમામ મુદ્દાઓ પર નિષ્પક્ષ તપાસ કરાવે તો 'નલ સે જલ' યોજનામાં થયેલા ખર્ચ અને કામોની વાસ્તવિક સ્થિતિ પ્રજા સમક્ષ આવી શકે છે અને ગેરરીતિ સાબિત થાય તો જવાબદારો સામે કડક કાર્યવાહીનો માર્ગ ખુલ્લો બની શકે છે.

## વર્તમાન બોડીએ તાત્કાલિક ધોરણે લેવા જેવા પગલાં...

ગાંધીધામમાં 'નલ સે જલ' યોજના અંતર્ગત થયેલા ૧૩૩ કરોડથી વધુના ખર્ચ અંગે ઉઠી રહેલા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાની નવી બોડીએ પારદર્શિતા અને જવાબદારીના ધોરણે નીચે મુજબની તપાસ અને કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

**૧. સમગ્ર યોજનાનું સ્પેશિયલ ઓડિટ :** યોજનાના પ્રારંભથી અંત સુધીના તમામ ટેન્ડર, વર્ક ઓર્ડર, બિલ, માપપુસ્તકો (Measurement Books), ચુકવણીઓ અને ટેકનિકલ મંજૂરીઓનું સ્વતંત્ર એજન્સી દ્વારા વિશેષ ઓડિટ કરાવવું.

**૨. થર્ડ પાર્ટી ટેકનિકલ ઇન્સ્પેક્શન :** સરકારી વિભાગથી અલગ અને નિષ્પક્ષ ટેકનિકલ સંસ્થા દ્વારા શહેરભરમાં નાખવામાં આવેલી પાઇપલાઇન, વાલ્વ, ઓવરહેડ ટાંકી, પમ્પિંગ સ્ટેશન અને ઘરગથ્થુ જોડાણોની ભૌતિક ચકાસણી કરાવવી.

**૩. પાઇપલાઇનનું GIS અને ગ્રાઉન્ડ વેરિફિકેશન :** નકશા મુજબ જે પાઈપલાઈન દર્શાવવામાં આવી છે તે ખરેખર જમીન પર અસ્તિત્વમાં છે કે નહીં તેની GIS મેપિંગ અને ગ્રાઉન્ડ સર્વે દ્વારા ચકાસણી કરવી.

**૪. બિલ સામે કામની સરખામણી :** જે કામોના બિલો ચૂકવાઈ ગયા છે તે કામો વાસ્તવમાં પૂર્ણ થયા છે કે નહીં તેની સ્થળ પર જઈ ચકાસણી કરવી. જ્યાં કામ અધૂરું હોય ત્યાં જવાબદારો નક્કી કરવા.

**૫. ઘરગથ્થુ જોડાણોની તપાસ** : કેટલા ઘરોને પાણીના જોડાણ આપવાના હતા અને વાસ્તવમાં કેટલાને મળ્યા તેની વોર્ડવાર યાદી તૈયાર કરીને જાહેર કરવી.

**૬. જવાબદાર અધિકારીઓ અને ઠેકેદારોની ભૂમિકા નક્કી કરવી :** યોજનાના અમલીકરણ દરમિયાન ફરજ બજાવનાર મુખ્ય અધિકારીઓ, ઈજનેરો, કન્સલ્ટન્ટ અને ઠેકેદારોની જવાબદારી નક્કી કરવી.

**૭. વિજિલન્સ અથવા એન્ટી કરપ્શન તપાસની ભલામણ :** પ્રાથમિક તપાસમાં ગેરરીતિ જણાય તો રાજ્ય સરકારને વિજિલન્સ, ACB અથવા અન્ય સ્વતંત્ર તપાસ એજન્સી દ્વારા તપાસ સોંપવાની ભલામણ કરવી.

**૮. તમામ દસ્તાવેજો જાહેર કરવા :** ટેન્ડર, વર્ક ઓર્ડર, બિલ, પૂર્ણતા પ્રમાણપત્ર અને ટેકનિકલ મંજૂરીઓ મહાનગરપાલિકાની વેબસાઈટ પર જાહેર કરવી.

**૯. વોર્ડવાર જાહેર સુનાવણી** : નાગરિકો પાસેથી ફરિયાદો અને સૂચનો મેળવવા માટે વોર્ડવાર જાહેર સુનાવણીઓ યોજવી જેથી જમીની હકીકતો બહાર આવી શકે.

**૧૦. જવાબદારો સામે વસૂલાતની કાર્યવાહી :** જો તપાસમાં અધૂરા અથવા ધોરણવિહોણા કામો સામે આવે તો સંબંધિત ઠેકેદારો પાસેથી નુકસાનની વસૂલાત અને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી કરવી.

**૧૧. ફોજદારી ગુનો નોંધાવવો** : ખોટા બિલ, ખોટા પ્રમાણપત્રો, કાગળ ઉપર કામ દર્શાવવાના અથવા સરકારી નાણાંના દુરુપયોગના પુરાવા મળે તો જવાબદારો સામે ફોજદારી ફરિયાદ નોંધાવવી.

**૧૨. હાઇ લેવલ કમિટી રચવી :** નિવૃત્ત ન્યાયાધીશ, ટેકનિકલ નિષ્ણાત, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને નાગરિક પ્રતિનિધિઓની સમિતિ બનાવી સમગ્ર મામલાની દેખરેખ રાખવી.

ગાંધીધામ : ગાંધીધામ શહેરમાં કેન્દ્ર અને ગુજરાત સરકારની મહત્ત્વાકાંક્ષી 'નલ સે જલ' યોજના અંતર્ગત ફાળવવામાં આવેલી ૧૩૩ કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટના ઉપયોગ અંગે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. શહેરી વિસ્તારોમાં લોકોને શુદ્ધ પીવાનું પાણી સરળતાથી મળી રહે અને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે હેતુથી આ યોજના અમલમાં મુકાઈ હતી, પરંતુ આજે પણ શહેરના અનેક વિસ્તારોમાં લોકો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે.જાણકાર વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે યોજનાના અમલીકરણ દરમિયાન વિવિધ તબક્કે ગંભીર બેદરકારી, લાપરવાહી અથવા તો મોટા પાયે ગેરરીતિઓ થઈ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આ જ યોજનાને લઈને થયેલી ફરિયાદોના આધારે અધિકારીઓ, કર્મચારીઓ અને ઠેકેદારો સામે ફોજદારી કાર્યવાહી સુધીની સ્થિતિ સર્જાઈ ચૂકી છે. ત્યારે ગાંધીધામમાં પણ સમાન પ્રકારની ગેરરીતિઓ થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે તે સમયના નગરપાલિકાના જવાબદારો અને સંકળાયેલી ઠેકેદાર પેઢીઓની સાંઠગાંઠના કારણે અનેક કામો અધૂરા અથવા ધોરણવિહોણા રીતે કરવામાં આવ્યા હોઈ શકે છે. શહેરના કેટલાક વિસ્તારોમાં મુખ્ય વોટર લાઈન હોવા છતાં ઘરઘર સુધી જરૂરી પાઈપ જોડાણો આપવામાં આવ્યા ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. હાલમાં શહેરમાં વિવિધ વિકાસકાર્યોને પગલે ખોદકામ દરમિયાન ઘણી જગ્યાએ પાઈપલાઈન બહાર દેખાઈ રહી છે, જેના કારણે કામોની ગુણવત્તા અને પૂર્ણતાને લઈને નવા પ્રશ્નો ઉભા થયા છે.આશ્ચર્યની વાત એ પણ છે કે ૧૩૩ કરોડથી વધુના ખર્ચ છતાં આજદિન સુધી કોઈ જાગૃત નાગરિક, સામાજિક સંસ્થા કે અન્ય કોઈ પક્ષ દ્વારા સમગ્ર યોજનાની વિગતો મેળવી ઊંડાણપૂર્વક તપાસની માંગ કરવામાં આવી નથી. જેના કારણે સમગ્ર મામલે અનેક શંકાઓ વધુ મજબૂત બની રહી છે.તાજેતરમાં ગાંધીધામ મનપામાં નવી બોડી સત્તામાં આવી છે. શહેરના હિતમાં નવી ચૂંટાયેલી પાંખે પૂર્વ નગરપાલિકા કાળ દરમિયાન 'નલ સે જલ' યોજના હેઠળ થયેલા તમામ કામોની તટસ્થ અને ટેકનિકલ ચકાસણી કરાવવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે. યોજનામાં મંજૂર કરાયેલા કામો વાસ્તવમાં પૂર્ણ થયા હતા કે નહીં, બિલો કોના આધારે મંજૂર કરાયા, કયા અધિકારીઓએ મંજૂરી આપી, કઈ ઠેકેદાર પેઢીઓને કરોડો રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું અને પ્રજાના કરવેરાના નાણાંનો યોગ્ય ઉપયોગ થયો કે નહીં તેની ઊંડાણપૂર્વક તપાસ જરૂરી હોવાનું જણાવાઈ રહ્યું છે.સ્થાનિક જાણકારોના મતે જો સમગ્ર પ્રકરણની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો પંચમહાલ-મહીસાગર જિલ્લામાં સામે આવેલા કૌભાંડ કરતાં પણ મોટું કૌભાંડ ગાંધીધામની 'નલ સે જલ' યોજનામાં બહાર આવવાની શક્યતા રહેલી છે. તેથી રાજ્ય સરકાર, મહાનગરપાલિકા અને સંબંધિત તપાસ એજન્સીઓએ સમગ્ર મામલે ગંભીરતા દાખવી પારદર્શક તપાસ હાથ ધરે તેવી લોકમાગ ઉઠી રહી છે.

## વિશ્વ દૂધ દિવસની ઉજવણી અંતર્ગત પશુપાલકોને સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ સમજાવાયું

ભુજ - કચ્છઉદય : પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, ભુજ દ્વારા સરહદ ડેરી, કચ્છના સહયોગથી કોડકી ગામે વિશ્વ દૂધ દિવસ ઉજવણી - ૨૦૨૬ તથા મહિલા પશુપાલકોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણનિયામક ડૉ. જે.એસ. પટેલ, મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. એચ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. એન.બી. પટેલ, ડૉ. દીનદયાલ, ડૉ. એ.આર. અહલાવત અને તેમની ટીમ તેમજ પશુવિજ્ઞાન કેન્દ્ર, મુન્દ્રાના ઈન્ચાર્જ ડૉ. એચ.બી. નળિયાપરાના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૧૫૦થી વધુ મહિલા પશુપાલકો તથા ગ્રામજનોએ ભાગ લીધો હતો. આચાર્ય ડૉ. એચ.બી. પટેલ દ્વારા મુખ્ય અતિથિ વલમજીભાઈ હુંબલ (ચેરમેન, સરહદ ડેરી), હરેશ ડી. ભંડેરી (કારોબારી ચેરમેન જિલ્લા પંચાયત, કચ્છ), દેવશીભાઈ (તાલુકા પંચાયત સભ્ય), નીરજ શર્મા (ડી.ડી.એમ. નાબાર્ડ) તથા અન્ય મહાનુભાવોનું શાલ અર્પણ કરીને સ્વાગત કરાયું હતું.

વિશ્વ દૂધ દિવસની ઉજવણી અંતર્ગત પશુપાલકોને સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ, દૂધની ગુણવત્તા જાળવવાના ઉપાયો તેમજ બાવલાના રોગો અને તેના નિવારણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પશુપાલકોને ખનીજ મિશ્રણના ઉપયોગ અને દૂધ ઉત્પાદન વધારવાના સોનેરી ઉપાયો અંગે માહિતી ડૉ. એચ. બી. નળિયાપરા દ્વારા આપવામાં આવી હતી. પશુવિજ્ઞાન કેન્દ્ર, મુન્દ્રા દ્વારા ખનીજ મિશ્રણ કીટ તથા વિસ્તરણ સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. પશુપાલક ઉપયોગી ફોલ્ડર ઊંટ ઉત્પાદનો- આરોગ્ય અને આવાકનો આધારનું વિમોચન કરવામાં આવેલ હતું. આર્થિક ઉપાર્જન સબળ બનાવવા દૂધના મૂલ્યવર્ધનની અગત્યતા તથા પ્રશ્નોતરી દ્વારા ડૉ. પ્રાકૃતિક ભાવસારએ માહિતગાર કરેલ હતા. ડૉ. એ.આર. અહલાવત, પ્રાધ્યાપક અને વડા એ.જી.બી. વિભાગ દ્વારા આભારવિધિ કરી હતી.

## રાપરના ખેડૂતોની વીજ લાઇનના વળતર માટે કલેક્ટરને રજૂઆત

રાપર - કચ્છઉદય : રાપર તાલુકાના ઉમૈયા ગામના ખેડૂતોએ ૪૦૦ કેવી વીજ લાઈનના વળતર અંગે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના લાકડિયા પુલિંગ સ્ટેશન પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોની જમીન પર ટ્રાન્સમિશન લાઈનના થાંભલા અને વાયરિંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને લેખિત અરજી આપીને માંગ કરી છે કે તેમની જમીન, પાક, વૃક્ષો અને મિલકતને થયેલા નુકસાન તથા જમીન પર પડેલા કાયમી પ્રભાવ બદલ તેમને ન્યાયી વળતર આપવામાં આવે. ખેડૂતોએ રજૂઆત કરી છે કે વળતરની ગણતરી માત્ર કાગળ પરના આંકડાકીય મૂલ્યના આધારે નહીં, પરંતુ ભારતીય રૂપિયાની વાસ્તવિક ખરીદશક્તિ અને ઐતિહાસિક સોનાના ધોરણને ધ્યાનમાં રાખીને થવી જોઈએ. રાઈટ ઓફ વે અને જમીનના વપરાશ પરના પ્રતિબંધોને ધ્યાને લઈને યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવે તેવી માંગ લાલજીભાઈ વેણ, રમેશભાઈ વેણ, પુંજાભાઈ હરજિન, સતીશભાઈ ચૌધરી, ખીમજીભાઈ ગામી, ગવરીબેન વેણ, મોંઘીબેન આરેઠીયા, દેવજીભાઈ વાઘડા, ગેલાભાઈ



ગામી સહિતના અસરગ્રસ્તોએ કરી છે. આ વેળાએ રામજી મહારાજ, ગોવિંદ મહારાજ, સંજયભાઈ, જેઠાભાઈ કોલી, મનસુખભાઇ, કાર્તિક મહારાજ, વાસુભાઈ, મેરૂભાઈ કોલી, પ્રતાપભાઇ, હીરાભાઈ, દેવરાજભાઈ પટેલ, મૂળજી પટેલ, વીરાભાઇ રબારી, હિરજીભાઈ પુંજા, વેલજીભાઈ આરેઠીયા, લાલજીભાઈ, ગોવિંદભાઈ ગામી વગેરે હાજર રહ્યા હતા.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
MAULIK™ Telecom
Multi Brand Mobile Showroom
हमेशा स्माइल वाली शोपिंग !
0% FINANCING
સરળ હપ્તે લોન
SAMSUNG vivo oppo ONEPLUS iPhone
12 Mtr Road, Anjar Mo. 7016018550 | Nr. Gandhi Market, Gandhidham Mo. 7016018549 | 64 Bazar, Adipur Mo. 7016018553

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
પ્રહલાદસિંહ ગોહિલ
માધાપર, તા.ભુજ-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
રમેશભાઈ આહિર
સદસ્ય, જિલ્લા પંચાયત,
માધાપર, ભુજ-કચ્છ.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



The Fern Residency, Bhuj is a midscale 43 room hotel offering a finely designed multi cuisine restaurant, a swimming pool and 3 state-of-art banquet halls. The Hotel is the richest village in Asia - Madhapar and is hust 05 km from the city centre, with an easy access to public transport and the major sightseving attractions town.



Bhuj-Anjar Road, Madhapar,
Bhuj-370 020, Kutch, Gujarat, India
T: +91 2832 - 241234 / 242134
E: fom.fr.bhuj@fernhotels.com
www.fernhotels.com
THE FERN Residency BHUJ
Leading environmentally sensitive hotel

HAPPY BIRTHDAY
સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં ''સરહદના સંત્રી''ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...
MMS
Infratech Private Limited
"AA" Class Govt. Approved
Contractors & Engineers
Registered Office : House No. 60, Shrimali Colony,
Near Police Line, New Anjar (Kutch), Gujarat, Pin : 370 110
Tel. : 02836-243892, 242372, Fax : 02836-244676
E-mail : ramesh.sorathiya@gmail.com,
mmsinfratech@gmail.com

# ગાંધીધામમાં "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ

## ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી,મેયર દિવ્યાબેન નાથાણી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય સહિતનાઓની રહી વિશેષ ઉપસ્થિતી














વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી ગાંધીધામ શહેર દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત આદિપુર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, આગેવાનો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણી તથા જિલ્લા મહામંત્રી શ્રી ધવલભાઈ આચાર્યની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આગેવાનોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો તેમજ દરેક નાગરિકને પોતાના માતાના નામે એક વૃક્ષ વાવી તેના જતનનો સંકલ્પ લેવા અપીલ કરી હતી.વક્તાઓએ જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર પર્યાવરણનું સંતુલન જાળવવામાં જ નહીં પરંતુ આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ જીવન આપવા માટે પણ અત્યંત જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ સાથે વૃક્ષોના જતન અને સંવર્ધન અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થતાં ઉપસ્થિત સૌએ પર્યાવરણ બચાવવાના સંકલ્પ સાથે હરિયાળું અને સ્વચ્છ ભારત નિર્માણમાં યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.નવીન ઝરૂ, તેજશ શેઠ, મુલજીભાઈ આહીર, મોમાયભા ગઢવી, ભરત મીરાણી, સુરેશ ધુવા, મહેન્દર જુણેજા, તેમાજ પ ાર્ટી આને સંગઠન ના હોડેદરો ઉપસ્થિત રહયા હતા.

### સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ લિમિટેડ દ્વારા પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણ કરાયું

ભચાઉ - કચ્છઉદય : જુના કટારિયા ખાતે આવેલી સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પર્યાવરણ દિવસ નિમિતે કંપનીના ચેરમેન ચેતન કોન્ટ્રાકટર દ્વારા કંપનીના સ્ટાફને શુભેચ્છા પાઠવી હતી. વૃક્ષ વાવાનું અને વૃક્ષ એ જ જીવન છે તેવો મંત્ર આપ્યો હતો. મેનેજર વેમા રેડ્ડી, ધર્મિન લાડ, રાજેશ પલટાસિહ સહિતના અન્ય સ્ટાફ હાજર રહ્યો હતો. કંપની દ્વારા દર વર્ષે વૃક્ષ વાવેતર કવરામાં આવેલ અને આ વિસ્તારની જમીન હરિયાળી બને તેવી નેમ વ્યક્ત કરી હતી. કંપની દ્વારા આ વિસ્તારમાં આવેલ ગામોના કામોમાં સહભાગી બની વધુ વૃક્ષો વાવવાનું આહવાન કરેલ હતું.

પહેલા પાનાથી...
## કચ્છમાં વૃક્ષારોપણ જ અમોઘ શસ્ત્ર





કાર્યક્રમમાં પર્યાવરણીય સંતુલન જાળવવાના ઉમદા આશય સાથે વ્યાપક સ્તરે વૃક્ષારોપણ અને જનજાગૃતિ શિબિર સંપન્ન થઈ હતી. આ સમગ્ર ગરિમાપૂર્ણ આયોજનમાં ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઈ બી. છાંગા મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ હસ્તે છોડ રોપીને આ મહાઅભિયાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અંજારના સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય ત્રીકમદાસજી મહારાજે ઉપસ્થિત રહીને સમગ્ર પર્યાવરણીય પ્રવૃત્તિઓને પોતાના મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ વચ્ચે પર્યાવરણના રક્ષણ માટે સામૂહિક સંકલ્પો લેવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ અને રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, વન વિભાગના માધ્યમથી આયોજિત આ વૃક્ષારોપણ અને જાગૃતિ શિબિર માત્ર એક દિવસીય પ્રતીકાત્મક કાર્યક્રમ બનીને ન રહેવો જોઈએ, પરંતુ આ પ્રવૃત્તિ સમગ્ર વર્ષ દરમિયાન અવિરતપણે ચાલતી રહેવી જોઈએ. તેમણે વાવેલા વૃક્ષોના યોગ્ય ઉછેર, જતન અને સંવર્ધન પર વિશેષ ભાર મૂકતા ઉમેર્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે જે વૈશ્વિક આલેખ જગાવી છે, તેની ખૂબ જ પ્રભાવશાળી અને સકારાત્મક અસર હાલમાં કચ્છ જિલ્લામાં જોવા મળી રહી છે. મંત્રીશ્રીએ દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આજનો આ કાર્યક્રમ આવનારા દિવસોમાં વન, વનસ્પતિ અને પર્યાવરણ પ્રત્યેની સામાજિક જાગૃતિ લાવવામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ કદમ સાબિત થશે.

છેલ્લા પચ્ચીસ વર્ષોમાં વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને કચ્છના ભૌગોલિક વાતાવરણમાં આવેલા ક્લાઈમેટ ચેન્જ એટલે કે આબોહવાકીય પરિવર્તનો અંગે ચિંતા વ્યક્ત કરતા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ હાલમાં પ્રદૂષણની વિકરાળ સમસ્યાનો સામનો કરી રહ્યું છે ત્યારે આ સમસ્યાને જડમૂળથી નિર્મૂળ કરવા અથવા તેની સામે અસરકારક રીતે લડવા માટે આપણી પાસે 'વૃક્ષારોપણ' એ જ એકમાત્ર અને સૌથી સચોટ શસ્ત્ર છે. કચ્છમાં છેલ્લા બે થી અઢી દાયકા દરમિયાન વન વિભાગ અને સ્થાનિક લોકોના સહિયારા પ્રયાસોથી ખૂબ જ સુંદર અને વ્યાપક સ્તરે વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ થઈ છે, જેના મીઠા પરિણામો આજે કચ્છના સુધરેલા ચોમાસા અને વધેલા વરસાદના સ્વરૂપમાં પ્રત્યક્ષ રીતે દેખાઈ રહ્યા છે. આગામી સમયમાં પણ આ રણપ્રદેશ હરિયાળો બને તે માટે વન વિભાગની સાથે સાથે સમગ્ર વહીવટી તંત્ર અને જનતા જનાર્દનનો પૂરેપૂરો સહયોગ મળી રહ્યો છે, જે પ્રશંસનીય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ રાજ્ય સરકાર વન વિભાગ અને કચ્છવાસીઓના સંયોગથી કચ્છમાં પર્યાવરણની સુરક્ષા માટે ભગીરથ કાર્ય થઈ રહ્યું હોવાની લાગણી વ્યક્ત કરી હતી.

આ ભગીરથ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન એમ. હુણ તેમજ જિલ્લા કલેક્ટર એ. આર. રાણાવસિયા, નાયબ વન સંરક્ષક જે. આર. પટેલ, બી. ડી. ચાવડા, સતાપરના સરપંચ ગીતાબેન ડુંગરિયા, તાલુકા પંચાયત પ્રમુખ સંદીપ ચાવડા, ધર્મિષ્ઠાબેન ખાંડેકા, ભાવનાબેન આહીર, પરેશભાઈ માલસતર, પુષ્પાબેન વરાયા, નરેશભાઈ થારુ, જયશ્રીબેન ડાંગર, દિપકસિંહ જાડેજા, પ્રકાશભાઈ લોદરીયા, બી. એન. પટેલ, રિતેનભાઈ વાજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કચ્છ વન વર્તુળ ભુજના વન સંરક્ષક ડૉ. ધીરજકુમાર મિત્તલ સહિત વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સામાજિક વનીકરણ રેન્જ અંજારના પરિક્ષેત્ર વન અધિકારી અને તેમની ટીમ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને વહીવટી તંત્રના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણમાં ભાગ લઈ આગામી દિવસોમાં કચ્છની ધરાને વધુ લીલોતરીયુક્ત બનાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

'વહીવટ'માં વ્યસ્ત તંત્ર, રસ્તા પર મોતનો ખતરો!

# શું તંત્ર કોઈના લોહીનો રંગ જોયા પછી જ જાગશે? ટાગોર રોડ પર મોતના તાંડવની ઈંતેજારી કે શું? અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં !

**હજારો લોકોની અવરજવર ધરાવતા આ માર્ગ પર એક નાનકડું સ્પીડ બ્રેકર મૂકવાની તસદી પણ તંત્ર લેતું નથી? : પ્રજાના જીવની કોઈ કિંમત નથી? : જનતાનો સવાલ: અકસ્માત પછી કોણ જવાબદાર?**



ગાંધીધામ: એક તરફ વિકાસના ગીતો ગાતું તંત્ર, તો બીજી તરફ ટાગોર રોડ પર રોજેરોજ ખેલાતો અકસ્માતનો ખેલ! ગાંધીધામના ટાગોર રોડ પર આવેલી DC-૫ કોર્ટની સામેનો વિસ્તાર અત્યારે 'ડેથ ઝોન' બની ગયો છે. હજારો લોકોની અવરજવર ધરાવતા આ માર્ગ પર એક નાનકડું સ્પીડ બ્રેકર મૂકવાની તસદી પણ તંત્ર લેતું નથી. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

નામદાર કોર્ટ જેવી સંવેદનશીલ જગ્યાએ વકીલો, પક્ષકારો અને સામાન્ય નાગરિકોની ભીડ સતત રહેતી હોય છે. વાહનચાલકો પુરપાટ ઝડપે વાહનો હંકારીને નીકળે છે, પરિણામે નાના-મોટા અકસ્માતો અહીં રોજિંદી વાત બની ગયા છે. અનેકવાર સ્થાનિકોએ રજૂઆતો કરી હોવા છતાં, સત્તાધીશો અને ટ્રાફિક પોલીસના કાન પર જું પણ સરકી નથી રહી.આટલી ગંભીર સમસ્યા હોવા છતાં, સંબંધિત વિભાગો એકબીજા પર જવાબદારી ઢોળીને હાથ ખંખેરી રહ્યા છે. શું તંત્રની ફાઈલોમાં પ્રજાના જીવ કરતા ટેન્ડરો અને વહીવટ વધુ મહત્વના છે? રોડ પર એક સ્પીડ બ્રેકર અને જરૂરી સૂચક બોર્ડ મૂકવા માટે શું કોઈ મોટા નેતા કે અધિકારીના આદેશની રાહ જોવાય છે? ટાગોર રોડ પરથી પસાર થતી જનતા આજે ભયના ઓથાર હેઠળ જીવી રહી છે. આવતીકાલે જો કોઈ નિર્દોષનો જીવ જાય, તો તેની નૈતિક જવાબદારી કોણ લેશે? કલેક્ટર સાહેબ કે મ્યુનિસિપલ કમિશનર? કે પછી જવાબદાર અધિકારીઓ માત્ર તપાસના આદેશ આપીને બચી જશે? તંત્ર તાત્કાલિક અસરથી આ રોડ પર સ્પીડ બ્રેકર બનાવે તે સમયનો તકાજો બની રહ્યો છે. હવે પ્રજાજનોની સહનશકિતની કસોટી થવા પામી રહી છે. હવે માત્ર અરજીઓ નહીં, હવે રોડ પર ઉતરીને અવાજ ઉઠાવવાનો સમય પાકી ગયો છે.

પહેલા પાનાથી...
## હરિયાળું કચ્છ



યક્તિ અને ખેડૂતોને વૃક્ષારોપણ કરવા માટે વૃક્ષો આપવામાં આવે છે.કાર્યક્રમમાં રાપર નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા, જિલ્લા ભાજપ મંત્રી ઉમેશભાઈ સોની, વિનુભાઈ થાનકી, રાપર તાલુકા ભાજપ પ્રમુખ નશાભાઈ દૈયા, કલ્યાણપરના સરપંચ ભાવનાબેન પરબતભાઈ કારોત્રા, કમલસિંહ સોઢા, , રાજુભા જાડેજા, રામજી સોલંકી, કેશુભા વાઘેલા, ડોલરભાઈ ગોર, લાલજી કારોત્રા, રાજુભા જાડેજા, વિજયસિંહ જાડેજા, કુલદીપસિંહ જાડેજા, માજી પ્રમુખ હઠુભા સોઢા, મદનીશ તાલુકા વિકાસ અધિકારી હુશેન જીએજા, સહદેવસિંહ જાડેજા, ડો. પિયુષ ડોડીવાડીયા, સુરેશ મકવાણા, મદુભા વાઘેલા, એ.જી. રબારી સહિત ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા સંચાલન મહેન્દ્રસિંહ વાઘેલાએ કર્યું હતું. ઉપસ્થિત આગેવાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મોમાય માતાજી મંદિરે સેડ બનાવવા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ૪ લાખની ફાળવણી કરાઈ હતી.

# કેનાલ બંધ કરાતાં વાગડના ધરતીપુત્રોની મુસીબત વધી

**વાવણી સમયે જ નર્મદાના પાણી બંધ થતાં વાગડના ખેડૂતોમાં આક્રોશ : સિંચાઈની ઓછી જરૂરિયાત વાળા એપ્રિલ-મે મહિનામાં સમારકામ કરવાના બદલે ચાલુ સીઝને કામ શરૂ કરાતાં વાવેતરમાં વિલંબ**

ભચાઉ - કચ્છઉદય : નર્મદા નિગમ દ્વારા કેનાલના સમારકામ અને સફાઈના બહાને પાણી બંધ કરી દેવાતા કચ્છના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સરકાર અને નિગમ વચ્ચે સંકલનના અભાવે વાવણીની કટોકટીની ક્ષણે જ પાણી રોકી દેવાતા રાપર અને ભચાઉ તાલુકાના ધરતીપુત્રોએ આદિપુર સ્થિત નર્મદા નિગમની કચેરીએ પહોંચીને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

કચ્છ શાખા નહેર માત્ર સિંચાઈ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારના પશુધન અને જનજીવન માટે અમૃત સમાન છે, જેનાથી કચ્છ, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ૨૬૧થી વધુ ગામો લાભાન્વિત થાય છે. વર્ષ ૨૦૧૭થી નર્મદાના નીર આ વિસ્તારમાં વહી રહ્યા હોવા છતાં, તંત્રના અણઘડ આયોજનના કારણે દર વર્ષે ખેડૂતોએ પાણી માટે સંઘર્ષ કરવો પડે છે. ખેડૂતોએ આવેદનપત્રમાં આક્ષેપ કર્યો હતો કે, જ્યારે પણ વાવણીનો મુખ્ય સમય આવે છે ત્યારે જ કેનાલ બંધ કરીને સફાઈ કામ શરૂ કરવામાં આવે છે, જેના લીધે ખેતીકામ ખોરંભે ચડે છે. ખેડૂતોએ સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે એપ્રિલ અને મે મહિનામાં સિંચાઈની જરૂરિયાત ખૂબ ઓછી હોય છે, ત્યારે આ સમારકામ કેમ કરવામાં આવતું નથી? હાલમાં સમગ્ર કચ્છ પંથકમાં કપાસ, મગફળી અને ઘાસચારાના વાવેતરની સીઝન જામી છે, એવા સમયે જ પાણી બંધ થતાં વાવેતરમાં મોટો વિલંબ થઈ રહ્યો છે.

ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, એક તરફ મુખ્યમંત્રી પાણી ચાલુ રાખવાની ખાતરી આપે છે, જ્યારે બીજી તરફ નિગમ દ્વારા અલગ જ રાગ આલાપવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૮માં કેનાલમાં પડેલા ભંગાણ પણ હજુ સુધી યોગ્ય રીતે સરખા કરાયા નથી અને દર વર્ષે થતી કામગીરીની ગુણવત્તા પણ નબળી હોય છે. ખેડૂતોની રજૂઆત સંદર્ભે તંત્રના જણાવ્યા અનુસાર હાલ શૂન્યથી ૮૨ કિલોમીટર સુધી સમારકામ પ્રગતિમાં છે. ત્યાંથી પાણી કઈ રીતે આગળ વધારી શકાય તે અંગે જરૂરી પત્રવ્યવહાર કરવામાં આવશે. આ સાથે જ ૮૨ કિલોમીટર પછીના વિસ્તારમાં ચાલતી કામગીરીને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરી કેનાલમાં પુનઃ પાણી વહેતું કરવાના તમામ પ્રયાસો હાથ ધરાશે. આ લેતો નર્મદાની કેનાલ સમારકામ માટે બંધ થઈ જતા વાગડ વિસ્તારના ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયેલો જોવા મળી રહ્યો છે.

## રેલવે ફાટક બંધ થતાં વોંધ ગામના ખેડૂતોની ૫૦૦૦ એકર જમીનનો સંપર્ક કપાયો



ભચાઉ - કચ્છઉદય : કચ્છના ભચાઉ તાલુકાના વોંધ ગામના ખેડૂતો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ગામની સીમમાં આવેલા રેલવે ફાટક નંબર ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૦૭ અને ૨૦૮ રેલવે તંત્ર દ્વારા કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવતા ખેડૂતો માટે ખેતરે જવાનો માર્ગ બંધ થઈ ગયો છે. આ ફાટકો બંધ થવાને કારણે અંદાજે ૫૦૦૦ એકર જેટલી ખેતીલાયક જમીનનો સંપર્ક કપાઈ ગયો છે, જેનાથી ખેડૂતોની આજીવિકા પર ગંભીર સંકટ ઊભું થયું છે. સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલો રસ્તો પણ આ ફાટકો બંધ હોવાથી હાલ બિનઉપયોગી બની રહ્યો છે. આગામી ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખતા ખેડૂતોએ વાવણી માટે ખેતરે પહોંચવું અત્યંત આવશ્યક છે, પરંતુ રસ્તાના અભાવે ખેતીકામ અટકી પડવાની ભીતિ છે. સ્થાનિક સરપંચ દ્વારા કલેક્ટરને કરાયેલી રજૂઆતમાં ઓવરબ્રિજ અથવા અંડરગ્રાઉન્ડ રસ્તાની તાત્કાલિક માંગણી કરવામાં આવી છે અને જો યોગ્ય નિર્ણય નહીં લેવાય તો ખેડૂતો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી રહ્યા છે. અગાઉ પણ તંત્રને લેખિત જાણ કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા ખેડૂતોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

## ભચાઉ પીજીવીસીએલ દ્વારા ઊર્જા બચત અને સૂર્ય ઊર્જા અપનાવવા અપીલ

ભચાઉ - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભચાઉ વિભાગીય કચેરી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તમામ વીજ ગ્રાહકો અને નાગરિકોને ઊર્જા સંરક્ષણ તેમજ પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગ માટે અપીલ કરવામાં આવી છે. કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે વધતું પ્રદૂષણ, વૈશ્વિક તાપમાનમાં વધારો અને આબોહવા પરિવર્તન જેવા પડકારો સામે ઊર્જા બચત અને સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ સમયની જરૂરિયાત બની ગયો છે. વીજળીનો બિનજરૂરી ઉપયોગ કુદરતી સંસાધનો પર વધારાનો બોજ ઊભો કરે છે, તેથી તેનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. તેમણે કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી સૂર્યઘર, મફત વીજળી યોજનાનો લાભ લેવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે ઘરેલુ ગ્રાહકો રૂફટોપ સોલાર પ્લાન્ટ સ્થાપિત કરીને મહત્તમ રૂ. ૭૮ હજાર સુધીની સહાય મેળવી શકે છે. સૂર્ય ઊર્જાનો ઉપયોગ વીજ બિલમાં બચત સાથે પર્યાવરણના રક્ષણમાં પણ મહત્વનો ફાળો આપે છે.ઉનાળામાં વધતી વીજ માંગને ધ્યાનમાં રાખી ગ્રાહકોને પાંચ સ્ટાર ઊર્જા રેટિંગ ધરાવતા વીજ ઉપકરણોનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી હતી. ઉપરાંત નવા ઉપકરણોના ઉપયોગથી વીજ વપરાશ વધતો હોય તો નિયમ મુજબ વીજભાર વધારવાની પ્રક્રિયા પૂર્ણ કરાવવા પણ અપીલ કરવામાં આવી હતી. કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે ઊર્જા સંરક્ષણ માત્ર આર્થિક બચત માટે જ નહીં, પરંતુ પર્યાવરણના રક્ષણ અને ભાવિ પેઢીના હિત માટે પણ અત્યંત જરૂરી છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સૌ નાગરિકો ઊર્જા બચત અને સૂર્ય ઊર્જાના ઉપયોગ માટે સંકલ્પબદ્ધ બને તેવી તેમણે અપીલ કરી હતી.

## અવસાન નોંધ

**નલિયા** (તા. અબડાસા) : ધીરજબા મુરૂભા જાડેજા (ઉ.વ. ૯૦) તે સ્વ. મુરૂભા જગતાજી જાડેજાના પત્ની, ગજેન્દ્રસિંહ મુરૂભા (પીએસઆઈ જામનગર), જગદીશસિંહ મુરૂભા જાડેજા (ભારત ઈલેક્ટ્રોનિક- ભારત ગ્રુપ)ના માતા, સ્વઃ જીવણજી જીબાવા જાડેજા (વી.એલ. હાઈસ્કૂલ)ના કાકી, દિલિપસિંહ કેસરજી, મહિપતસિંહ કેસરજી જાડેજાના ભાભી, હકુમતસિંહ ડી. જાડેજા (કેડીસીસી બેંક), ચેતનસિંહ (ચેતન ઈલેટ્રીકલ)ના ભાભુમાં, સુર્યજીતસિંહ, ચન્દ્રદીપસિંહ, હરવિજયસિંહ, જયદિપસિંહ, દેવદિપસિંહ, ઉદયરાજસિંહના દાદી તા.૪-૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૧૫-૬ના સોમવારના અને તેમનુ બેસણું મહેરવાણી દરબાર ગઢ, નલિયા ખાતે.

## ભચાઉમાં વ્યાપક પ્રદૂષણ અને પર્યાવરણીય વિનાશ અંગે મુખ્યમંત્રીને રજૂઆત

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા મનજીભાઈ રાઠોડે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર પાઠવી ભચાઉ શહેર તથા તાલુકામાં ફેલાયેલા વ્યાપક પ્રદૂષણ અને પર્યાવરણીય વિનાશ સામે તાત્કાલિક પગલાં ભરવા માંગ કરી છે. આ પત્રમાં જણાવાયું છે કે કચ્છ જિલ્લામાં, અને ખાસ કરીને ભચાઉ તાલુકામાં, અનેક ખાનગી લિમિટેડ એકમો દ્વારા ફેલાવવામાં આવતા પ્રદૂષણ અંગે વર્ષોથી લોકફરિયાદો ઉઠી રહી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.સ્થાનિક ઉદ્યોગો દ્વારા હવામાં કેમિકલયુક્ત ઝેરી તત્વો છોડવામાં આવતા હોવાથી આસપાસના ગામોનું જનજીવન જોખમમાં મુકાયું છે. પ્રદૂષણને કારણે આંખ અને શ્વાસ સંબંધિત રોગોમાં વધારો થયો છે, સાથે જ પશુઓમાં પણ અકલ્પનીય બીમારીઓ જોવા મળી રહી છે. આ પ્રદૂષણની ગંભીર અસર પક્ષી સૃષ્ટિ પર પણ પડી છે. કચ્છના ખાસ પક્ષી હેણાતરા સહિત ગીધ, રણ કાગડા, કાબર અને રાષ્ટ્રીય પક્ષી મોરની સંખ્યામાં છેલ્લા બે દાયકામાં મોટો ઘટાડો નોંધાયો છે. ઉદ્યોગોની બેદરકારીને કારણે ભૂગર્ભ જળ, બોરવેલનું પાણી અને કુદરતી પાણીના સંગ્રહ સ્થાનો પણ ઝેરી કેમિકલ્સથી દૂષિત થઈ રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આ પ્રદૂષિત પાણીથી ખેતીની ઉપજો ઝેરી બની રહી છે અને પાકના ઉત્પાદનમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. આ ઉપરાંત, વરસાદી સીઝનમાં કેમિકલયુક્ત પાણી ગમે ત્યાં છોડવાની નીતિને કારણે હજારો ખેડૂતોની લાખો એકર જમીનની ફળદ્રુપતા નષ્ટ પામી છે. ઉદ્યોગોમાં કામ કરતા કામદારોની સુરક્ષાને લઈને પણ ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે, જ્યાં અકસ્માતોમાં જીવ ગુમાવવાની ઘટનાઓ છતાં સુરક્ષા વ્યવસ્થાનો અભાવ વર્તાઈ રહ્યો છે. કચ્છમાં ઘુડખર માટેના અભયારણ્યમાં રણ માફીયાઓ અને મીઠા ઉત્પાદકો દ્વારા કરવામાં આવતા ગેરકાયદે કબજા અને વનતંત્રની કથિત મિલીભગત અંગે પણ આ પત્રમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ભચાઉના ગામડાઓમાં રેતી ચોરી, સફેદ માટીની ચોરી અને ગેરકાયદેસર ખનનને કારણે કુદરતી સંરચનાઓ જેવી કે પર્વત, નદી અને ગૌચરનો નાશ થઈ રહ્યો છે. ખનન માફીયાઓ દ્વારા બનાવવામાં આવેલા ઊંડા ખાડાઓમાં અબોલ પશુઓ પડી જવાથી તેમના મોત થઈ રહ્યા છે. આ તમામ બાબતોની સાથે દરિયાકાંઠે ચેરીયાના વૃક્ષો સહિત ખેજડી અને અન્ય દેશી વૃક્ષોના નિકંદન બદલ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ સમગ્ર મામલે મુખ્યમંત્રીને વ્યક્તિગત રસ લઈને તપાસ કરવા અને નિષ્ક્રિય બની ગયેલી પૂર્વ કચ્છ જીપીસીબી તથા વનતંત્રને ઈમાનદારીથી કાર્યરત કરવા ભારપૂર્વક વિનંતી કરવામાં આવી છે.

પહેલા પાનાથી...

### હરિયાળું ગુજરાત

વિવિધ વિસ્તારોમાં જઈને હવાની ગુણવત્તાનું નિરીક્ષણ કરશે તેમજ પ્રદૂષણના સ્તર અંગે વૈજ્ઞાનિક માહિતી એકત્રિત કરવામાં મદદરૂપ બનશે.આ ઉપરાંત ગાંધીનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "એક પેડ મા કે નામ" અભિયાનને પણ મુખ્યમંત્રીના હસ્તે વધુ ગતિ આપવામાં આવી હતી.

### દેશના લોનધારકોને

ટકા દર ઘટાડો કરવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં વધુ ૦.૨૫ ટકા ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વર્ષની ફેબ્રુઆરીની બેઠકમાં દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા ન હતા.

### ડ્રગ્સ-હવાલા

રકમ, વિદેશી ચલણ, સોનું અને બેંક ખાતાઓમાં રહેલી મોટી રકમ અંગેની માહિતી મળી આવી છે.

EDની તપાસનો કેન્દ્રબિંદુ સલીમ ઈસ્માઈલ ડોલા અને તેના સાથીદારો છે. તપાસ એજન્સીનો આરોપ છે કે આ લોકો ડ્રગ્સના ગેરકાયદેસર ધંધા અને હવાલા મારફતે થતા નાણાકીય વ્યવહારો સાથે સંકળાયેલા હોઈ શકે. આ મામલે કેમિકલ સપ્લાયર્સ, હવાલા ઓપરેટરો અને બેનામી મિલકતો ધરાવતા લોકોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

દરોડા દરમિયાન લગભગ ૨૨૦૦ અમેરિકન ડોલર સહિતનું વિદેશી ચલણ પણ જપ્ત કરવામાં આવ્યું છે. ઉપરાંત તપાસકર્તાઓને ભારત અને દુબઈમાં આવેલી કરોડો રૂપિયાની મિલકતો સંબંધિત મહત્વના દસ્તાવેજો પણ મળ્યા છે. આ દસ્તાવેજોના આધારે ઈડી હવે ગેરકાયદેસર રીતે કમાયેલી રકમ ક્યાં અને કેવી રીતે રોકાણ કરવામાં આવી હતી તેની તપાસ કરી રહી છે.સૂત્રોના જણાવ્યા મુજબ, આ સમગ્ર મામલો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક અને હવાલા દ્વારા થતી મની લોન્ડરિંગ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો હોઈ શકે છે. ED હાલ તમામ નાણાકીય વ્યવહારો અને મિલકતોની વિગતવાર તપાસ કરી રહી છે.

### ભારત સાથે

થઈ શકે છે.આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને તેમને પોતાના 'ખાસ મિત્ર' ગણાવ્યા હતા. જોકે, આ સકારાત્મક વલણની સાથે જ ટ્રમ્પે ભારતની જૂની ટેરિફ નીતિઓ પર પણ નિશાન સાધ્યું હતું.

**નામ બદલાવેલ છે**

હું **દોંગા ઉર્મિ ક્રિષ્નારાવ** પ્લોટ નં ૭૦૭, રોટરી નગર, સેક્ટર ૧૪, ગાંધીધામ કચ્છ-૩૭૦૨૦૧ ગુજરાત હું પહેલા **ડી ઉર્મિ ક્રિષ્ના રાવ** નામે ઓળખાતી હતી, હવેથી હું **દોંગા ઉર્મિ ક્રિષ્નારાવ** ના નામે ઓળખાઈશ.

# પૂર્વ કચ્છમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સમર કેમ્પ સંપન્ન

## ૫૦૦થી વધુ બાળકોએ મેળવ્યું યોગનું ભાથું : માતૃ-પિતૃ પૂજન અને સૂર્ય અર્ઘ્યના ભવ્ય આયોજન સાથે બાળકોને ભારતીય સંસ્કૃતિ અને સ્વસ્થ જીવનશૈલીના સંસ્કાર અપાયા







ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય યોગ બોર્ડના તત્વાવધાન હેઠળ પૂર્વ કચ્છમાં બાળકો માટેના વિશેષ યોગ સમર કેમ્પનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ શિબિરોમાં પૂર્વ કચ્છના ૫૦૦થી વધુ ઉત્સાહી બાળકોએ ભાગ લઈ યોગાભ્યાસના પાઠ શીખ્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કર્મઠ ચેરમેન યોગ સેવક શિશપાલજીના કુશળ માર્ગદર્શન હેઠળ તેમજ ઝોન કો-ઓર્ડિનેટર વાલજીભાઈ ડાભી અને પૂર્વ કચ્છ કો-ઓર્ડિનેટર પૂજાબેન લાલવાનીના સક્રિય સહયોગથી સમગ્ર પૂર્વ કચ્છમાં આ



સમર કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયા હતા.

આ અંતર્ગત ઓફિસર ક્લબ ગોપાલપુરી ખાતે યોજાયેલા કેમ્પનું ઉદ્ઘાટન ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું, જ્યારે શિબિરનું સમાપન રામકૃષ્ણ મિશનના સ્વામી મંત્રેશાનંદજી, તેજસભાઈ શેઠ તથા મિતુલબેન નાયકની ગરિમામય ઉપસ્થિતિમાં થયું હતું. ગોપાલપુરી કેમ્પના મુખ્ય સંચાલક તરીકે જનાર્દન ભાવુ, સહ સંચાલક તરીકે ડૉ. શ્રુતિ ઠક્કર અને બેબી કુશવાહાએ સેવાઓ આપી હતી. આ ઉપરાંત આંબેડકર ગાર્ડન હોલ ભારત નગર ખાતે સંગીતાબેન દાધીચ, સહ સંચાલક દીપાલીબેન અને દીપિકાબેને જવાબદારી સંભાળી હતી. હરિ આશરો ટ્રસ્ટ આદિપુર ખાતે મંજુબેન બત્રા, સહ સંચાલક હનીશાબેન અને રૂપલબેન તેમજ અંજાર ખાતે જયશ્રીબેન ઠક્કર, સહ સંચાલક રીંકુબેન, મીતાબેન અને કાર્યકર્તાઓની ટીમે પ્રશંસનીય જહેમત ઉઠાવી હતી.ઓફિસર ક્લબ ગોપાલપુરી ખાતેના સમર કેમ્પમાં દરરોજ બ્રાહ્મણ તુષાર મહારાજ દ્વારા બાળકોને તિલક લગાવી સ્વાગત કરવામાં આવતું હતું. યોગ સત્રની શરૂઆત સંજયભાઈ બજાજ અને રિદ્ધિ બજાજ દ્વારા યજ્ઞ પવિત્ર વાતાવરણમાં કરાવવામાં આવતી હતી. તમામ કેમ્પમાં યોગ બોર્ડના નિયત અભ્યાસક્રમ અનુસાર ભગવદ્ગીતાના શ્લોકોના ગાન સાથે સર્વાંગી યોગ અંતર્ગત આસન, પ્રાણાણાયામ, ધ્યાન અને ષટકર્મનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. બાળકોના આનંદ માટે દરરોજ વિવિધ રમતો રમાડવામાં આવતી હતી તેમજ તેમના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને દરરોજ સોફ્ટ ડ્રિંક્સ જેમ કે આમ પન્ના, લીંબુ પાણી, છાશ વગેરે અને પૌષ્ટિક નાસ્તો પીરસવામાં આવતો હતો.

આ સમર કેમ્પ દરમિયાન ઓફિસર ક્લબ ગોપાલપુરી અને આદિપુર ખાતે ભવ્ય સૂર્ય અર્ઘ્યનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓ સહિત ૨૫૧ બાળકોએ એકસાથે સૂર્ય ભગવાનને જળ અર્પિત કર્યું હતું. આ સાથે જ માતૃ-પિતૃ પૂજનના સુંદર આયોજન દ્વારા સમાજમાં સ્વાસ્થ્ય, સકારાત્મક ઉર્જા અને ભારતીય સંસ્કૃતિનો શ્રેષ્ઠ સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. શિબિરના અંતે વિવિધ અગ્રણી સંસ્થાઓ અને દાતાઓ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે તાંબાનો લોટો, રુદ્રાક્ષની માળા, સ્ટડી ટેબલ, બચત માટે ગલ્લો, બેડમિન્ટન રેકેટ અને એક્ઝામ પેડ સહિતની અનેક ઉપયોગી ભેટો આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મુખ્ય દાતા તરીકે સુનિલકુમાર હાન્ડા, સુરેશભાઈ ગુપ્તા, ભીખુભાઈ અગ્રવાલ, નંદુભાઈ ગોયલ, નરસીભાઈ સારોઠિયા, જીજ્ઞાબેન ભાનુશાલી, ભારતીબેન પ્રજાપતિ, અશ્વપતિ ઉરાવ, પંકજભાઈ ભટ્ટ, જાગૃતિબેન ઠક્કર, ડીપીએ યોગ ક્લાસ, વર્ષાબેન દવે અને માધવીબેન ચૈનાની સહિતના અગ્રણીઓએ વિશેષ આર્થિક અને સામાજિક સહયોગ પૂરો પાડ્યો હતો.

સમગ્ર આયોજન અંગે પૂર્વ કચ્છ જિલ્લા કો-ઓર્ડિનેટર પૂજા વિનોદ લાલવાનીએ જણાવ્યું હતું કે, આવા ભવ્ય આયોજનો બાળકોને આપણી સમૃદ્ધ ભારતીય સંસ્કૃતિ, શિસ્ત અને સ્વસ્થ જીવનશૈલી સાથે જોડવાનું એક સશક્ત અને ઉત્તમ માધ્યમ સાબિત થાય છે. યોગ એ સ્વસ્થ જીવનનો સાચો આધાર છે અને સૂર્ય ઉપાસના માનવ જીવનમાં સકારાત્મક ઉર્જાનો મુખ્ય સ્ત્રોત છે. તમામ બાળકો અને વાલીઓએ આ શિબિરનો ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો અને વડીલોએ પણ આ ભગીરથ કાર્યને બિરદાવ્યું હતું.

# સુરજબારી ટોલ પ્લાઝા ખાતે મેનેજર પર હુમલો : ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો

## ફરીયાદ મળેલ છે, આગળની તપાસ હાથ ધરવામાં આવી છે : શ્રી ઝાલા (પીઆઈ સામખીયાળી પોલીસ મથક)

ગાંધીધામ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના સુરજબારી ટોલ પ્લાઝા ખાતે ફરજ પર રહેલા મેનેજર પર હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ મામલે સામખિયાળી પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ફરિયાદ મુજબ, સુરજબારી ટોલ પ્લાઝાના મેનેજર તરીકે ફરજ બજાવતા જિતેન્દ્રકુમાર કુલવંત કુશવાહે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ટોલ પ્લાઝા ખાતે બનેલી એક ઘટનાને લઈને તેઓ ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક શખ્સોએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ ફરિયાદ નોંધાવવા બાબતે તેઓ સામખિયાળી પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.ફરિયાદ અનુસાર, આરોપી હારુન ઉમર ત્રાયા, આદીલ શબ્બીર, અશગર ત્રાયા સહિતના શખ્સોએ ફરિયાદીને પીઠ તથા પગના ભાગે ફાઈબરની પ્લાસ્ટિક લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. અન્ય બે આરોપીઓએ પણ ગાળો આપી ફરિયાદી સાથે ઝઘડો કરી હુમલાને પ્રોત્સાહન આપ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ બનાવ અંગે સામખિયાળી પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨(૩), ૨૯૬(બી) તેમજ ૫૪ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ૫ ોલીસ દ્વારા આરોપીઓની શોધખોળ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ બાબતે સામખીયાળીના પીઆઈ શ્રી ઝાલાની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, ફરીયાદ મળી છે, ધોરણસરની તપાસ હાથ ધરવામા આવી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ માંડવીના ચૌહાણ ભરત દેવજીભાઈ તા. ૩-૬ના અવસાન પામ્યા છે. અંતિમક્રિયા તા. ૫-૬ના ગૌપૂછ પાણી તેમજ સાંજે ૫થી ૬ પ્રાર્થનાસભા નિવાસસ્થાન ગોપાલપુરી, ગાંધીધામ ખાતે. તા. ૧૪-૬ના સમાજનું પાણી તેમજ સંતોનું પાણી રાખેલ છે.

**ગળપાદર** : કચ્છ ગુર્જર ક્ષત્રિય શારદાબેન (ઉ.વ. ૭૪) તે વિશનજી ગોકળભાઈ પરમારના પત્ની, સ્વ. રંભાબેન ગોકળભાઈના પુત્રવધૂ, સ્વ. સાકરબેન મોરારજીભાઈ વાઢેર (કલ્યાણ)ના પુત્રી, સ્વ. રતિલાલભાઈ, સ્વ. નરભેરામભાઈ, શાંતિલાલભાઈ (દુર્ગ), સ્વ. પ્રાણકુંવરબેન કાનજીભાઈ ખોડિયાર (રાયપુર), ગં.સ્વ. વિલાસબેન ગોપાલભાઈ ટાંક (વડોદરા), કિશનભાઈ પરમાર (અંજાર)ના ભાભી, નેહાબેન, હેમાબેન, નીશાબેન, તુષારના માતા, દિવ્યમ અને જેનીના દાદી, આશાબેનના સાસુ તા. ૩-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૬ના શુક્રવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ ક.ગુ.ક્ષ. નૂતન સમાજવાડી, ગળપાદર ખાતે.

**અંજાર** : રજનીકાંત ભટ્ટ (ઉ.વ. ૬૧) તે સ્વ. સરસ્વતીબેન અમૃતલાલ સિંધવાના પુત્ર, સ્વ. ભાવનાબેનના પતિ, પ્રિયાબેન, ટ્વિંકલબેનના પિતા, મહેશભાઈના મોટા ભાઈ, ઉર્મિલાબેન મહેશભાઈ સિંધવાના જેઠ, પારસકુમાર સુરેશભાઈ ભટ્ટ (વઢવાણ)ના સસરા, વંશ, નક્ષના મોટાબાપા, કાવ્યના નાના, નિર્મળાબેન દામોદરભાઈ ભટ્ટના જમાઈ, બિપિનભાઈ ભટ્ટ, જાગૃતિબેન પ્રવીણભાઈ જોષી (કોટડા ચકાર)ના બનેવી, સ્વ. વિઠ્ઠલદાસભાઈ અવિચળ ભટ્ટ (ખાવડા)ના ભાણેજ તા. ૩-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ ઔદિચ્ય બ્રહ્મસમાજ વાડી, ટિમ્બી કોઠા, અંજાર ખાતે.

**ભુજ** : હિંગોરજા શરીફાબાઈ અબ્દુલ (ઉ.વ. ૮૦) તે મ. જુસબ ફકીરમામદના બહેન, હિંગોરજા આદમ, કોરેજા હાજી ફકીરમામદના ભાભી, હિંગોરજા રમજાન અને ઈમ્તિયાઝના કાકી, રફીક, અબ્દુલ સતાર, રમજાન, મામદના માસી, શરીફ અને જુસબના ફઈ તા. ૪-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૬-૬ના શનિવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન જૂના કચ્છમિત્ર પાછળ, કેમ્પ પોલીસ ચોકી પાસે, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ ઔદિચ્ય ઝાલાવાડી ભુવડના જયસુખલાલ વ્યાસ (ઉ.વ. ૯૦) તે સ્વ. રામકુંવર વેલજી વ્યાસના મોટા પુત્ર, સ્વ. શાંતાબેનના પતિ, સ્વ. મગનલાલ, સ્વ. કમળાબેન, ગં.સ્વ. જયાબેન, ગં.સ્વ. સુશીલાબેન, ગં.સ્વ. ચંપાબેન, સાવિત્રીબેન સોનીના મોટા ભાઈ, સ્વ. વ્યાસ વિશ્વનાથ રણછોડના જમાઈ, સ્વ. ગજાનંદભાઈ વ્યાસના બનેવી, મનોજભાઈ, જગદીશભાઈ, ઉષાબેન, જયશ્રીબેન, જોશનાબેન, મધુબેન, જ્યોતિબેનના પિતા, કમળાબેન, જિજ્ઞાબેન, સુભાષ ઉપાધ્યાય, મહેશ ઉપાધ્યાય, મુકેશ પંડયા, અનિલ પંડયા, બળદેવ જોષીના સસરા, દર્પણ, પૂજા, મીત, ખુશીના દાદા, તાન્યાબેન, શ્રુતિબેનના દાદાજી સસરા તા. ૩-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ નારાયણ વાડી, માધાપર ખાતે.

**નાના બંદરા (તા. ભુજ)** : કૃષ્ણાબા કલ્યાણસિંહજી જાડેજા (ઉ.વ. ૭૨) તે કલ્યાણસિંહજી જાલમસંગજી જાડેજાના પત્ની, ગજેન્દ્રસિંહ તેજમાલજી જાડેજા, સ્વ. રણજિતસિંહ જાલમસંગજી જાડેજા, ધીરૂભા જાલમસંગજી જાડેજા, તનુભા જાલમસંગજી જાડેજા, રતનસિંહ તેજમાલજી જાડેજા, પ્રવીણસિંહ તેજમાલજી જાડેજા (એસ.ટી. કન્ડક્ટર - ભુજ), મહાવીરસિંહ પ્રેમસંગજી જાડેજાના ભાભી, ભરતસિંહ રણજિતસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ રણજિતસિંહ જાડેજા, મહોબતસિંહ રણજિતસિંહ જાડેજા, કૃષ્ણસિંહ તનુભા જાડેજા, રાજેન્દ્રસિંહ મહાવીરસિંહ જાડેજા, રવિરાજસિંહ પ્રવીણસિંહ જાડેજા (આર્મી), સંજયસિંહ રતનસિંહ જાડેજા, શનિસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા, કૃપાલસિંહ પ્રવીણસિંહ જાડેજા, વિજયસિંહ રતનસિંહ જાડેજાના ભાભુ, વંશરાજસિંહ ભરતસિંહ જાડેજા, શૌર્યરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, આર્યમનસિંહ ભરતસિંહ જાડેજા, વિશ્વરાજસિંહ રવિરાજસિંહ જાડેજા, પૂર્વરાજસિંહ કૃષ્ણસિંહ જાડેજાના દાદી, વાઘેલા શિવુભા રમુજી, વાઘેલા સુરૂભા રમુજી, વાઘેલા મકાજી રમુજી (જમણપુર)ના મામી તા. ૩૦-૫ના અવસાન પામ્યા છે. બેસણું સમાજની ડેલીએ, નાના બંદરા ખાતે.

**ભાડા (તા. માંડવી)** : ગઢવી સભાઈબેન વાછિયા માલમ (ઉ.વ. ૮૭) તે સ્વ. ગઢવી વાછિયા મોમાયા માલમના પત્ની, પબુભાઈ, સ્વ. મુરૂભાઈ, ખીમાભાઈ, પુરબાઈબેન કાનિયા વાનરિયા (ગાંધીધામ)ના માતા, માતાજી દેવલમા (બલિયાવડ - સૌરાષ્ટ્ર), જીતુભાઈ, ડાહ્યા પાલુભાઈ, સ્વ. ગોપાલ, સ્વ. દિનેશ, પ્રકાશ, વિવેક, હરિ, જ્યોતિબેન ધનરાજ વાનરિયા (ગાંધીધામ), ભાવનાબેન નારાણ વાનરિયા (મોટા કરોડિયા), અંજનાબેન ગોપાલ વાનરિયા (ગાંધીધામ), સોનલ નારાણ દેવાણી (મોટા કરોડિયા)ના દાદી, લક્ષ્મણ વિશ્રામ ગેલવા (મુંદરા), ખીમરાજ વાછિયા ગેલવા (પાંચોટિયા)ના ફઈ તા. ૩-૬ના અવસાન પામ્યા છે. સાદડી તેમજ પ્રાર્થનાસભા તા. ૫-૬ના શુક્રવારે સાંજે ૪થી ૬ દેવલમાની વાડી, ભાડા ખાતે તેમજ ઉત્તરક્રિયા તા. ૧૩-૬ના શનિવારે નિવાસસ્થાને વાડીવિસ્તાર, ભાડા ખાતે.

**આમારા (તા. નખત્રાણા)** : સોઢા મદનસિંહ સતાજી (ઉ.વ. ૯૦) તે સોઢા સતાજી વાઘજીના પુત્ર, ઘનશ્યામસિંહ, નરેન્દ્રસિંહ, વંદનાબા વીરભદ્રસિંહના પિતા, પ્રતિપાલસિંહ, કરણસિંહના દાદા, જાડેજા લાખુભા વખુભા (ફરાદી)ના જમાઈ, જાડેજા લાભુબા લાલુભા, વાઘેલા ઈન્દ્રાબા અભયસિંહ, વાઘેલા જીકુબા અનિરુદ્ધસિંહ, વાઘેલા ભરતબા હઠુભા, સોઢા નવલસિંહ, કનકસિંહ, દશરથસિંહના ભાઈ તા. ૨૬-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૬-૬-૨૦૨૬ના દરબારગઢ, આમારા ખાતે.

**નલિયા (તા. અબડાસા)** : મૂળ સુથરીના લાભશંકરભાઈ વાલજી નાકર (ઉ.વ. ૮૦) તે સ્વ. મૂલબાઈ વાલજી નાકરના પુત્ર, ભગવતીબેનના પતિ, સ્વ. ગિરીશભાઈ, નયનાબેન મહેશ માકાણી, સુનીલભાઈ (મિત્તલ ફૂટવેર - નલિયા)ના પિતા, હસ્મિતાબેન, મહેશ જયંતીલાલ માકાણી (નલિયા એસટી)ના સસરા, સ્વ. વેલબાઈ શિવશંકર પેથાણી (કોઠારા), સ્વ. સરસ્વતીબેન મણિશંકર મોતા (મુંબઈ), ગં.સ્વ. મણિબેન ધનજી મોતા, સ્વ. વસંતરાય, અરુણભાઈના ભાઈ, મિત્તલ જૈમીન મોતા, દિયા, ભવ્યા, શિવમના દાદા, મિતેષ, નીતેશ, રુચિ વિવેક નાકરના નાના, સ્વ. ગંગાબાઈ વેલજી માલાણી (મેરાઉ)ના જમાઈ, સ્વ. શામજી, સ્વ. મોરારજી, સ્વ. ગુણવંતરાય, સ્વ. ભવાનજી, સ્વ. નવલબેનના બનેવી, સ્વ. ઈન્દુબાલાબેનના દિયર, મંજુલાબેનના જેઠ, દિલીપભાઈ, કિરીટભાઈ, પરેશભાઈ, ચેતનાબેન મોહનલાલ જોષી, મીનાબેન શૈલેશભાઈ માકાણી, ધર્મિષ્ઠાબેન ભરતભાઈ માકાણી, અસ્મિતાબેન હર્ષેન્દુભાઈ માકાણીના કાકા તા. ૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૬-૬ના સાંજે ૪:૩૦થી ૫:૩૦ રાજપૂત સમાજવાડી, છાડુરા નાકા પાસે, નલિયા ખાતે તથા સાસરા પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૬ના બપોરે ૨થી ૩ નરેશ ભગવાનજી રાજગોરના નિવાસસ્થાન મેરાઉ (માંડવી) ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન નરેડી હાલે હૈદ્રાબાદના મોંઘીબાઈ લક્ષ્મીચંદ નાગડા (ઉં.વ. ૮૨) તા. ૧-૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મેઘજીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના પત્ની. મોહન, દમયંતીના માતા. મઠાંબાઈ શામજીના પુત્રી. પ્રેમજી, રતનશી, પદમશી, ખેતબાઈના બેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે) નિવાસ મોહન ગાલા, ડી.એમ.આર કરેલ દુબેઝ એલેવ, કાચીગુડા સ્ટેશન રોડ, કાચીગુડા, હૈદરાબાદ, તેલંગાણા - ૫૦૦૦૨૭.

કપાયાના પ્રભાબેન લક્ષ્મીચંદ દેઢીયા (ઉં.વ. ૮૫) તા. ૩-૬ના અવસાન પામેલ છે. પાનબાઈ મોણશીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના પત્ની. હસુમતી, દીલીપ, ભાવના (ટીના), બીપીનના માતા. રામાણીયા હેમલતા / રાણબાઈ મોરારજી રાયશીના પુત્રી. મણીલાલ, કાંતીલાલ, જયંતીલાલ, ભાગ્યવંતી (ભારતી), દિપક, કમલેશ, પારસના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રણવ દેઢીયા, ડી/૬૧૫, અમીવર્ષા, જૈન સોસાયટી, રામબાગ, કલ્યાણ (વેસ્ટ).

લાખાપરના લક્ષ્મીચંદ લાલજી નંદુ (ઉં.વ. ૬૮) તા. ૩-૬ના અવસાન પામ્યા છે. કસ્તુરબેન લાલજી ભાણજીના સુપુત્ર. સ્વ. ઉષા / કંચનના પતિ. દિપેશ, પ્રિયંકા, મયુરીના પિતાશ્રી. જયંતિલાલ, અરવિંદ, કલ્યાણજી, દિપકના ભાઈ. સાડાઉના લક્ષ્મીબેન દામજી મોણશી, મઠાબાઈ વેલજી કાંઈયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લક્ષ્મીચંદ નંદુ, જે/૫૦૧, નવનીત નગર, દેશલે પાડા, ડોંબિવલી (ઈસ્ટ).

કચ્છી લોહાણા કોટડા (રોહા) હાલે મુલુંડ કલ્યાણજીભાઈ (ઉં. વ. ૯૨) તે વેલબાઈ અને હીરજીભાઈ મોનજી કોઠારીના પુત્ર. ઈન્દુમતીબેનના પતિ. જયશ્રી હરેશ ચંદનના પિતાશ્રી. તન્વી- નીરવ ચોકસી અને નિશિત- હેમાંગીની ચંદનના નાનાજી. આર્યનના પરનાના. શાંતાબેન સુંદરજી ચંદરાના માંડવીવાળાના જમાઈ. ૩-૬ના રામશરણ પામેલ છે. લૌકિક વહેવાર સદંતર બંધ છે.

# વૃંદાવન ધામ ખાતે મહંત ત્રિકમદાસજી મહારાજનું ભાવભેર સન્માન



વૃંદાવન : વૃંદાવન ધામ ખાતે આવેલા રાધાવલ્લભ મંદિર પરિસરમાં ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે રાધાવલ્લભ મંદિરના પૂજ્ય મોહિતજી મહારાજે સચિદાનંદ સંપ્રદાયના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજનું શાલ અને પુષ્પહાર અર્પણ કરીને ભાવભેર સન્માન કર્યું હતું.મોહિતજી મહારાજ પ્રેમાનંદજી મહારાજના ગૃરૂ થાય છે કાર્યક્રમમાં વિવિધ ધાર્મિક આગેવાનો, સંત-મહંતો તથા મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ મહંત ત્રિકમદાસજી મહારાજના ધાર્મિક, આધ્યાત્મિક અને સામાજિક ક્ષેત્રે આપેલા યોગદાનને બિરદાવી તેમના કાર્યની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે મોહિતજી મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે સંતોનું જીવન સમાજને સન્માર્ગે દોરવા અને આધ્યાત્મિક મૂલ્યોનું જતન કરવા માટે સમર્પિત હોય છે. તેમણે ત્રિકમદાસજી મહારાજના સેવાકીય કાર્યોને પણ વખાણ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સંત-મહંતો વચ્ચે આધ્યાત્મિક વિષયો પર સંવાદ યોજાયો હતો, જેમાં ભક્તિ, સેવા અને સંસ્કૃતિના સંવર્ધન અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા. સમગ્ર મંદિર પરિસર હરિનામના ગુંજારવ અને ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

સમારોહના અંતે ભક્તોએ બંને પૂજ્ય સંતોના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. આ કાર્યક્રમ ધાર્મિક એકતા, આધ્યાત્મિકતા અને સંસ્કારના સંદેશ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# રાધારાણીના પ્રાગટ્યોત્સવે બરસાણામાં ભક્તિ અને પ્રેમનો મહાસાગર ઊમટ્યો

## ‘રાધે-રાધે’ના જયઘોષથી ગુંજ્યું રાસ મંડપ, હજારો ભાવિકોએ લીધો દિવ્ય ભક્તિરસનો લાભ

અંજાર - કચ્છ ઉદય : બરસાણાના ચીકસોલી ખાતે આયોજિત શ્રીમદ્ વ્રજપ્રભા ગ્રંથ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવના તૃતીય દિવસે લાડલીજી શ્રી રાધા મહારાણીના પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર રાસ મંડપ ‘રાધે-રાધે’ના ગુંજતા જયઘોષોથી ગૂંજી ઉઠ્યો હતો. અબીલ-ગુલાલ, પુષ્પવર્ષા અને ભજન-કીર્તનના માહોલ વચ્ચે ઉપસ્થિત હજારો રસિકજનો અને ભાવિકો ભક્તિભાવમાં લીન બની ગયા હતા.

કથાના ત્રીજા દિવસે વ્યાસપીઠ પરથી પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે રાધા મહારાણીના પ્રાગટ્ય પ્રસંગનું હૃદયસ્પર્શી વર્ણન કરતાં જણાવ્યું હતું કે રાજા વૃષભાનુજી અને માતા કીર્તિદાજીના ગૃહે અલૌકિક તેજ સાથે રાધાજીનું પ્રાગટ્ય થયું હતું. આ પ્રસંગનું ભાવમય નિરૂપણ સાંભળીને કથા મંડપમાં ઉપસ્થિત શ્રોતાઓ આનંદ અને ભક્તિના રંગે રંગાઈ ગયા હતા.

મહારાજશ્રીએ જણાવ્યું હતું કે આધ્યાત્મિક જીવનમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે. ગુરુ પ્રત્યેની અખંડ શ્રદ્ધા અને સમર્પણ વિના ભક્તિને પૂર્ણતા મળતી નથી. કેશવભટ્ટ અને ચૈતન્ય મહાપ્રભુજીના પ્રસંગને ટાંકીને તેમણે સમજાવ્યું કે ગુરુ કૃપા જ ભક્તને પરમ તત્ત્વ સુધી પહોંચાડવાનો માર્ગ બતાવે છે. ભક્તિમાર્ગમાં અહંકાર, દંભ અને અભિમાન સૌથી મોટા અવરોધ છે, જ્યારે વિનમ્રતા અને સમર્પણ ભગવાન સુધી પહોંચવાનો સાચો માર્ગ છે.

પ્રવચન દરમિયાન તેમણે ગોપીઓની નિષ્કામ ભક્તિનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે સાચા ભક્તનું હૃદય હંમેશા નિર્મળ રહે છે. ગોપીઓએ કામ, ક્રોધ, લોભ અને મોહ પર વિજય મેળવી પરમ ભક્તિનો આદર્શ સ્થાપ્યો હતો. શ્રીકૃષ્ણ અને ઉદ્ધવજીની મિત્રતાના પ્રસંગ દ્વારા જીવનમાં સાચા સંબંધોનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું.વ્રજપ્રભા ગ્રંથમાં વર્ણવાયેલી વ્રજભૂમિની મહિમાનું રસમય વર્ણન કરતાં તેમણે કહ્યું હતું કે વ્રજની પ્રભાત, શ્રીકૃષ્ણના કીર્તનો અને દિવ્ય વાતાવરણ દરેક જીવના હૃદયમાં પ્રભુપ્રેમનો સંચાર કરે છે. આ વર્ણન સાંભળીને ભાવિકો જાણે વ્રજધામના આધ્યાત્મિક અનુભવ સાથે જોડાઈ ગયા હોય તેવો માહોલ સર્જાયો હતો. તપના મહિમા અંગે વાત કરતાં મહારાજશ્રીએ જણાવ્યું હતું કે ભક્તિ અને તપની શક્તિ એવી છે કે ભગવાન પણ ભક્તોના પ્રેમમાં બંધાઈ જાય છે. ગોપીભક્તિ અને ઉદ્ધવજીના પ્રસંગો દ્વારા તેમણે ભક્તિના સર્વોચ્ચ સ્વરૂપનું વર્ણન કર્યું હતું. આ પ્રસંગે સાધુ ભગવાનદાસજી મહારાજ તથા ત્રિકમદાસજી મહારાજ દ્વારા ગોપીગીતો, ભજનો, પદો, કીર્તનો અને રાસની રમઝટ બોલાવવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કાર્યક્રમમાં બરસાણા ધામના મુખ્ય પૂજારી રાકેશજી મહારાજ, ચિત્રાસખીના મહંત, ધ્રુવ મહારાજ, વિનોદજી મહારાજ, અંજાર રામસખી મંદિરના મહંત કીર્તિદાસજી મહારાજ, સચિન ભૈયા સહિત અનેક સંતો, મહંતો અને ધાર્મિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.રાધા મહારાણીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે કચ્છમાંથી ખાસ મંગાવવામાં આવેલી કેસર કેરીનો પ્રસાદ ભાવિકોને વિતરણ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ઋષિકુમારો, ઋષિકન્યાઓ અને વ્રજ ચોર્યાસીની યાત્રા કરતા યાત્રાળુઓ માટે મહાપ્રસાદનું વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. બરસાણાની પવિત્ર ભૂમિ પર ચાલી રહેલા આ મહોત્સવમાં દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો કથાશ્રવણનો લાભ લઈ રહ્યા છે. રાધા મહારાણીના પ્રાગટ્યોત્સવની આ ઉજવણી ભક્તિ, પ્રેમ, સમર્પણ અને ગુરુશરણાગતિના સંદેશને જનમાનસ સુધી પહોંચાડતો એક અનોખો આધ્યાત્મિક ઉત્સવ બની રહ્યો છે.

# કચ્છ નોંધ

**ઓમ ફાઉન્ડેશન**

● ઓમ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત માનવબોધ અભિયાન હેઠળ આયોજિત ઓમ સામૂહિક ચેતના જાગૃતિ કાર્યક્રમમાં ડૉ. પંડિત દેવજ્યોતિ શર્મા દ્વારા ઓમ મેડીટેશન, યોગ સાયકોથેરાપી અને ગીતા પ્રબોધની વિનામૂલ્યે તાલીમ સત્વ ડાન્સ અને યોગ સ્ટુડિયો, બેંક ઓફ ઈન્ડિયા પાસે, શિવ મંદિર ચોક, નવાવાસ, માધાપર ખાતે તા.૬-૬ને શનિવારે સાંજે ૬ વાગ્યે અપાશે, જેમાં જોડાવા ઈચ્છુક લોકોને પલ્લવીબેન રાઠોડનો સંપર્ક કરી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવું.

**ભુજને જોઈએ સીટી બસ**

● સર્વોત્તમ ભુજ સંઘર્ષ સમિતિ દ્વારા આગામી શનિવારના ૬-૬ના બપોરે ૧૨ વાગ્યે ભુજ નગરપાલિકા કચેરી ખાતે નગરપાલિકાના પ્રમુખને સિટી બસ શરૂ કરવા માટે આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે, જેથી સભ્યો ઉપરાંત સિટી બસ ચાલુ કરાવવા માંગતા ભુજના નાગરિકોને ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવ્યું છે.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સાહિત્ય ગોષ્ટી સાથે કાવ્ય પઠન બેઠક તા.૬-૬ના સાંજે ૫.૩૦ વાગ્યે નરસિંહ ભગવાન મંદિર ખાતે યોજવામાં આવશે.

# અંજારમાં પ્રભાતફેરીથી ભક્તિમય માહોલ સર્જાયો

## પદ્મિની એકાદશી નિમિત્તે આસ્થાળુઓનો વિશાળ ઉમટો

અંજાર - કચ્છ ઉદય : અધિક માસની પાવન પદ્મિની એકાદશી નિમિત્તે મુંબઈ—અંજારના જયશ્રી કૃષ્ણ ગ્રુપ દ્વારા અંજાર શહેરમાં ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે નીકળેલી આ પ્રભાતફેરીમાં મોટી સંખ્યામાં આસ્થાળુઓ જોડાયા હતા અને સમગ્ર શહેરના મુખ્ય માર્ગો ભક્તિરસથી ગૂંજી ઉઠ્યા હતા. પ્રભાતફેરી દરમિયાન ભજન, કીર્તન અને હરિનામના જયઘોષથી વાતાવરણ સંપૂર્ણ રીતે આધ્યાત્મિક બની ગયું હતું. માર્ગોમાં ચાલતી આ ભક્તિ યાત્રાએ શહેરમાં અનોખો ધાર્મિક ઉત્સાહ અને સંસ્કારમય માહોલ ઉભો કર્યો હતો. જયશ્રી કૃષ્ણ ગ્રુપના સભ્યોએ જણાવ્યું હતું કે છેલ્લા સાડા ચાર માસ દરમિયાન ગૌસેવા પ્રવૃત્તિ અંતર્ગત અંદાજે ૬૦૦ કિલો ચણ તથા રૂા. ૧૮,૨૦૦થી વધુ મૂલ્યનો ગૌચારો ગૌમાતાને અર્પણ કરવામાં આવ્યો છે. આ સેવા કાર્ય સતત ચાલતું રહ્યું હોવાનું પણ તેઓએ જણાવ્યુ હતું. પ્રભાતફેરીના અંતે સનાતન ધર્મના પ્રચાર—પ્રસાર, ભારતીય સંસ્કૃતિના જતન તથા સમાજમાં ભક્તિભાવ અને સેવાભાવ વધારવાનો સંકલ્પ લેવાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ભક્તોએ આ પ્રકારની ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓને સતત આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# રત્નકણિકા

કોઇને ખુશી આપવાથી મળેલી ખુશી જ સાચી ખુશી છે.- ગ્રેટ બૂકર

# પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૫,તા.૫ જૂન ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૧૯, શ્રવણ નક્ષત્ર, બ્રહ્મા યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

**મેષ**: અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.

**વૃષભ**: પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.

**મિથુન**: તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.

**કર્ક**: આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.

**સિંહ**: આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.

**કન્યા**: મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.

**તુલા**: સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.

**વૃશ્ચિક**: જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.

**ધન**: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

**મકર**: પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.

**કુંભ**: મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.

**મીન**: મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
પ્રગતિનું પર્વ,
પ્રકૃતિનો ગર્વ
આત્મનિર્ભર ભારતના પ્રણેતા
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીના
વરદ હસ્તે
₹ ૧૮,૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત
તેમજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી
ગરીમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી સી. આર. પાટીલ
માનનીય કેન્દ્રીય જળશક્તિ મંત્રી, ભારત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
કાર્યક્રમની વિશેષતાઓ
▪ પ્લાસ્ટિક કે થર્મોકોલના ઉપયોગ વિના ૧૦૦% સસ્ટેનેબલ ડેકોરેશન
▪ સુરતના ફાઇન આર્ટસના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રીસાઇકલ કાપડમાંથી તૈયાર થયેલું સ્ટેજ બેકડ્રોપ
▪ પર્યાવરણનો સંદેશ આપતી ૫૦૦૦ થી વધુ નાગરિકોની કૃતિઓનો સમાવેશ તેમજ હેન્ડ-પેઇન્ટેડ હોર્ડિંગ્સ તેમજ પેનલ્સ
▪ આદિવાસી કલાકારો દ્વારા તૈયાર થયેલ પરંપરાગત વાંસ આધારિત વિવિધ ઈન્સ્ટોલેશન
▪ વેસ્ટમાંથી બેસ્ટ અભિગમ સાથે રીસાઇકલ સામગ્રીથી તૈયાર થયેલી શિલ્પકૃતિઓનો સમાવેશ.
▪ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી ઇકો - ફ્રેન્ડલી રંગોળી
▪ ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ૬ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત
▪ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
▪ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
▪ શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત કર્મચારી રાજ્ય વીમા નિગમના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
▪ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
▪ માર્ગ અને મકાન વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ
▪ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વિકાસલક્ષી પ્રકલ્પનું લોકાર્પણ
▪ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જિલ્લા પંચાયત ડાંગ-આહવાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ
તારીખ: ૦૫ જૂન, ૨૦૨૬ | સમય: સાંજે ૪:૧૫ વાગે | સ્થળ: પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત
“આદરણીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ₹૧૮,૦૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ એ ગુજરાતમાં ‘પ્રગતિ અને પ્રકૃતિ'ના ઉત્તમ સમન્વય થકી 'વિકસિત ભારત'ના નિર્માણની મજબૂત ગેરંટી છે.”
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
EV
કાર્યક્રમનું જીવંત પ્રસારણ: DD NEWS ડી ડી ન્યૂઝ CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

# દિલ્હી-બિહારની દુર્ઘટના છતાં કચ્છનું તંત્ર ઘોર નિદ્રામાં: ફાયર સેફ્ટીના નામે માત્ર 'કાગળ પરના ઘોડા'

## રાજકોટ ગેમઝોન કાંડ બાદ શરૂ થયેલી તપાસ ઝુંબેશ ઠપ્પ : હોટલો, મોલ, શાળાઓ અને સરકારી કચેરીઓમાં માત્ર નોટિસો આપી સંતોષ મનાયો

ભુજ : તાજેતરમાં દિલ્હીની એક જાણીતી હોટલ અને બિહારની હોસ્પિટલમાં સર્જાયેલા ભીષણ અગ્નિકાંડને પગલે સમગ્ર દેશમાં ફરી એકવાર ફાયર સેફ્ટીના નિયમોની કડક અમલવારી અંગે ચર્ચાઓ જાગી છે. ભૂતકાળમાં રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં ઘટેલી કાળઝાળ ઘટના બાદ પણ સ્થાનિક પ્રશાસન કોઈ નક્કર પાઠ શીખ્યું ન હોય તેમ લાગી રહ્યું છે. સરહદી અને ઔદ્યોગિક હબ ગણાતા કચ્છ જિલ્લામાં પણ આ પ્રકારની ગંભીર દુર્ઘટનાઓ બાદ માત્ર થોડા દિવસો પૂરતી દોડધામ કરવામાં આવે છે અને બાદમાં બધું 'સુરસુરીયું' થઈ જતું હોવાની વ્યાપક બૂમો ઉઠી છે.

રાજકોટ ગેમઝોનની હોનારત બાદ રાજ્ય સરકારના કડક આદેશોને પગલે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ, ગાંધીધામ, અંજાર અને મુંદરા સહિતના વિસ્તારોમાં હોટલો, મલ્ટીપ્લેક્સ, ખાનગી શાળાઓ, કોલેજો, હોસ્પિટલો અને ખુદ સરકારી કચેરીઓમાં ફાયર સેફ્ટીના સાધનો અંગે તપાસના નાટક ભજવવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા અસંખ્ય એકમોને કારણદર્શક નોટિસો ફટકારવામાં આવી હતી અને કેટલાકને સીલ પણ કરાયા હતા. પરંતુ, દિલ્હી અને બિહારની તાજી ઘટનાઓ સાબિત કરે છે કે કચ્છમાં આપેલી નોટિસો માત્ર કાગળ પર જ રહી ગઈ છે. આજે પણ મોટાભાગના વ્યાપારી સંકુલો અને શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર એન.ઓ.સી. વગર જ ધમધમાટ ચાલી રહ્યો છે.

સૌથી આશ્ચર્યજનક અને ચિંતાજનક બાબત એ છે કે જ્યાં હજારો નાગરિકો રોજબરોજ પોતાના કામકાજ માટે આવે છે, તેવી સરકારી કચેરીઓમાં જ ફાયર સેફ્ટીની ઘોર ઉપેક્ષા જોવા મળી રહી છે. જિલ્લાની કેટલીક મહત્વની સરકારી ઈમારતોમાં કાં તો ફાયર એક્સટિંગ્યુશર (અગ્નિશામક સિલિન્ડર) એક્સપાયરી ડેટ વાળા લટકી રહ્યા છે અથવા તો પાણીની હાઈડ્રન્ટ સિસ્ટમ માત્ર શોભાના ગાંઠિયા સમાન બની ગઈ છે. જ્યારે કાયદો બનાવનાર અને તેનો અમલ કરાવનાર સરકારી તંત્ર જ ખુદ નિયમોનું ઉલ્લંઘન કરતું હોય, ત્યારે ખાનગી માલિકો સામે કડક પગલાં કોણ ભરે તે મોટો સવાલ છે. જે એકમોને તંત્ર દ્વારા નોટિસો આપવામાં આવી હતી, તેમણે નિયમોનું પાલન કર્યું કે નહીં તેનું ક્રોસ-વેરિફિકેશન કેમ કરવામાં આવતું નથી ? તપાસ ઝુંબેશ શરૂ થતાં માત્ર નોટિસો આપીને પ્રકરણ કેમ દબાવી દેવામાં આવે છે ? શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે ? જો ભવિષ્યમાં કચ્છની કોઈ શાળા, હોસ્પિટલ કે હોટલમાં અગ્નિકાંડ સર્જાય તો તેની નૈતિક અને કાયદાકીય જવાબદારી કોની રહેશે ? કચ્છની જનતા હવે સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે માંગ કરી રહી છે કે દિલ્હી અને બિહાર જેવી દુર્ઘટનાઓનું પુનરાવર્તન કચ્છમાં ન થાય તે માટે તંત્ર એક્શન મોડમાં આવે. માત્ર દેખાડા પૂરતી તપાસ કરવાને બદલે નિયમોનો ભંગ કરનારા તમામ વ્યાપારીઓ, હોસ્પિટલો, શાળાઓ અને સરકારી જવાબદારો સામે ફોજદારી ગુના નોંધી કડક કાયદાકીય અમલવારી કરાવવામાં આવે તે સમયની તાતી જરૂરિયાત છે.

### કચ્છમાં ઔદ્યોગિક વિસ્તારો અને હોટલો સળગતા બોમ્બ સમાન

કચ્છ જિલ્લો પ્રવાસન અને ઉદ્યોગોની દ્રષ્ટિએ ખૂબ જ ઝડપથી વિકસી રહ્યો છે. ભુજ અને ગાંધીધામની આસપાસ આવેલી સેંકડો હોટલો અને રેસ્ટોરન્ટ્સમાં રોજના હજારો પ્રવાસીઓ રોકાય છે. સુત્રોના જણાવ્યા અનુસાર, આમાંથી ઘણી હોટલો પાસે સક્ષમ ફાયર સેફ્ટી સિસ્ટમ નથી અથવા તો ગેરકાયદેસર બાંધકામોને કારણે ઈમરજન્સી એક્ઝિટ (બહાર નીકળવાનો રસ્તો) બંધ કરી દેવાયા છે. શાળાઓ અને કોલેજોમાં હજારો માસૂમ બાળકોના જીવ જોખમમાં મૂકીને ક્લાસીસ ચલાવવામાં આવી રહ્યા છે.

# સરહદી કચ્છ જિલ્લાને વધુ ૪ નવી સરકારી માધ્યમિક શાળાઓની મળી ભેટ

ભુજ - કચ્છઉદય : ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ આઠમું ધોરણ પાસ કર્યા બાદ ઘરઆંગણે આગળના અભ્યાસની વ્યવસ્થા ન હોવાને કારણે શિક્ષણ અધવચ્ચે જ છોડી દેતા હોવાની ગંભીર સમસ્યા લાંબા સમયથી ચર્ચામાં છે. આ ચિંતાજનક પરિસ્થિતિના કાયમી નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત સરહદી કચ્છ જિલ્લાને વધુ ચાર નવી સરકારી માધ્યમિક શાળાઓ ફાળવવામાં આવી છે. ખાસ વાત એ છે કે, આ ચારેય શાળાઓ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો માટે મંજૂર કરવામાં આવી છે, જેથી સ્થાનિક સ્તરે જ બાળકોને માધ્યમિક શિક્ષણ મળી રહે. સમગ્ર રાજ્યમાં બુધવારે મંજૂર કરાયેલી કુલ ૧૧ શાળાઓ પૈકી ૪ શાળાઓ એકલા કચ્છ જિલ્લાના ફાળે આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, ભુજ તાલુકાના બાઉખા અને સુમરાસર જત, ભચાઉ તાલુકાના ઐતિહાસિક પ્રવાસન સ્થળ ધોળાવીરા તેમજ અબડાસા તાલુકાના કાળા તળાવ ગામ ખાતે નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે.

કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારના જણાવ્યા અનુસાર ઓછા સમયગાળામાં જિલ્લાને ૧૧ શાળાઓની મોટી ભેટ મળી ચૂકી છે. અગાઉ એપ્રિલ માસમાં ૩ શાળાઓ અને બે દિવસ પહેલાં જ અન્ય ૪ શાળાઓને મંજૂરી અપાઈ હતી. આગામી સમયમાં પણ આ વેગ યથાવત રહેશે, કારણ કે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં સમગ્ર ગુજરાતમાં શરૂ થનારી ૨૦૦ નવી શાળાઓમાંથી માત્ર કચ્છ જિલ્લાને જ વધુ ૩૮ શાળાઓ ફાળવવાનું આયોજન છે. આ રીતે ચાલુ વર્ષ દરમિયાન છેવાડાના વિસ્તારોમાં શિક્ષણના વ્યાપ અને વિકાસ માટે સરકાર દ્વારા જિલ્લામાં કુલ ૪૯ નવી સરકારી માધ્યમિક શાળાઓ કાર્યરત કરવામાં આવશે. અત્યાર સુધી મંજૂર થયેલી તમામ ૧૧ શાળાઓમાં ચાલુ શૈક્ષણિક સત્રથી જ નિયમિત અભ્યાસક્રમ શરૂ કરી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ એપ્રિલ માસ દરમિયાન ભચાઉ તાલુકાના બંધડી અને ચીરઈ તેમજ રાપર તાલુકાના આણંદસરમાં શાળાઓ મંજૂર કરાઈ હતી. જ્યારે બે દિવસ પહેલાં ભચાઉના શિવલખા, મુંદરા શહેર, ગાંધીધામ શહેર અને માંડવી શહેરમાં વિજ્ઞાન પ્રવાહની શાળાને મંજૂરી મળી હતી. બીજી તરફ, ભચાઉના અંતરિયાળ અને સંવેદનશીલ વિસ્તાર ગણાતા ધોળાવીરા ગામમાં લાંબા સમયની રજૂઆતો અને સ્થાનિકોની મહેનત બાદ ખાસ કિસ્સામાં માધ્યમિક શાળા મંજૂર થતાં સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# જિલ્લા સમાહર્તા દ્વારા વિવિધ જાહેરનામા જારી કરાયા

ભુજ : કચ્છમાં કાયદો - વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ રાણાવસિયા દ્વારા વિવિધ જાહેરનામા અમલી બનાવાયા છે, જે અંતર્ગત ડિસ્ટ્રીબ્યુટરોએ સીમકાર્ડના વેચાણનું રજિસ્ટર નિભાવવા, લેબર કોન્ટ્રાક્ટરોએ નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને મજૂરો પુરા પાડવા નહીં, જૂના મોબાઈલ લે-વેચ કરતા વેપારીઓએ રજિસ્ટર નિભાવવા, કચ્છમાં ખાનગી ટ્યુશન ક્લાસિસ સવારે ૮ થી સાંજે ૭ સુધી કાર્યરત રાખવા, લેબર કોન્ટ્રાક્ટરોએ મજૂરોને પાણી, વીજળી, રહેણા, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા, હોટલ સંચાલકોએ મુસાફરોની આવન-જાવનનું રજિસ્ટર નિભાવવા અને પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી કરવા, હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળા, મુસાફરખાનામાં આવતા-જતા પ્રવાસીઓનું રજિસ્ટર નિભાવવા, વેપારીઓએ જૂના-નવા વાહનોના વેચાણ અંગેનું રજિસ્ટર નિભાવવા, પોલીસને જાણ કર્યા વગર કોઈને મકાન ભાડે ન આપવા, કચ્છના ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ રાજ્ય - જિલ્લાના બહારના ડ્રાઈવર - ક્લીનરોને નોંધણી કરાવ્યા સિવાય કામે ન રાખવા, નગરપાલિકાઓના અધિકૃત વિસ્તાર સિવાય ઘાસચારાના વેચાણ પર પ્રતિબંધ, કચ્છના કેબલ ઓપરેટરોને બીએસએનએલ અને પીજીવીસીએલના થાંભલાનો ઉપયોગ ન કરવા, સૈન્યના વસ્ત્રો કે અન્ય ચીજવસ્તુઓનું બિનઅધિકૃત રીતે વેચાણ ન કરવા, કચ્છના મહત્ત્વના સ્થાનો પર સીસી ટીવી કેમેરા લગાડવા, કચ્છના ૮ જેટલા ટોલપ્લાઝા પર ટોલટેક્ષ ચૂકવીને વાહન પસાર કરવા, બોર-ટ્યુબવેલના બાંધકામ અંગે પ્રતિબંધાત્મક હુકમોનું પાલન કરવા, કચ્છના માનવ વસાહત રહિત ૨૧ જેટલા ટાપુઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે. આ તમામ જાહેરનામા તા.૨૮-૭ સુધી અમલમાં રહેશે.

# નખત્રાણામાં ટેમ્પો સ્ટેન્ડવાળા રોડ પર ખુલ્લેઆમ જામતી દારૂની મહેફીલો

## દારૂની પીને પડ્યા રહેતા દારૂડિયાઓના કારણે આ વિસ્તારમાંથી લોકોમાં ભય : સાંજના ૭ વાગ્યેને પ્યાસીઓની જામતી ભીડ : બૂટલેગરો ફોન કરો તો બાઈક દ્વારા થતી ડીલીવરી : પોલીસ હવે કાર્યવાહી નહીં કરે તો જનતા રેડની ચીમકી

નખત્રાણા : શહેરના ટેમ્પો સ્ટેન્ડ વાળા રોડ ઉપરથી ગૌશાળા રોડ સુધી સાંજે દારૂની મેહફીલો જામે છે, જો હવે પોલીસ કાર્યવાહી નહીં કરે તો કૈલાશનગરના લોકો જનતા રેડ કરી લોકશાહી ઢબે પ ોલીસ સ્ટેશનમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. નખત્રાણા શહેરમાં દારૂ વેચાતું હોયએ માની ન શકાય કારણ કે પોલીસ તંત્ર એટલું સક્રિય છે કે ક્યાંય બુટલેગર દેખાય નહીં અને દારૂ પણ મળે નહીં બહુ જ સટ્રીક છે તેવું કહેવામાં આવે છે, પરંતુ અહીં ચિત્ર કાંઈક ઉલટું જ દેખાડી સાક્ષી આપી રહ્યું છે.




સ્થાનિક સુત્રોએ કહ્યું હતું કે, ગાંધીના ગુજરાતમાં ભલે દારૂની છૂટ ન હોય પણ નખત્રાણામાં તો જાણે દારૂ વેચાણ માટે પ રમિશન આપી દેવાઈ હોય એમ અહીંના ટેમ્પો સ્ટેન્ડથી ગૌશાળા સુધી મોડી સાંજે બાઈકોમાં દેશી તેમજ વિદેશીની ડીલીવરી થઈ રહી છે. જયાં માંગો ત્યાં દારૂ મળી જાય છે. ટેમ્પા સ્ટેન્ડ પાસે સાંજે ૭ વાગ્યા બાદ પ્યાસીઓનો મેળાવડો જામે છે. દેશી તેમજ અંગ્રેજી દારૂ માટે એક ફોન કરો એટલે બાઈકથી દારૂ આપી જાય છે. પોલીસ તંત્ર ભલે અજાણ હોય નખત્રાણામાં દારૂ ન વેચાતો હોય પણ અહીંના ટેમ્પો સ્ટેન્ડ પાસે લટાર મારી જાય તો સાચું ખોટુ બધુ જ દેખાઈ આવશે. બ્રાન્ડેડ મોંઘી દારૂની બાટલીઓ કોણ ફેંકી ગયો હશે એવા પણ લોકો પ્રશ્ન કરી રહ્યા છે.

નખત્રાણા ભારતીય કિસાન સંઘના પ્રમુખ જગદીશભાઈ કેસરાણી તેમજ કૈલાશનગર રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં સાંજના સમયે ખુલ્લેઆમ દારૂ વેચાતાં હોય છે, તો શું પોલીસ સ્ટાફને ખબર નહીં હોય તેવો સવાલ ઉઠાવ્યો હતો. અહીંથી દરરોજ સાંજે ગૃ હિણીઓની અવરજવર રહે છે. આવા દારૂડિયા તત્વો દારૂ પીને અહીં પડ્યા હોય છે, જેના કારણે લોકોને સતત ભય સતાવે છે. મહિલાઓ અહીંથી નીકળવાનું ટાળે છે. જાહેર માર્ગ ઉપર દારૂની ખાલી બાટલીઓ જે વાતની ગવાહી પૂરી રહી છે. વહેલી તકે આ સમસ્યાનું પોલીસ નિરાકરણ લાવે તેવી માંગ કરી રહ્યા છે.

# ભચાઉ તાલુકાના મધ્યાહન ભોજન યોજનાના ૯ કેન્દ્રો પર સંચાલકની હંગામી ધોરણે નિમણૂક કરાશે

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના મધ્યાહન ભોજન યોજનાના કુલ-૦૯ કેન્દ્રો પર સંચાલકની હંગામી કરારના ધોરણે વર્ષ ૨૦૨૬-૨૭ માટે નિમણૂંક કરવાની થાય છે. મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રમાં વોંધ ડુંગર વિ સ્તાર પ્રાથમિક શાળા , સુરજબારી પ્રાથમિક શાળા, (ખડીર) પ્રાથમિક શાળા, ગણેશપર (ખડીર) પ્રાથમિક શાળા, ચેરીયાવાંઢ પ્રાથમિક શાળા, માધવપુર(માય) પ્રાથમિક શાળા, નંદગામ પ્રાથમિક શાળા, વેરશીવાંઢ(ખડીર) પ્રાથમિક શાળા, ગોકુલગામ પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે. નિયત નમૂનામાં અરજી મામલતદાર કચેરી, મધ્યસ્થ સેવા સદન, ગ્રાઉન્ડ ફ્લોર, ભચાઉ ખાતેથી જાહેરરજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળી શકશે તેમ મામલતદાર ભચાઉની અખબારી યાદીમાં જણાવાયું છે.

# કચ્છમાં ઉંદર પકડવાની જાળના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ

ભુજ - કચ્છઉદય : સંયુક્ત પશુપાલન નિયામક, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરની સુચના અનુસાર ઉંદર પકડવાની જાળ જેને ગ્લુ-બોર્ડ અથવા સ્ટીકી તરીકે પણ ઓળખવામાં આવે છે તે ઘાતક અને પ્રતિબંધિત છે. જેનો ઉપયોગ મોટાભાગે ઉંદરોને પકડવા માટે થાય છે. જ્યારે ઉંદર ગ્લુટ્રેપ વાળી સપાટી પર ચાલે છે અથવા ઉતરે છે ત્યારે ગુંદરની જાળમાં પકડાયા પછી પોતાની રીતે મુક્ત થવામાં અસમર્થ છે, જેનાં પરિણામે ડિહાઈડ્રેશન, ભુખમરો અને ગુંગળામણનાં કારણે આખરે પીડાદાયક મૃત્યુ પામે છે, જેથી કચ્છ વિસ્તારમાં ઉંદર પકડવાની જાળ (ગ્લુટ્રેપ) નાં ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જારી કરાયું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# કચ્છના પૂનરાજપરમાં જીએમડીસીના નવા લિગ્નાઈટ પ્રોજેક્ટનો સ્થાનિકો દ્વારા વિરોધ

### ગ્રામજનોએ હોબાળો મચાવી કામકાજ બંધ કરાવ્યું




ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પૂનરાજપર ખાતેથી ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના નવા લિગ્નાઈટ પ્રોજેક્ટને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પૂનરાજપરમાં જીએમડીસી દ્વારા લિગ્નાઈટ ખાણના પ્રોજેક્ટનું કામ શરૂ કરવામાં આવતાની સાથે જ સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોએ તેનો ભારે વિરોધ નોંધાવ્યો છે. પ્રોજેક્ટના ખાતમુહૂર્ત સમયે જ મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ ઉગ્ર હોબાળો મચાવીને ચાલુ કામકાજ સંપૂર્ણપણે બંધ કરાવી દીધું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર, પૂનરાજપર ખાતે જીએમડીસી દ્વારા લિગ્નાઈટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરીને જેવું કામ શરૂ કરાયું, કે તરત જ જમીન ગુમાવનારા સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. પ્રદર્શનકારીઓની મુખ્ય માંગ એ છે કે, સરકાર અને વહીવટી તંત્ર દ્વારા સૌથી પહેલા આ જમીનનું પ્રમોલગેશન કરવામાં આવે. આ સાથે જ ખેડૂતોએ સ્પષ્ટ રજૂઆત કરી છે કે વહીવટી તંત્ર દ્વારા પહેલા તેમની જમીનોની યોગ્ય માપણી કરવામાં આવે, અને ત્યારબાદ જ આ પ્રોજેક્ટની આગળની કામગીરી શરૂ કરવામાં આવે છે.

જમીન માપણી અને પ્રમોલગેશનની પ્રક્રિયા વગર જ કામ શરૂ કરી દેવાતા ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ગ્રામજનોના આ આક્રમક મૂડ અને વિરોધ પ્રદર્શનને પગલે સ્થિતિ વધુ વણસે નહીં તે માટે તંત્ર દ્વારા ઘટના સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ પૂરતું ગ્રામજનોએ કામ અટકાવી દીધું છે અને જ્યાં સુધી તેમની ન્યાયિક માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે. બીજી તરફ તંત્ર દ્વારા જમીન માપણી બાદ જ આગળનું કામ શરૂ કરવાની માંગ સાથે પોલીસ તૈનાત રાખવામાં આવી છે.

# જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણ જાહેરનામા અમલી

ભુજ : કચ્છમાં કાયદો - વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં કામસર આવતા લોકોને કોઈ અગવડ ન પડે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફરી ત્રણ જાહેરનામા અમલી બનાવાયા છે, જે અંતર્ગત જિલ્લા - મધ્યસ્થ તાલુકા સેવા સદનના પરિસરની ૧૦૦ મિટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ પર બેસવા મનાઈ ફરમાવાઈ છે. આ ઉપરાંત ભુજની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ અને જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતા વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર રોક લગાવાઈ છે. આ ત્રણેય જાહેરનામા તા.૯-૬ સુધી અમલી રહેશે.

# ભૂતકાળમાં ભુજ બસ સ્ટેશન પરથી કોન્સ્ટેબલે ઝડપી પાડ્યું હતું બાંગ્લાદેશીઓનું મોટું જુથ

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકારના આદેશ બાદ હાલમાં કચ્છ સહિત ગુજરાતમાં બાંગ્લાદેશીઓ પર 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ કાર્યવાહી ચાલી રહી છે ત્યારે એક જૂની સ્મૃતિ જાણવી રસપ્રદ બની રહેશે. ભુજના સિનિયર સિટીઝન જગદીશચંદ્ર છાયાએ વિગતો આપતા જણાવ્યું હતું કે, ભૂતકાળમાં એક કોન્સ્ટેબલે ભુજનાં બસ સ્ટેશનેથી બાંગ્લાદેશીઓનાં મોટાં જુથને પકડી પાડ્યું હતું. શ્રી છાયાએ આ અંગે વિસ્તારમાં સ્મૃતિ વાગોળતા જણાવ્યું હતું કે, નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ ઈશાકભાઈ હિંગોરા સાથે થયેલી વાતચીત મુજબ એ વખતે ભુજ બસ સ્ટેશન ચોકીમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ સ્વ. જંગબહાદુર ભીમબહાદુરે સોથી વધુ બાંગ્લાદેશીઓને પકડ્યા હતા. તે વખતે ઈશાક હિંગોરા પણ ભુજ સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા.

# ભાવનગરમાં કાલિદાસ કૃત મેઘદૂતમ નાટક ભજવાશે

ભાવનગર : કાલિદાસ કૃત 'મેઘદૂતમ્' મહાકાવ્ય પરથી રૂપાંતરીત નાટકની ભજવણી નાટ્યગૃહ યશવંતરાય નાટ્યગૃહ ખાતે ૭-૬ના રવિવારે ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરનાં આર્થિક સહયોગથી મહાકાવ્ય ઇતિહાસની મહાકવિતાનું પ્રસ્તુતીકરણ થવા જઈ રહ્યું છે. જેનું લેખન નાટ્યરૂપાંતરણ જગત ભટ્ટ અને ડો. અમિત ગલાણી દ્વારા કરવામાં આવ્યુ છે. નિર્માણ અને દિગ્દર્શન વિપુલ રાઠોડ અને જીબ્રિલ પરમાર દ્વારા થયેલ છે. સ્થાનિક કલાકારો અનુષ્ ઠાપંડ્યા, ઋત્વા ભાલીયા, અક્ષય મકવાણા, પ્રાર્થના, પ્રણતિ, વસીમ અકરમ, આતીફ, અભિષેક, રચીત, નિમેશભાઈ, દિવાકરભાઈ અને ધ્રુવિત સોની દ્વારા અભિનીત નાટક નિહાળવા અને કલાકારોનો ઉત્સાહ વધારવા ભાવનગરની કલારસીક જનતા આમંત્રણ પાઠવાયું છે. યશવંતરાય નાટ્ય ગૃહ ખાતે ૭-૭ના રાત્રે ૯ કલાકે પ્રવેશ પાસ મેળવવાનું સ્થળ અને સમય ૫-૬ના શુક્રવારે સવારે ૧૦થી રાત ના ૧૦ વાગ્યા સુધી યશવંતરાય નાટ્યગૃહથી મેળવી લેવૂ (નિઃશુલ્ક) રહેશે.

### પરપ્રાંતિય વસતીના કારણે શરાબની બદી વકરી છતાં પોલીસ પગલાં ભરતી નથી

# જનતા રેડની ચીમકી અપાતા નલિયા અને વાયોરમાં દારૂના અડ્ડા રાતો રાત બંધ

### નલિયામાં આમ આદમી પાર્ટીની મળેલી બેઠકમાં આગેવાનોએ આપી હતી ચીમકી : ચૂંટણીમાં ભલે ન જીત્યા પણ પ્રજાલક્ષી મુદાને હંમેશા પ્રાધાન્ય આપવાનો કોલ અપાયો





નલિયા - કચ્છઉદય : નલિયા મધ્યે આમ આદમી પાર્ટીની બેઠકમાં ચૂંટણી લડનારાઓનું સન્માન કરવા સાથે આગામી ૨૭ની વિધાનસભા માટે ચર્ચા કરાઈ હતી. અબડાસા નલિયાની આમ આદમી પાર્ટીની સભા નલિયા ખાતે પંચવટી કૉમ્પ્લેક્સ ખાતે યોજાયેલ જેમાં મુદાઓ દારૂની બદીબંધ કરાવવા, રોડ રસ્તાઓ, શિક્ષણ, અને મેડિકલ ક્ષેત્ર સહિતની ચર્ચા કરેલ હતી. મિટિંગમાં આખા અબડાસાની અંદર જનતા રેડની ચીમકી અપાઈ હોઈ આજની તારીખે દારૂ બંધ રાખવામાં આવેલ તેની ચર્ચા કરી આ આમ આદમી પાર્ટીની તાકાત છે તેવું અગ્રણીઓએ જણાવેલ હતું.

તાલુકામાં નેતૃત્વ અબડાસાના પ્રમુખ મહાવીરસિંહ રામુભા જાડેજાએ કરેલ હતું. મુખ્ય મહેમાનો ડૉ. કે.એમ. રાણા (સંગઠન મંત્રી, ગુજરાત પ્રદેશ), મનોજભાઈ પંડિત પ્રભારી કચ્છ ઝોન, સંજયભાઈ બાપટ (પૂર્વ સંગઠન મંત્રી), ગાંગજીભાઈ માહેશ્વરી (લોકસભા ઈન્ચાર્જ) ડૉ. નેહલ વૈધ્ય (લોકસભા પ્રભારી), ઝુઝારદાન ગઢવી (પશ્ચિમ કચ્છ જિલ્લા પ્રમુખ), ગોવિંદભાઈ મારવાડા (પશ્ચિમ કચ્છ જિલ્લા ઉપપ્રમુખ), ભારૂભાઈ ગઢવી કિસાન સેલ પ્રમુખ, રાજીવભાઈ લોન્ચા, પ્રવકતા વિજય ભાઈ ગોસ્વામી, ભુજ શહેર પ્રમુખ, હરિભાઈ છાંગા , ભુજ તાલુકા પ્રમુખ કેસરાભાઈ પટેલ (નખત્રાણા તાલુકા પ્રમુખ), મહાવીરસિંહ જાડેજા (તાલુકા પ્રમુખ અબડાસા), સિદ્દીક છેરમામદ જાત (લખપત તાલુકા પ્રમુખ), મોહમ્મદભાઈ ખલીફા (ભુજ વિધાનસભા સહપ્રભારી), વિજેન્દ્રસિંહ જાડેજા મુન્દ્રા તાલુકા પ્રમુખ મુન્દ્રા, જીગ્નેશભાઈ રાવલ મુન્દ્રા શહેર પ્રમુખ, જયેશભાઈ સોની નખત્રાણા શહેર પ્રમુખ, અભુ ભખર ભટી પ્રવક્તા અબડાસા સાથે જે જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ચૂંટણીના ઉમેદવારો હતા. તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ જોડાયા હતા. ૨૦૨૭ની વિધાનસભાની તૈયારી કરવામાં આવી અને આજે પાર્ટીની જનતા રેડની ચીમકીનાં લીધે એક દિવસ દારૂ બાંધ રહ્યો તેમ કાયમ દારૂ બંધ રહેવો જોઈએ નહીંતર ગમે ત્યારે જનતા રેડ પાર્ટી દ્વાર પડાશે તેવું આમ આદમી પાર્ટીની અખબારી યાદીમાં જણાવ્યું હતું.


આજે વિશ્વ પર્યાવરણ દિન

# અર્બન ફોરેસ્ટ શહેરોને ઠંડા રાખવા માટે કુદરતી એસીની ગરજ સારે છે

## તાપમાન નિયંત્રિત કરવાથી લઇને શહેરોમાં ફરીથી જૈવ વિવિધતાને સક્રીય કરવામાં અર્બન ફોરેસ્ટનો નોંધપાત્ર ફાળો

ભુજ - કચ્છઉદય : આજે સમગ્ર વધતા શહેરીકરણના કારણે શહેરો વધુ ગરમ બની રહ્યા છે., શહેરોમાં જૈવ વિવિધતા નાશ પામી રહી છે, ઈમારતો, ઉદ્યોગો અને વાહનોની સંખ્યા વધવાને કોંક્રિટના જંગલો બનેલા શહેરોમાં વસતા મનુષ્યો કુદરતી વાતાવરણથી દુર થઈ ગયા છે. આવા સમયમાં પ્રદૂષણ મુક્ત અને સ્વાસ્થ્યપ્રદ જીવન જીવવા માટે 'અર્બન ફોરેસ્ટ' એટલે કે શહેરી જંગલોનો ખ્યાલ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.

રાજ્ય સરકાર ગ્રીન ગુજરાત ક્લિન ગુજરાતના મંત્ર સાથે શહેરીજનોને શુધ્ધ હવા માટે હરિયાળું સુરક્ષા કવચ આપવા કટિબધ્ધ છે. આ માટે રાજ્યના શહેરોમાં વન વિભાગ દ્વારા અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.અર્બન ફોરેસ્ટ એટલે શહેરની અંદર અથવા તેની આજુબાજુના ખાલી વિસ્તારોમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉગાડવામાં આવતા નાના કે મોટા જંગલો. આમાં સ્થાનિક આબોહવાને અનુકૂળ હોય તેવા વૃક્ષો, છોડ અને વેલાઓનું વાવેતર કરીને એક કુદરતી ઈકોસિસ્ટમ (પરિતંત્ર) તૈયાર કરવામાં આવે છે. હાલમાં ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં 'મિયાવાકી પદ્ધતિ' દ્વારા ખૂબ જ ટૂંકા સમયમાં ગીચ શહેરી જંગલો બનાવવામાં આવી રહ્યા છે. જે શહેરીજનો માટે લાભદાયક બની રહ્યા છે.






### શહેરી વનીકરણ માટે ગુજરાત સરકારની પહેલ

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના શહેરોને પ્રદૂષણ મુક્ત અને હરિયાળા બનાવવા માટે વન વિભાગ અને શહેરી વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે અનેક નવતર યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, 'વન કવચ' યોજના (જાપાનીઝ મિયાવાકી પદ્ધતિ) હેઠળના જંગલો શહેરોમાં 'ઓક્સિજન પાર્ક' તરીકે કામ કરી રહ્યા છે.હરિત વન પથ યોજનાહેઠળ રાજ્યના હાઈવે, કોસ્ટલ હાઈવે અને શહેરોની આસપાસની ખાલી જમીનો પર લાખો રોપાઓનું વાવેતર કરીને ગ્રીન બેલ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેથી પ્રદૂષણ રોકી શકાય.'એક પેડ મા કે નામ' અભિયાન, સામાજિક વનીકરણ અને સાંસ્કૃતિક વનોતથા સ્ટ્રીપ પ્લાન્ટેશન અને ગ્રામ વન હેઠળ રસ્તાઓ, નહેરોની બંને બાજુ વૃક્ષો વાવવા (સ્ટ્રીપ પ્લાન્ટેશન) અને પંચાયતોની ગૌચર જમીન પર 'ગ્રામ વન' બનાવી હરિયાળી વધારવાની યોજનાઓ પણ ખૂબ જ સફળ રહી છે. આમ, અર્બન ફોરેસ્ટ (શહેરી જંગલો) એ શહેરોના પ્રદૂષણને ઘટાડવા અને પર્યાવરણને સંતુલિત રાખવા માટેનો એક ઉત્તમ પ્રયોગ છે.

કચ્છની વાત કરીએ તો કચ્છમાં શહેરોની આસપાસ જંગલ વધારવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ભુજનું સ્મૃતિવન, સિંદુરવન,પુનીત વન, રક્ષકવન, માધાપર સર્વોદય સ્પોર્ટસ ખાતે અર્બન ફોરેસ્ટનું નિર્માણ, વન કવચ યોજના હેઠળ કચ્છમાં ૧૭ સ્થળ પર ૧૯ હેક્ટરમાં વૃક્ષો વાવવામાં આવ્યા છે.

આમ, આ વનો શહેરોને ઠંડા રાખવા કારગર સાબિત થઈ રહ્યા છે. ખાસ ઉદાહરણ જોઈએ તો,ભુજનું સ્મૃતિવન ફોરેસ્ટ તાપમાન નિયંત્રિત કરવાથી લઈને ભુજ શહેરમાં ફરીથી જૈવ વિવિધતાને જીવંત કરી છે. અહીં પક્ષીઓ,કીટકો,પતંગિયા તથા પ્રાણીઓ માટે કુદરતી આશ્રયસ્થાન ઉભું થયું છે.ઘટાદાર વૃક્ષો પક્ષીઓ, ખિસકોલીઓ અને પતંગિયાઓ જેવા નાના જીવોને નવું ઘર અને આહાર પૂરું પાડી રહ્યા છે. શહેરોમાં દોડધામ ભરેલી જિંદગી વચ્ચે આ જંગલ લોકોને હરવા-ફરવા માટેનું શાંત વાતાવરણ પુરુ પાડવા સાથે તણાવ દૂર કરવાનું કેન્દ્ર બન્યું છે.

અર્બન ફોરેસ્ટ એ માત્ર શોખની વસ્તુ નથી, પરંતુ આગામી પેઢીના અસ્તિત્વ માટેની અનિવાર્ય જરૂરિયાત છે. જો આપણે શહેરોને જીવવા લાયક રાખવા હોય, તો સરકારી પ્રયાસોની સાથે સાથે સામાન્ય નાગરિકોએ પણ વૃક્ષારોપણમાં ભાગ લેવો પડશે. "એક વ્યક્તિ, એક વૃક્ષ" ના સંકલ્પ સાથે જો દરેક શહેરીજન આગળ આવે, તો આપણા શહેરો ખરા અર્થમાં હરિયાળા અને તંદુરસ્ત બની શકશે.

### શહેરી જંગલોની મુખ્ય જરૂરિયાત અને ફાયદા

- શહેરી જંગલો હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા હાનિકારક વાયુઓને શોષી લે છે અને પુષ્કળ પ્રમાણમાં ઓક્સિજન આપે છે. તે વાતાવરણમાં રહેલા ધૂળના રજકણોને પણ ફિલ્ટર કરે છે.
- ઉનાળામાં સિમેન્ટ અને ડામરના રસ્તાઓને કારણે શહેરોમાં અતિશય ગરમી વર્તાય છે, જેને 'અર્બન હીટ આઈલેન્ડ ઈફેક્ટ' કહે છે. વૃક્ષોનો છાંયડો અને બાષ્પીભવનની પ્રક્રિયા આ ગરમીને ૨ થી ૫ ડિગ્રી સુધી ઘટાડી શકે છે.
- ગીચ વૃક્ષોની હારમાળા વાહનો અને ફેક્ટરીઓના મોટા અવાજોને શોષી લે છે, જેનાથી આસપાસના વિસ્તારોમાં શાંતિ જળવાય છે.
- શહેરીકરણને કારણે ચકલીઓ, પતંગિયા, ખિસકોલી અને અન્ય નાના જીવો નાશ પામી રહ્યા છે. અર્બન ફોરેસ્ટ આ જીવોને સુરક્ષિત આશ્રયસ્થાન અને ખોરાક પૂરો પાડે છે.
- વૃક્ષોના મૂળ વરસાદના પાણીને જમીનમાં ઉતારવામાં મદદ કરે છે, જેનાથી ભૂગર્ભ જળના તળ ઊંચા આવે છે અને ચોમાસામાં રોડ પર પાણી ભરાવાની સમસ્યા ઘટે છે.
- સિમેન્ટના પાકા મકાનો વચ્ચે લીલોતરી જોવાથી અને પક્ષીઓનો કલરવ સાંભળવાથી લોકોનો માનસિક તણાવ દૂર થાય છે.
- જંગલો સ્થાનિક નાગરિકો માટે વૉકિંગ, જોગિંગ, યોગા અને ધ્યાન કરવા માટે એક ઉત્તમ અને શુદ્ધ વાતાવરણ પૂરું પાડે છે.

### અર્બન ફોરેસ્ટના મુખ્ય ફાયદાઓ

- વૃક્ષો હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને ઓક્સિજન મુક્ત કરે છે. તે હવામાં રહેલા રજકણો અને પ્રદૂષકોને ફિલ્ટર કરે છે.
- કોંક્રિટના બિલ્ડિંગોને કારણે શહેરોમાં વધતી ગરમીને વૃક્ષો પોતાના છાંયડા અને બાષ્પીભવન દ્વારા ઘટાડે છે.
- જંગલો વરસાદના પાણીને જમીનમાં ઉતારવામાં મદદ કરે છે, જેથી પાણીના તળ ઊંચા આવે છે.
- ઘરો અને ઓફિસોની આસપાસ વૃક્ષો હોવાથી વાતાવરણ ઠંડુ રહે છે, જેનાથી એસીનો વપરાશ અને વીજળીનું બિલ ઘટે છે.
- શહેરી દોડધામ વચ્ચે આવા જંગલો લોકોને તણાવમુક્ત રાખવામાં અને માનસિક સ્વાસ્થ્ય સુધારવામાં મદદ કરે છે.
- સ્થાનિક નાગરિકો માટે મોર્નિંગ વોક, કસરત અને બાળકો માટે રમવા માટે આ એક ઉત્તમ કુદરતી જગ્યા બને છે.
- શહેરોમાં લુપ્ત થતા પક્ષીઓ, પતંગિયા અને ખિસકોલી જેવા નાના જીવોને રહેવા માટે આશ્રય મળે છે.
- ગીચ વૃક્ષો રસ્તા પરના વાહનોના ઘોંઘાટને શોષી લે છે અને અવાજનું પ્રદૂષણ ઘટાડે છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંકની ગાંધીનગર શાખાનો ૧૨માં વર્ષમાં ભવ્ય મંગલ પ્રવેશ







ગાંધીનગર - કચ્છઉદય : રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ગાંધીનગર શાખાનો ૧૨માં વર્ષનો મંગલ પ્રવેશ મહોત્સવ સેક્ટર-૨૧ સ્થિત બ્રાન્ચ પરિસર ખાતે ભારે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પધારેલા ગ્રાહકોનું કુમકુમ તિલક અને મીઠાઈથી પરંપરાગત સ્વાગત કરાયું હતું. ત્યારબાદ શાસ્ત્રોક્તવિધિથી ગણેશ પૂજન તેમજ ભારત માતાની આરતી સાથે મુખ્ય મહોત્સવનો પ્રારંભ થયો હતો.

બેંકના પ્રભારી ડિરેક્ટર સુરેન્દ્રભાઈ પટેલ, હરેશભાઈ ઠક્કર અને અમદાવાદ શાખા વિકાસ સમિતિના અધ્યક્ષ પ્રદીપભાઈ જૈન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ગાંધીનગર શાખાની ૧૪૫ કરોડના બિઝનેસની સફળ સફરને બિરદાવી હતી અને 'ગુડા'ની લોન આપતી એકમાત્ર બ્રાન્ચ તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સ્ટાફની યુવા ટીમને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા. મંચ પર સમિતિના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ જૈન, શૈલેષભાઈ માંડલિયા, સુરેખાબેન પટેલ, તુલસીભાઈ સાપરિયા, દીપકભાઈ પ્રજાપતિ, પંકજભાઈ ચુડાસમા અને રસિકભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અધ્યક્ષ ડૉ. ભરતભાઈ જૈન તેમજ સમિતિના સભ્ય પંકજભાઈ ચુડાસમાના જન્મદિવસની ગૌરવપૂર્ણ ઉજવણી કરાઈ હતી. બેંકમાં પાયાના પથ્થર તરીકે સેવા આપનાર નિવૃત્ત ઓફિસર પ્રકાશભાઈ જોબનપુત્રા, સબ સ્ટાફ પ્રદીપભાઈ ચુડાસમા, જુનિયર એક્ઝિક્યુટિવ નીતાબેન અભંગી, નવનિયુક્ત જુનિયર એક્ઝિક્યુટિવ્સ વિજય મકવાણા, રીતિકાબેન મોકરિયા, વિધિબેન પટેલ તેમજ શાખાની પ્રગતિમાં અનેરૂ યોગદાન આપનાર સ્ટાફ મિત્રો કેતનભાઈ કાપડિયા, કરણ વાઘેલા, સેજલબેન તિવારી અને ઊર્મિ મેવાડાનું મહાનુભાવોના વરદ હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. બ્રાન્ચના સિનિયર અધિકારી નિશીથ ભૂપેન્દ્રભાઈ ધોળકિયાએ શાખાનો પ્રગતિ અહેવાલ રજૂ કરતા જણાવ્યું હતું કે, ૧૨,૦૦૦ કરોડથી વધુનો બિઝનેસ ધરાવતા બેંકના વિશાળ વટવૃક્ષમાં ગાંધીનગર શાખા મહત્વનું યોગદાન આપી રહી છે. તેમણે અત્યાર સુધી ફરજ બજાવી ગયેલા તમામ ભૂતપૂર્વ મેનેજરો અને અધિકારીઓની પ્રેરણાદાયી મહેનતને યાદ કરી આદરપૂર્વક તેમનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન સિનિયર એક્ઝિક્યુટિવ નિશીથ ભૂપેન્દ્રભાઈ ધોળકિયાએ કર્યું હતું.

# ભુજના માથાભારે આરોપી સામે ચેપ્ટર કેસ કરવા અને જામીનનો વિરોધ કરવા પીડિતાની રજૂઆત

**પરિવારના રક્ષણ માટે જરૂરી પોલીસ સુરક્ષા આપવા અને તાત્કાલિક કાયદાકીય પગલાં ભરવા કરી અપીલ**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના સંજોગવાલા માતમ વિસ્તારમાં રહેતા અફરોઝબેન ઈમરાન બકાલીએ જિલ્લા પોલીસ અધિક્ષક, કાર્યપાલક મેજિસ્ટ્રેટ અને ભુજ શહેર એ-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત અરજી આપીને આરોપી ઈમરાન મોહમ્મદભાઈ બકાલી તથા તેના સાગરીતો વિરુદ્ધ જાહેર સુલેહ-શાંતિ ભંગ થવાની સંભાવના અંગે કડક પગલાં લેવાની માંગ કરી છે. પીડિતાએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે આરોપીઓ વિરુદ્ધ અગાઉ ભુજ મહિલા પોલીસ સ્ટેશનમાં તેમજ ભુજ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનાઓ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી ચૂકી છે.

આ ગુનાઓ બાદ પણ આરોપી અને તેના સાગરીતો દ્વારા તેમને સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને હુમલા કરવામાં આવ્યા છે. પીડિતાએ અગાઉ ડિસેમ્બર ૨૦૨૫માં પણ પોતાના પરિવારની સુરક્ષા અંગે લેખિતમાં ગંભીર ભય વ્યક્ત કર્યો હતો, જે ત્યારબાદ આરોપીઓએ કરેલા હુમલાથી સાચો સાબિત થયો છે. આરોપીઓનો સ્વભાવ અત્યંત ઝઘડાખોર અને ઉશ્કેરણીજનક હોવાથી તેઓ ભવિષ્યમાં ફરીથી પીડિતા અથવા તેમના પરિવારજનો સાથે મારામારી કરી શકે છે અથવા કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરીને જાહેર શાંતિનો ભંગ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે, જેના કારણે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ જોખમાઈ શકે છે.

આ પરિસ્થિતિને ધ્યાને રાખીને પીડિતાએ પોલીસ પ્રશાસન સમક્ષ માંગ કરી છે કે આરોપી ઈમરાન બકાલી અને તેના સાગરીતો સામે બીએનએસની જોગવાઈઓ મુજબ યોગ્ય ચેપ્ટર કેસ એટલે કે સુરક્ષા અને સારા વર્તન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે. આ સાથે જ આરોપીઓ પાસેથી સુલેહ-શાંતિ જાળવવા માટે બોન્ડ અને જામીનગીરી લેવામાં આવે અને જો તેઓ આ શરતોનો ભંગ કરે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. પીડિતાએ આશંકા વ્યક્ત કરી છે કે જો આરોપીઓને જામીન આપવામાં આવશે તો તેઓ ફરીથી ફરિયાદી અને સાક્ષીઓને ધમકાવી શકે છે તેમજ પુરાવાઓ સાથે છેડછાડ કરીને ન્યાયની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી શકે છે, જેથી તેમની જામીન અરજીઓનો સખત વિરોધ કરવામાં આવે તે જરૂરી છે. તેમણે પોતાના પરિવારના રક્ષણ માટે જરૂરી પોલીસ સુરક્ષા આપવાની અને ન્યાયના હિતમાં આ મામલે તાત્કાલિક યોગ્ય કાયદાકીય પગલાં ભરવાની અપીલ કરી છે.

# ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો મળે તે દિશામાં પ્રક્રિયા શરૂ

ભુજ - કચ્છઉદય : શહેરને નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો આપવા માટે હાલમાં વહીવટી, કાનૂની અને માળખાકીય સ્તરે ખૂબ જ મહત્વપૂર્ણ કામગીરી અને રજૂઆતો ચાલી રહી છે. સ્થાનિક વહીવટી તંત્ર અને સરકાર દ્વારા આ અંગેની પ્રક્રિયા કઈ દિશામાં આગળ વધી રહી છે.

ભુજ નગરપાલિકા દ્વારા શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા માટેનો સત્તાવાર ઠરાવ પસાર કરીને રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગને મંજૂરી માટે મોકલી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત 'ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન' અને સ્થાનિક સામાજિક સંગઠનો દ્વારા પણ મુખ્યમંત્રીને પત્ર લખીને ભુજને વહેલી તકે મહાનગરપાલિકા જાહેર કરવા સક્રિય રજૂઆતો કરવામાં આવી છે.

ભુજ પાલિકા દ્વારા જે નવું આધુનિક ૩ માળનું બિલ્ડિંગ તૈયાર કરવામાં આવ્યું છે, તેનું પ્લાનિંગ ભવિષ્યની મહાનગરપાલિકાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જ કરાયું છે. તેમાં ભવિષ્યમાં કોર્પોરેશન બન્યા પછી પણ સ્પેસ, સભાખંડ કે ઓફિસની સુવિધા માટે કોઈ તોડફોડ ન કરવી પડે તેવી અને લિફ્ટ તેમજ ડિજિટલ સુવિધાઓવાળી અદ્યતન વ્યવસ્થા અત્યારથી જ ઊભી કરાઈ છે.

કોઈપણ શહેરને મહાનગરપાલિકા બનાવવા માટે વસ્તી અને ભૌગોલિક વિસ્તારનું મોટું હોવું કાનૂની રીતે જરૂરી છે. ભુજને મહાનગરપાલિકા બનાવવા માટે તેની આસપાસના અને તેનાથી બિલકુલ અડીને આવેલા તેમજ ઝડપથી શહેરીકરણ પામી રહેલા વિસ્તારો જેવા કે માધાપર અને મિરઝાપર તેમજ અન્ય નજીકના પરાં વિસ્તારોને જોડીને "બૃહદ ભુજ"ની સીમાઓ નક્કી કરવાની આંતરિક વહીવટી ગણતરીઓ અને નકશા બનાવવાની કામગીરી ચાલી રહી છે.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના મોટા શહેરોને મહાનગરપાલિકામાં અપગ્રેડ કરવાની નીતિ અમલમાં છે, જેમાં પ્રથમ તબક્કામાં કચ્છના જ ગાંધીધામ સહિત મોરબી, વાપી, આણંદ, નવસારી વગેરે નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની પ્રક્રિયાને આખરી ઓપ અપાયો છે. બીજા તબક્કામાં જે શહેરોની વસ્તી અને વિસ્તાર આસપાસના પરાં વિસ્તારો સાથે જોડીને ૨થી ૩ લાખની આસપાસ થઈ રહી છે, તેમાં ભુજનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાંધીધામ પછી કચ્છમાં ભુજ બીજા ક્રમે કોર્પોરેશન બનવાની રેસમાં અગ્રેસર છે.

### મહાનગરપાલિકા બનવાથી ભુજને શું ફાયદો થશે

ભુજ જો કોર્પોરેશન બનશે તો તેને કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી સીધી કરોડની મોટી ગ્રાન્ટો મળશે. રસ્તાઓ, પાણી, ડ્રેનેજ, ટાઉન પ્લાનિંગ સ્કીમ અને સાર્વજનિક પરિવહન (સિટી બસ)નું કામ વધુ ઝડપી અને વ્યવસ્થિત બનશે. આ ઉપરાંત વહીવટ માટે આઈએએસ કક્ષાના મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક થશે, જેથી ભુજનો વિકાસ એક મેટ્રો સિટીની જેમ આયોજનબદ્ધ રીતે થઈ શકશે. હાલમાં ભુજવાસીઓ અને વેપારી મંડળો સરકાર તરફથી આ અંગેની સત્તાવાર જાહેરાત (નોટિફિકેશન) થાય તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

# આવતીકાલે કચ્છના વાર્તાકાર ડોક્ટર જયંત ખત્રીની પુણ્યતિથિ

ભુજ - કચ્છઉદય : કચ્છના જાણીતા સાહિત્યકાર વાર્તાકાર ડો. જયંતભાઈ ખત્રીની આવતીકાલે પુણ્યતિથિ છે. જયંત ખત્રીનો જન્મ મુન્દ્રા ખાતે ૨૪ સપ્ટેમ્બર, ૧૯૦૯ના રોજ થયુ હતું. તેમનું મૃત્યુ માંડવીમાં ૬ જુનના થયું હતુ. ભૂજમાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું અને માધ્યમિક શિક્ષણ તેમણે મુંબઈની ન્યૂ ભરડા હાઈસ્કૂલમાંથી મેળવ્યું હતું. ૧૯૩૫માં મુંબઈ નેશનલ મેડિકલ કોલેજમાંથી એલ. સી.પી.એસ.ની ડિગ્રી મેળવી શરૂઆતનાં વર્ષોમાં ત્યાં જ અને પછી માંડવીમાં દાક્તરી વ્યવસાય કર્યો. ભૂજ અને મુંબઈમાં શ્રમજીવીઓની વચ્ચેના વસવાટને કારણે તે વર્ગના જીવનની વિષમતાઓનો પ્રત્યક્ષ અનુભવ તેમને થયો હતો. તેઓ માંડવીના નાવિક મંડળ તથા માંડવી નગરપાલિકાના પ્રમુખ પણ રહી ચુક્યા હતા. તેમના ત્રણ વાર્તા સંગ્રહ ખૂબ જ જાણીતા છે તેમાં ૧૯૪૪માં "ફોરાં", ૧૯૫૨"માં "વહેતાંઝરણાં", ૧૯૬૮માં પ્રગટ મરણોત્તર થયેલો વાર્તા સંગ્રહ "ખરાબપોર " ખૂબ જ લોકપ્રિય છે. ડો.ખત્રીની સમગ્ર વાર્તાઓમાંથી પસાર થનાર ભાવક ચોક્કસ પણે એવું કહી શકે કે અનુભૂતિ અને અભિવ્યક્તિ બેઉ બાબતે ડો.ખત્રી પોતાના સમયગાળાથી ઘણા આગળ હતા. વાર્તાસ્વરૂપની એમની સમજ પાકી હતી. રચનારીતિના અવનવા પ્રયોગો જેવા કે મુક્ત સાહચર્ય, સંનિધીકરણ, કલ્પના અને વાસ્તવનું મિશ્રણ - સફળતાપૂર્વક કદાચ. ખત્રીએ પહેલવહેલાં કર્યા. કથનરીતિ પરત્વેની એમની સભાનતા વાર્તાને પ્રતીતિકરતાની ભોંય બક્ષે છે. પરંપરાગત માળખાની વાર્તાઓમાં આધુનિક સંવેદનનું નિરૂપણ કરતા આ વાર્તાકારથી જ ગુજરાતી વાર્તા મહત્ત્વનો વળાંક લઈ ચૂકી હતી. કલ્પન, પ્રતીક, ઈન્દ્રિયવ્યત્યયનો સાર્થક વિનિયોગ કરી ગુજરાતી ગદ્યને નવી જ તાજપ બક્ષનાર ખત્રી સાચા અર્થમાં ગુજરાતી વાર્તાનું એક અતિ મહત્ત્વનું સ્થિત્યંતર છે અને તેમની ઘટનાપ્રધાન ગુજરાતી વાર્તાનું શિખર છે.

# રાજકોટની એઈમ્સ હોસ્પિટલ ગરીબ અને મધ્યમવર્ગ માટે બની 'સંજીવની'

**૧૦ રૂપિયાના ઓપીડી કાર્ડ પર વર્ષભર નિષ્ણાત તબીબોની સલાહ, અકસ્માતના પ્રથમ ૨૪ કલાક તદ્દન મફત સારવાર : સાડા આઠ લાખથી વધુ દર્દીઓનો અતૂટ વિશ્વાસ આ સંસ્થાની સફળતાની સાક્ષી**

ભુજ - કચ્છઉદય : હવે મોંઘીદાટ હોસ્પિટલોના ખર્ચ સામે ગરીબોની લાચારીનો અંત આવ્યો છે. રાજકોટ એઈમ્સ સૌરાષ્ટ્રનું સૌથી મોટું મેડિકલ હબ બનીને ઉભર્યું છે. માત્ર રૂા. ૧૦ના ઓપીડી કાર્ડ પર વર્ષભર નિષ્ણાત તબીબોની સલાહ, અકસ્માતના પ્રથમ ૨૪ કલાક તદ્દન મફત સારવાર અને અત્યાર સુધીમાં સાડા આઠ લાખથી વધુ દર્દીઓનો અતૂટ વિશ્વાસ આ સંસ્થાની સફળતાની સાક્ષી પૂરે છે. ૨૨ સ્પેશિયલિટી અને ૬ સુપર સ્પેશિયલિટી સેવાઓ સાથે ગરીબ અને મધ્યમ વર્ગ માટે 'સંજીવની' બનેલી આ હોસ્પિટલે દર્દીઓને અમદાવાદ કે અન્ય મેટ્રો શહેરો તરફ દોડતા અટકાવ્યા છે.

ડિસેમ્બર ૨૦૨૦માં શિલાન્યાસ બાદ ફેબ્રુઆરી ૨૦૨૪થી કાર્યરત થયેલું, ૨૦૦ એકરમાં ફેલાયેલું રાજકોટ એઈમ્સ સૌરાષ્ટ્રના સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મોટો બદલાવ લાવ્યું છે. મયુરીબેન અને શ્રદ્ધાબેન જેવા અસંખ્ય દર્દીઓ આજે અહીંથી નવું જીવન મેળવીને હસતા મુખે ઘરે પરત ફરી રહ્યા છે. જટિલ અને મોંઘી સારવાર સ્થાનિક સ્તરે જ તદ્દન સસ્તા કે મફત દરે ઉપલબ્ધ થતાં સામાન્ય પરિવારોને આર્થિક પાયમાલીમાંથી મોટું રક્ષણ મળ્યું છે. ટેક્નોલોજી અને તબીબી કુશળતાના સમન્વયથી અહીં દર મહિને આશરે ૧૮૦ જેટલી જટિલ સર્જરી થાય છે. હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા ૮૬૧ ઓપરેશનનો આંકડો વર્ષ ૨૦૨૫માં સીધો વધીને ૧,૯૨૭ સુધી પહોંચી ગયો છે. અત્યાધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર અને લાઈફ સપોર્ટ સિસ્ટમ ધરાવતા આઈસીયુને કારણે હવે ન્યુરોસર્જરી અને યુરોલોજી જેવી અત્યંત જટિલ સર્જરીઓ રાજકોટમાં જ સરળતાથી શક્ય બની છે તેમ રાજકોટ એઈમ્સના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. એલ.એન. દોરાઈરાજનએ જણાવ્યું હતું.

સી-ડેક દ્વારા વિકસિત ઈલેક્ટ્રોનિક મેડિકલ રેકોર્ડ સિસ્ટમના કારણે જૂની રિપોર્ટ હિસ્ટ્રી માત્ર એક ક્લિક પર સ્ક્રીન સામે આવી જાય છે, જેથી દર્દીઓને ફાઈલોના ભારથી મુક્તિ મળી છે. અહીં ૩-ટેસ્લા એમઆરઆઈ અને સીટી સ્કેન સહિતની તમામ તપાસ બજાર કરતાં ખૂબ જ નજીવા દરે થાય છે. આરોગ્ય સેવાની સાથે શિક્ષણ ક્ષેત્રે પણ આ સંસ્થા આગળ વધી રહી છે, જ્યાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬થી એમબીબીએસની બેઠકો ૫૦થી વધારીને ૭૫ કરવામાં આવી છે, જે ભવિષ્યની સ્વાસ્થ્ય સેવાઓને વધુ મજબૂત બનાવશે.

# ભુજ તાલુકાના ધોરાવર ગામના તલાટીને ફરજિયાત નિવૃત્ત કરાયા

**મહિલા કર્મચારી ફરજમાં બજાવેલી અનિયમિતતા બદલ પગલાં ભરાયા**

ભુજ - કચ્છ ઉદય : જેમ રાજ્ય સરકાર દ્વારા ક્લાસ-૧ અધિકારીઓને ઘર ભેગા કરવામાં આવે છે. તેમ હવે કચ્છમાં પણ ફરજ દરમિયાન બેદરકારી દાખવતા કર્મચારીઓ સામે પગલાં લેવામાં આવી રહ્યા છે. ભુજ તાલુકાના ધોરાવર ગામના તલાટી સહમંત્રી ડોલીબેન કે.જરાદીને ડીડીઓ દ્વારા ફરજિયાત નિવૃત્ત કરવામાં આવ્યા છે.

આ તલાટી અગાઉ મુન્દ્રા તાલુકાના કાંડાગરા, અબડાસા તાલુકાના ગોયલા, નખત્રાણા સહિતના વિસ્તારમાં ફરજ બજાવી ચૂક્યા છે. બદલી સમયે ચાર્જ સોંપવા વખતે ગ્રામ પંચાયતનો રેકોર્ડ સોપવાનો હોય છે પરંતુ આ કર્મચારી દ્વારા દર વખતે નવા આવનારા તલાટીને રેકર્ડ સોંપવામાં આવ્યું નથી. સરકારી રેકોર્ડ સાથે ચેડા કરવામા આવ્યા છે, મુન્દ્રા તાલુકામાં ફરજ વખતે રેકોર્ડ બાળી નાખ્યા હતા, નખત્રાણામાં ફરજ દરમિયાન સરકારી રેકોર્ડ કૂવામાં નાખી દીધા હતા. આવી અનેક ફરિયાદો થઈ છે. ભૂતકાળમાં ઈજાફા પણ અટકાવાયા હતા.

નિવાસી કલેક્ટર દ્વારા આપવામાં આવેલી ફરજો નિભાવવામાં આવી નથી. વ્યાપક ફરિયાદો બાદ ડીડીઓ દ્વારા તપાસનો આદેશ અપાયો હતો. જેમાં તપાસ પૂર્ણ થયા પછી ફરજિયાત નિવૃત્ત કરવામાં આવતા અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યું છે. હજુ પણ લિસ્ટમાં આવા ઘણા કર્મચારીઓ છે તેઓ સામે પણ પગલાં ભરવામાં આવશે તેવું સૂત્રો જણાવે છે.

# બીસીસીઆઈનો નવો માસ્ટરપ્લાન : ખેલાડીઓ માટે રિટાયરમેન્ટ પોલિસીની તૈયારી




## એપેક્સ કાઉન્સિલની બેઠકમાં મહત્વની ચર્ચા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ પોતાનાએ ખેલાડીઓ માટે નવી રિટાયરમેન્ટ પોલિસી તૈયાર કરવાનો પ્લાન બનાવી રહ્યું છે. જે વિદેશી ટીર૦ લીગમાં રમવા માટે અચાનક સંન્યાસનો રસ્તો પસંદ કરે છે. હાલમાં એપેક્સ કાઉન્સિલેની યોજાયેલી બેઠકમાં આ ગંભીર મુદ્દા પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. બોર્ડે આ વાતને લઈ ચિંતિત છે કે, ભારતીય ક્રિકેટર્સ વિદેશી લીગના આકર્ષક પ્રસ્તાવનો ભાગ બનવા માટે સમય પહેલા ઈન્ટરનેશનલ કે ઘરેલું ક્રિકેટ અને આઈપીએલમાંથી સંન્યાસની જાહેરાત કરી રહ્યા છે.

બીસીસીઆઈના નિયમો મુજબ કોઈ પણ એક્ટિવ ભારતીય ક્રિકેટર્સ હોય કે તે ઈન્ટરનેશનલનો હોય, ઘરેલું સર્કિટનો ભાગ હોય કે પછી આઈપીએલ કોન્ટ્રાક્ટમાં હોય. તેને કોઈ પણ વિદેશી ટીર૦ કે ફેન્ચાઈઝી લીગમાં રમવાની પરવાનગી નથી. ખેલાડીઓ માત્ર ત્યારે જ લીગમાં જઈ શકે જ્યારે તે ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટ અને આઈપીએલમાંથી સંપૂર્ણ પણે સંન્યાસ લઈ લીધો હોય. આ નિયમના લૂપહોલનો ફાયદો ઉઠાવી હાલમાં અનેક ખેલાડીઓ સંન્યાસ લેતા વિદેશી ટીમો સાથે કરાર કર્યો છે.

રિપોર્ટ મુજબ એપેક્સ કાઉન્સિલની બેઠકમાં વિદેશી લીગના દરેક ખેલાડીઓના આ વર્તનને રોવા માટે એક કૂલિંગ ઓફ પીરિયડ લાવવા પર વિચાર કરી રહ્યું છે. ચર્ચા મુજબ જો કોઈ ભારતીય સંન્યાસ લઈ સીધો વિદેશી લીગમાં રમવા માંગે છે તો તેના પર ભારતીય ક્રિકેટ સિસ્ટમમાં પરત ફરવા પર અંદાજે ૫ વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે. ટુંકમાં ૫ વર્ષ સુધી ભારતીય ક્રિકેટનો ભાગ બની શકશે નહી. આ મોટા પગલાના ઉદ્દેશ્ય ખેલાડીઓને એક સંદેશ આપવા માંગે છે કે, તે સંન્યાસનો નિર્ણય સમજી -વિચારીને લે.

બોર્ડ ઈચ્છે છે કે, દેશની મહત્વની પ્રતિભાઓ અને અનુભવી ખેલાડીઓ મોટાભાગના સમય સુધી ઘરેલું ઢાંચા અને આઈપીએલની પ્રતિષ્ઠાને બનાવી રાખવામાં પોતાનું યોગદાન આપે. આ નીતિને અંતિમ સ્વરૂપ આપવાની અને તેના કાનૂની પાસાઓની તપાસ કરવાની જવાબદારી બીસીસીઆઈ પ્રમુખ અને સચિવને સોંપવામાં આવી છે.

# શ્રેયસ ઐયર ભારત ટીર૦ ટીમનો કેપ્ટન



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટમાં ટીર૦ ટીમની કેપ્ટનશીપને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. શ્રેયસ અય્યરને ભારતના ટીર૦ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. તે વર્તમાન ટીર૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવની જગ્યાએ ટીમની કમાન સંભાળશે.

કેટલાક સમયથી સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ અને તેની રમતને લઈને ઘણા સવાલો ઉઠી રહ્યા હતા. ટીર૦ વર્લ્ડ કપમાં અને ત્યારબાદની મેચોમાં તેની પોતાની રમત અપેક્ષા મુજબની રહી ન હતી. આ સિવાય આઈપીએલમાં પણ તે એવું પ્રદર્શન ન કરી શક્યો જેવી તેની પાસેથી આશા રાખવામાં આવી હતી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ટીમના સિલેક્ટર્સે વિચાર્યું કે હવે નવા કેપ્ટનની શોધ કરવી પડશે. શ્રેયસ અય્યર લાંબા સમયથી ભારતીય ક્રિકેટમાં એક ભરોસાપાત્ર બેટ્સમેન તરીકે જાણીતો છે. ડોમેસ્ટિક (ઘરેલું) ક્રિકેટમાં અને આઈપીએલમાં તે પહેલા પણ કેપ્ટનશીપ કરી ચૂક્યો છે. મેદાન પર તે સારી વિચારસરણી સાથે રમે છે અને દબાણની સ્થિતિમાં પણ સારા નિર્ણયો લે છે. આ જ અંદાજને કારણે ટીમ મેનેજમેન્ટની નજરમાં હતો જે બાદ તેને મહત્વની જવાબદારી આપવામાં આવી છે.

શ્રેયસ અય્યરે ઘરેલું ક્રિકેટ અને આઈપીએલમાં સતત પોતાની કેપ્ટન્સી સાબિત કરી છે. તેમની આગેવાની હેઠળ કેકેઆરે ૨૦૨૪માં ટ્રોફી જીતી હતી. ત્યારપછી ૨૦૨૫માં તેમણે લાંબા સમય બાદ પંજાબની ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. ચાલુ વર્ષે ૨૦૨૬માં પણ પંજાબનું પ્રદર્શન પ્રથમ હાફમાં સારું રહ્યું હતું, પરંતુ બીજા હાફમાં ટીમ લય ગુમાવી બેઠી હતી.

# વિરાટ કોહલીની જગ્યાએ ૪ ખેલાડી રેસમાં



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અફઘાનિસ્તાન સામે ૧૩ જૂનથી શરૂ થઈ રહેલી આગામી વન-ડે શ્રેણી પહેલાં જ ભારતીય ક્રિકેટ ટીમ અને ચાહકો માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર અને રન-મશીન બેટ્સમેન વિરાટ કોહલી હેમસ્ટ્રિંગ ઈજાના કારણે આ આગામી વન-ડે સીરીઝમાંથી બહાર થઈ ગયો છે. જોકે ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો અને વિવિધ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કિંગ કોહલી આ મહત્ત્વપૂર્ણ શ્રેણીમાં રમી શકશે નહીં. બીસીસીઆઈ ટૂંક સમયમાં જ કોહલીની ઈજા અંગે સત્તાવાર હેલ્થ અપડેટ જાહેર કરી શકે છે.

● **યશસ્વી જયસવાલ :** ડાબોડી ઓપનર યશસ્વી જયસવાલ છેલ્લા કેટલાક સમયથી ભારતીય વન-ડે ટીમનો નિયમિત ભાગ રહ્યો છે, પરંતુ આ અફઘાનિસ્તાન શ્રેણીની મુખ્ય ટીમમાં તેને તક મળી ન હતી. વર્ષ ૨૦૨૫માં ઈંગ્લેન્ડ સામે વન-ડે ક્રિકેટમાં ડેબ્યૂ કરનારા જયસવાલે ભારત માટે ૪ વન-ડે મેચ રમી છે, જેમાં તેના નામે એક શાનદાર સદી પણ નોંધાયેલી છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં અદભુત રેકોર્ડ ધરાવતો જયસવાલ વિરાટ કોહલીની ગેરહાજરીમાં નંબર-૩ પર એક મજબૂત વિકલ્પ સાબિત થઈ શકે છે. આ સિવાય, કેપ્ટન રોહિત શર્માના રમવા પર પણ સસ્પેન્સ હોવાથી જો હિટમેન બહાર થાય તો જયસવાલ ઓપનિંગની જવાબદારી પણ સંભાળી શકે છે.

● **સાઈ સુદર્શન :** આઈપીએલ ૨૦૨૬માં ગુજરાત ટાઈટન્સ તરફથી પોતાના બેટથી ધમાલ મચાવનાર સાઈ સુદર્શનની પણ ભારતીય વન-ડે ટીમમાં વાપસી થઈ શકે છે. વર્ષ ૨૦૨૩માં ભારત માટે વન-ડે ડેબ્યૂ કરનાર સુદર્શન પોતાની ક્લાસિક અને ઉત્તમ બેટિંગ ટેકનિક માટે જાણીતો છે. જોકે, તેને ટીમ ઈન્ડિયા માટે અત્યાર સુધી માત્ર ૩ જ મેચ રમવાની તક મળી છે, પરંતુ આ સીમિત તકોમાં પણ તેણે ૬૩.૫ની શાનદાર એવરેજથી ૧૨૭ રન બનાવીને પોતાની પ્રતિભા સાબિત કરી દીધી છે.

● **દેવદત્ત પડિકલ :** આરસીબીના સ્ટાર બેટ્સમેન અને આઈપીએલમાં વિરાટ કોહલીના સાથી રહી ચૂકેલા દેવદત્ત પડિકલ પણ નંબર-૩ માટે એક શાનદાર દાવેદાર છે. પડિકલનું ફોર્મ માત્ર આઈપીએલ ૨૦૨૬માં જ સારું રહ્યું છે એવું નથી, પરંતુ તેણે ઘરેલું ક્રિકેટની વિજય હજારે ટ્રોફીમાં પણ રનનો પહાડ ખડક્યો હતો. તે ટૂર્નામેન્ટની ૯ મેચોમાં ૯૦.૬૨ની આકાશી સરેરાશથી ૭૨૫ રન બનાવીને સમગ્ર ટૂર્નામેન્ટમાં બીજા ક્રમનો સૌથી વધુ રન બનાવનારો બેટ્સમેન રહ્યો હતો.


● **ઋતુરાજ ગાયકવાડ :** આ યાદીમાં ચોથું અને સૌથી મોટું નામ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડનું છે. ગાયકવાડે વર્ષ ૨૦૨૨માં ભારત માટે વન-ડે ડેબ્યૂ કર્યું હતું અને અત્યાર સુધી બ્લુ જર્સીમાં ૯ વન-ડે મેચ રમીને ૨૨૮ રન બનાવ્યા છે. તાજેતરમાં જ તેની પસંદગી ભારત-છ ટીમમાં પણ કરવામાં આવી છે, જ્યાં તેણે ઈજાગ્રસ્ત રિયાન પરાગનું સ્થાન લીધું છે. હવે જોવાનું એ રહેશે કે વિરાટ કોહલીની આ અણધારી ઈજા બાદ પસંદગીકારો ઋતુરાજ ગાયકવાડની સિનિયર ટીમમાં એન્ટ્રી કરાવે છે કે અન્ય કોઈ યુવા ખેલાડી પર ભરોસો મૂકે છે.

# ટીમ ઇન્ડિયાને એક બાદ એક ઝટકા



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝ શરૂ થાય તે પહેલાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી ઈજાના કારણે આ સિરીઝમાંથી પહેલાં જ બહાર થઈ ચૂક્યો છે અને હવે તેમના સાથી અને દિગ્ગજ ઓપનર રોહિત શર્માને લઈને પણ માઠા સમાચાર સામે આવ્યા છે. કોહલી બાદ હવે રોહિત શર્માની ફિટનેસ પર પણ ગંભીર આશંકા મંડરાઈ રહી છે. આગામી ૧૩ જૂનથી શરૂ થઈ રહેલી ૩ મેચોની આ વનડે સિરીઝના બરાબર પહેલાં જ બંને સિનિયર ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતાં ભારતીય બેટિંગ લાઈન-અપ સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલાઈ શકે છે. ૩૯ વર્ષીય રોહિત શર્મા હાલમાં માત્ર વનડે ફોર્મેટમાં જ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. તે વર્ષ ૨૦૨૪માં ટીર૦ અને ગત વર્ષે મે મહિનામાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહી ચૂક્યો છે. તાજેતરમાં જ પૂરી થયેલી આઈપીએલ દરમિયાન સ્નાયુઓમાં ખેંચાણ(મસલ સ્ટ્રેઈન)ની સમસ્યાના કારણે રોહિત કેટલીક મેચોમાંથી બહાર રહ્યો હતો. જોકે, અફઘાનિસ્તાન સિરીઝ માટે જાહેર કરાયેલી સ્ક્વોડમાં તેનો સમાવેશ તો કરવામાં આવ્યો છે, પરંતુ બીસીસીઆઈના સૂત્રોના જણાવ્યા પ્રમાણે મેદાન પર તેનું ઉતરવું સંપૂર્ણપણે ફિટનેસ ટેસ્ટ પાસ કરવા પર જ નિર્ભર રહેશે. આ વર્ષે આઈપીએલની ૯ મેચોમાં તેણે ૩૫.૩૭ની એવરેજથી ૨૮૩ રન બનાવ્યા છે, જેમાં બે અર્ધસદી સામેલ છે. જોવામાં આવે તો વનડે ફોર્મેટમાં રોહિત શર્માનો તાજેતરનો રેકોર્ડ ખૂબ જ દમદાર રહ્યો છે. ગત વર્ષે તેણે ૧૪ મેચોમાં ૫૦ની શાનદાર એવરેજથી ૬૫૦ રન બનાવ્યા હતા અને માર્ચ ૨૦૨૫માં ભારતને ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, આ વર્ષે ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી છેલ્લી વનડે સિરીઝમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ નહોતું રહ્યું અને તે ત્રણ ઈનિંગ્સમાં માત્ર ૬૧ રન જ બનાવી શક્યો હતો. આવી સ્થિતિમાં વર્લ્ડ કપ ૨૦૨૭ની લાંબી તૈયારીઓના દષ્ટિકોણથી રોહિત શર્માનું સંપૂર્ણ રીતે ફિટ હોવું ટીમ ઈન્ડિયા માટે અત્યંત જરૂરી છે.

# પંડ્યા પરિવારમાં ૧૦ ટ્રોફી છે..., હાર્દિક સાથે અણબનાવની અટકળો વચ્ચે કૃણાલ પંડ્યાનું નિવેદન



(એજન્સી દ્વારા)

મુંબઈ : ભારતીય ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ભાઈઓની જોડી એટલે કે હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા વચ્ચે ખરાબ સંબંધો હોવાની અફવાઓ છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર જોર પકડી રહી હતી. આઈપીએલ ૨૦૨૬ દરમિયાન જ્યારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મેચ રમાઈ, ત્યારે બંને ભાઈઓ એકબીજા સાથે ખૂબ જ શાંત અને ઉદાસીન દેખાતા હતા. મેચ દરમિયાન હાર્દિક આઉટ થયો ત્યારે કૃણાલે જોરદાર સેલિબ્રેશન પણ કર્યું હતું, જેના કારણે ફેન્સે અટકળો શરૂ કરી દીધી હતી કે બંને ભાઈઓ વચ્ચે હવે પહેલા જેવો પ્રેમ રહ્યો નથી.

આરસીબી તરફથી રમતા અને તાજેતરમાં જ આઈપીએલ ૨૦૨૬ની ટ્રોફી જીતનારા કૃણાલ પંડ્યાએ એક ઈન્ટરવ્યુમાં આ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે અને હાર્દિક સાથેના પોતાના ખાસ બોન્ડ વિશે ખૂલીને વાત કરી છે. પોતાના નાના ભાઈ હાર્દિક પંડ્યા સાથેના સંબંધો અને ક્રિકેટિંગ સફર વિશે વાત કરતાં કૃણાલ પંડ્યાએ જણાવ્યું કે, "સ્વાભાવિક છે કે અમે બંને સાથે રમ્યા છીએ. ટેક્ટિકલ અને ટેકનિકલ બાબતોને લઈને અમારી વચ્ચે હંમેશાં ક્રિકેટ પર ખૂબ જ તંદુરસ્ત અને સારી ચર્ચાઓ થાય છે, જે અમને બંનેને એક ખેલાડી તરીકે બહેતર બનવામાં હંમેશાં મદદ કરે છે." તેણે આગળ ઉમેર્યું કે, "જ્યારે પોતાનો ભાઈ પણ એ જ રમત રમી રહ્યો હોય, ત્યારે એ એકબીજાને માટે આગળ વધવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે. જો હું અમારા પરિવારની સામૂહિક સફળતા અને ટ્રોફીની વાત કરું, તો પંડ્યા પરિવારના ઘરમાં ૧૦ આઈપીએલ ટ્રોફી હોવી એ કોઈ નાની વાત નથી. ભગવાન અમારા પર ખૂબ દયાળુ રહ્યા છે."

અમદાવાદમાં રમાયેલી ફાઈનલ મેચમાં ચેમ્પિયન બન્યા બાદ આઈપીએલ ટ્રોફીના મહત્ત્વ વિશે વાત કરતાં કૃણાલે એક રસપ્રદ ઉદાહરણ આપ્યું હતું. કૃણાલે કહ્યું કે, "તેમાં કોઈ શંકા નથી કે દરેક આઈપીએલ ટ્રોફી ખાસ હોય છે. આ બિલકુલ બાળકો હોવા જેવું છે, બરાબર ને? જેમ તમે તમારા બાળકોમાંથી કોઈ એકની પસંદગી ન કરી શકો, તેવી જ રીતે આઈપીએલ ટ્રોફીનું પણ છે, કારણ કે દરેક ટ્રોફી પાછળ ખૂબ જ સખત મહેનત છુપાયેલી હોય છે. હું ઘણો ખુશ અને આભારી છું કે મારા ૧૧ વર્ષના કરિયરમાં મારી પાસે ૫ ટ્રોફી છે, જે મારા માટે ખૂબ જ ખાસ છે."

# કેએસ ભરતે અફઘાનિસ્તાન ટેસ્ટ પહેલા સંન્યાસની જાહેરાત



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકીપર બેટ્સમેન કેએસ ભરતે અફઘાનિસ્તાન સામે રમાનારી ટેસ્ટ મેચ પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. તેમણે સોશિયલ મીડિયા દ્વારા એક પોસ્ટ શેર કરીને નિવૃત્તિ લીધી હોવાની માહિતી ચાહકો સાથે શેર કરી છે. ભારત માટે ૭ ટેસ્ટ રમી ચૂકેલા ભરત અફઘાનિસ્તાન સામે રમાનારી એકમાત્ર ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયાનો ભાગ નથી. પરંતુ એક સમયે ટેસ્ટ ક્રિકેટમાં ઋષભ પંતના બેકઅપ તરીકે ટીમ ઈન્ડિયા સાથે રહેનારા ભરતને લાંબા સમયથી ટીમ ઈન્ડિયામાં તક ન હતી મળી રહી. ૩૨ વર્ષના ભરતે ટીમ ઈન્ડિયા માટે છેલ્લી ટેસ્ટ ફેબ્રુઆરી ૨૦૨૪માં રમી હતી. કેએસ ભરતે નિવૃત્તિ અંગે પોસ્ટ કરતા સૌથી પહેલા 'આભાર બીસીસીઆઈ' લખ્યું. બાદમાં કહ્યું, 'ગર્વ અને કૃતજ્ઞતાની ભાવના સાથે, હું આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી મારી નિવૃત્તિની જાહેરાત કરું છું. દેશ માટે રમવું એ મારા માટે સૌથી ગર્વની વાત રહી છે. મારી આ સફરમાં ઘણી ધીરજ અને દ્રઢતાની જરૂર પડી છે, પરંતુ ટેસ્ટ મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ એક અમૂલ્ય ક્ષણ છે.

# ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીની માર્કેટમાં ધૂમ



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ માં શાનદાર પ્રદર્શન કરનાર યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી હવે માત્ર ક્રિકેટના મેદાનમાં જ નહીં પરંતુ જાહેરાતની દુનિયામાં પણ ધૂમ મચાવી રહ્યો છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે વૈભવ સૂર્યવંશીએ એટલું સારું પ્રદર્શન કર્યું છે કે ઘણી મોટી કંપનીઓ તેને તેમના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કરવા આતુર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઓછામાં ઓછી અડધો ડઝન મોટી કંપનીઓ વૈભવ સૂર્યવંશી સાથે એન્ડોર્સમેન્ટ ડીલ કરવા માંગે છે. આમાં સ્પોર્ટ્સ ડ્રિંક્સ, ક્રિકેટ બેટ, ન્યુટ્રિશન અને હાઈ પર્ફોમન્સ ફૂટવેર સાથે સંકળાયેલી કંપનીઓનો સમાવેશ થાય છે. વૈભવ સૂર્યવંશીની ટીમ ભલે આ વખતે આઈપીએલ ફાઈનલમાં ન પહોંચી હોય, પરંતુ તેના જોરદાર પ્રદર્શને બધાનું ધ્યાન ખેંચ્યું. આઈપીએલ ૨૦૨૬ માં વૈભવ સૂર્યવંશીએ ૧૬ મેચોમાં ૭૭૬ રન બનાવ્યા. તેનો સ્ટ્રાઈક રેટ ૨૩૭.૩૦ હતો, જે કોઈપણ બેટ્સમેન માટે સૌથી બેસ્ટ માનવામાં આવે છે. આ પ્રદર્શન બાદ તેની લોકપ્રિયતા ઝડપથી વધી છે. માર્કેટિંગ નિષ્ણાતો માને છે કે ભારતીય ક્રિકેટ હાલમાં નવા અને વિશ્વસનીય ચહેરાઓની શોધમાં છે. આ સ્થિતિમાં, વૈભવ સૂર્યવંશી બ્રાન્ડ્સ માટે એક ઉત્તમ પસંદગી તરીકે ઉભરી આવ્યો છે. અહેવાલો અનુસાર, વૈભવ એન્ડોર્સમેન્ટ ડીલ માટે લગભગ ૫૦ લાખ ચાર્જ કરતો હતો, પરંતુ તેના તાજેતરના પ્રદર્શન પછી, આ રકમ ૧ કરોડ કે તેથી વધુ સુધી પહોંચી શકે છે. જોકે, અંતિમ નિર્ણય વાટાઘાટો અને પરિવારની સંમતિ પર આધાર રાખશે, કારણ કે વૈભવ ફક્ત ૧૫ વર્ષનો છે અને આ તેની કારકિર્દીની હજી શરૂઆત જ છે. વૈભવ સૂર્યવંશી હાલમાં હેલ્થ ડ્રિંક કોમ્પ્લેનનો પ્રચાર કરી રહ્યો છે. તે ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ગુગલ પે માટે એક એડ કેમ્પેનમાં પણ દેખાયો છે. નિષ્ણાતો માને છે કે તેની લોકપ્રિયતા ફક્ત ક્રિકેટ પૂરતી મર્યાદિત નથી. તે યુવાનો માટે પ્રેરણા તરીકે ઉભરી આવ્યો છે, જેના કારણે મોટી કંપનીઓ તેની સાથે જોડાવા આગળ આવી રહી છે. જો આગામી વર્ષોમાં પણ વૈભવનું પ્રદર્શન આવું જ જોરદાર ચાલુ રહેશે, તો તે ભારતીય ક્રિકેટના સૌથી મોટા બ્રાન્ડ ફેસમાંનો એક બની શકે છે.

# વર્લ્ડકપ વિનર હાર્દિક પંડ્યા પણ ટીર૦માંથી બહાર થશે?



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ૬ જૂનના રોજ ટીમ ઇન્ડિયાની જાહેરાત થાય તેવી શક્યતા છે. પરંતુ આ પ્રવાસ માટે હાર્દિક પંડ્યાની પસંદગી થવાના આસાર ઓછા દેખાઈ રહ્યા છે. એટલે કે, તેમને ભારતની ટીર૦ ટીમમાંથી બહાર કરવામાં આવી શકે છે. હાર્દિક પંડ્યાને ટીર૦ ટીમમાંથી ડ્રોપ કરવા પાછળ ભારતીય સિલેક્ટર્સનો મુખ્ય હેતુ વનડે વર્લ્ડ કપ સાથે જોડાયેલો છે. ભારતને આગામી વર્ષે સાઉથ આફ્રિકામાં વનડે વર્લ્ડ કપ રમવાનો છે, જ્યાંની તેજ અને ઉછાળવાળી પિચો પર અનુભવી ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ભૂમિકા મોટી હોઈ શકે છે. આવી સ્થિતિમાં સિલેક્ટર્સનું ધ્યાન પંડ્યાને વધુમાં વધુ વનડે મેચો રમાડવા પર છે. અફઘાનિસ્તાન સામેની ૩ વનડે મેચોની સિરીઝ માટે હાર્દિક પંડ્યાની પસંદગી કરવામાં આવી છે. આ વનડે સિરીઝમાં હાર્દિક અને તેના પ્રદર્શન પર જ પૂરો ફોકસ રહેવાનો છે. હાર્દિક પંડ્યા કેવી બેટિંગ કરે છે અને સૌથી મહત્વની વાત એ કે તે પોતાના ક્વોટાની પૂરેપૂરી ૧૦ ઓવર બોલિંગ કરી શકે છે કે નહીં? તેના પર સિલેક્ટર્સની નજર રહેશે. ભારતીય સિલેક્ટર્સનો પ્રયાસ હાર્દિક પંડ્યાને ઈન્જરીથી બચાવીને વનડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે તૈયાર કરવાનો છે. હાર્દિક પંડ્યા માટે ઈન્જરી એક મોટો માથાનો દુઃખાવો રહી છે. આઈપીએલ ૨૦૨૬ દરમિયાન પણ તે બેક સ્પાઝમ (પીઠનો દુઃખાવો)થી ઝઝૂમી રહ્યો હતા. જેના કારણે તેણે ગ્રુપ સ્ટેજની ૪-૫ મેચો ગુમાવવી પડી હતી. માત્ર આઈપીએલ ૨૦૨૬ની મેચો જ નહીં, પરંતુ આ અગાઉ પણ ઈજાના કારણે ઘણી મોટી ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટ્સ અને સિરીઝ ગુમાવવી પડી છે. ઈજાના કારણે જ હાર્દિક પંડ્યાને એશિયા કપ ૨૦૨૫ની વચ્ચેથી જ બહાર થવું પડ્યું હતું. એટલું જ નહીં, એ જ ઈજામાંથી રિકવર ન થઈ શકવાના કારણે તે એશિયા કપ ૨૦૨૫ પછીના ઓસ્ટ્રેલિયા પ્રવાસમાંથી પણ બહાર રહ્યો હતો.

# આલિયા તથા હુમા બંનેને કિલર તરીકે દર્શાવતી ફિલ્મો એક જ દિવસે રજૂ થશે



(એજન્સી દ્વારા)

મુંબઈ : આલિયા ભટ્ટની 'આલ્ફા' તથા હુમા કુરેશીને 'બેબી ડુ ડાઈ ડુ' બંને આગામી ત્રીજી જુલાઈએ એક જ દિવસે રીલિઝ થવાની છે. એક સંયોગ એ પણ છે કે આ ફિલ્મોમાં બંને હિરોઈનો ખૂનીની ભૂમિકા ભજવી રહી છે.

'આલ્ફા' ફિલ્મ લેડી સ્પાય પર આધારિત હોવાનું મનાતું હતું. જોકે, તાજેતરમાં દાવો કરાયો હતો કે વાસ્તવમાં ફિલ્મમાં આલિયા એક શાર્પ શૂટરની ભૂમિકામાં છે. બીજી તરફ 'બેબી ડુ ડાઈ ડુ'માં હુમા કુરેશી પણ હત્યાઓ કરનારી એક સ્ત્રી તરીકે દર્શાવાઈ છે. આલિયાની ફિલ્મ યશરાજ બેનરની હોવાથી તે દિવસે હુમાની ફિલ્મને પૂરતાં સ્ક્રીન મળશે કે કેમ તે પણ એક સવાલ છે.

# નુસરત ભરૂચાના વીડિયોમાં તે 'વિચિત્ર અવાજ' કોનો હતો? અભિનેત્રીએ આખરે તોડ્યું મૌન!



(એજન્સી દ્વારા) મુંબઈ : બોલિવૂડ અભિનેત્રી નુસરત ભરૂચા છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર પોતાની એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરીને કારણે ભારે ચર્ચા અને ટ્રોલિંગનો સામનો કરી રહી છે. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ મેચ જોતી વખતે નુસરતે એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેના બેકગ્રાઉન્ડમાં આવી રહેલા કેટલાક વિચિત્ર અવાજોને કારણે ઈન્ટરનેટ પર જાતજાતની અફવાઓ અને અટકળો શરૂ થઈ ગઈ હતી. આ ઓનલાઈન હોબાળા અને ટ્રોલિંગ વચ્ચે હવે નુસરત ભરૂચાએ એક નવો વીડિયો શેર કરીને આ મામલે વિગતવાર સ્પષ્ટતા કરી છે અને લોકોને વગર વિચારે તારણો પર ન આવવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી નકારાત્મકતાનો અંત લાવતા નુસરત ભરૂચાએ એ જ લોકેશન પરથી નવો વીડિયો શેર કર્યો છે જ્યાં તે મેચ જોઈ રહી હતી. આ વિવાદ પર ખુલાસો કરતા નુસરતે જણાવ્યું કે, "તમારા વાઈલ્ડ વિચારોને જરા શાંત રાખો. સોશિયલ મીડિયા પર જે અવાજને લઈને હોબાળો મચાવવામાં આવી રહ્યો છે, તે કોઈ માણસનો નથી પરંતુ ઘરમાં હાજર કૂતરાના નાના બચ્ચાનો છે. મેં એ જૂનો વીડિયો પહેલાં એટલા માટે ડિલીટ કરી દીધો હતો કારણ કે મને શંકા હતી કે લોકો તેનો ખોટો અર્થ કાઢશે, અને આખરે એવું જ થયું." તેણે વધુમાં ઉમેર્યું કે, "હું લોકોને અપીલ કરું છું કે ઓનલાઈન કોઈને પણ હેરાન કરવાનું બંધ કરો અને સોશિયલ મીડિયા પર કોઈ પણ ધારણાઓ ફેલાવતા પહેલાં જવાબદારીપૂર્વક વિચારો." પોતાની વાત સાબિત કરવા માટે નુસરતે એ જ રૂમ અને ત્યાં હાજર નાના ગલુડિયાનો નવો વીડિયો પણ પુરાવા તરીકે અપલોડ કર્યો છે. આ સિવાય સોશિયલ મીડિયા પર તેના નામે વાયરલ થઈ રહેલા એક ફેક સ્ટેટમેન્ટ અંગે પણ તેણે ખુલાસો કર્યો હતો.

# સમગ્ર જીવસૃષ્ટિ માટે વૃક્ષો જ જીવનનો આધાર : કેશુભાઈ પટેલ

**ભુજમાં વિશ્વ પર્યાવરણ દિને 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ : ધારાસભ્ય કેશુભાઈ પટેલે પર્યાવરણના જતન માટે લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા આહવાન કર્યું : ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જના વધતા જતા જોખમો સામે પૃથ્વીના રક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી અભિયાનને વેગ આપવા ભુજ નગરપાલિકા, ભાજપ સંગઠન અને સામાજિક વનીકરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિશેષ કાર્યક્રમ યોજાયો**





ભુજ - કચ્છઉદય : આજે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગની ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ભુજ શહેરમાં પર્યાવરણના જતન અને સંવર્ધનના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દેશવ્યાપી આહવાન 'એક પેડ મા કે નામ' અંતર્ગત ભુજ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આ પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો.

ભુજ શહેરના પ્રમુખસ્વામી નગર સ્થિત શેરી નંબર ૫ માં આવેલા શાંતિ સુંદર સ્મૃતિવન ખાતે સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ, વન વિભાગના અધિકારીઓ અને નગરજનો પર્યાવરણની રક્ષા માટે એકત્રિત થયા હતા.

ભુજ શહેર ભારતીય જનતા પાર્ટી અને સામાજિક વનીકરણ વિભાગ ભુજ રેન્જના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સ્મૃતિવન પરિસરમાં વૃક્ષારોપણ કરીને વાવવામાં આવેલા છોડના ઉછેર અને જતનની સામૂહિક જવાબદારી સ્વીકારવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય અતિથિ અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે લોકોને પર્યાવરણનું જતન કરવા અને પૃથ્વીને હરિયાળી બનાવવા માટે વધુને વધુ વૃક્ષો વાવવાનું જોરદાર આહવાન કર્યું હતું. તેમણે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ઝડપથી વધી રહેલા ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના કારણે જંગલો સતત ઓછા થઈ રહ્યા છે, જેના સીધા પરિણામ સ્વરૂપે આજે આપણે સૌ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની ભયાનક અસરોનો સામનો કરી રહ્યા છીએ.

પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતા તમામ મનુષ્યો અને પશુ-પંખીઓ સહિતના જીવો માટે વૃક્ષો અનિવાર્ય અંગ છે અને ખરા અર્થમાં વૃક્ષ એ જ જીવન છે. આ વૈશ્વિક કટોકટીમાંથી બહાર આવવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૪ થી જ સ્વચ્છતા, હેરિટેજ સ્થળોનું સંરક્ષણ અને પ્લાસ્ટિક મુક્તિ જેવા અનેક રચનાત્મક કાર્યોની મુહિમ ઉપાડી છે. વડાપ્રધાને દેશવાસીઓને પર્યાવરણ સાથે લાગણીથી જોડવા માટે પોતાની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવા અને તેનો ઉછેર કરવા વિનંતી કરી છે, જે દિશામાં આપણે સૌએ સાર્થક કદમ ઉઠાવવા પડશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે ભુજ શહેરને હરિયાળું અને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે નગરપાલિકા, સંગઠન અને ફોરેસ્ટ વિભાગની સંયુક્ત ટીમ દ્વારા આ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પર્યાવરણ દિવસ માત્ર વૃક્ષો વાવવા પૂરતો સીમિત ન રહેતા દૈનિક જીવનમાં પર્યાવરણ વિરોધી તત્વોના ત્યાગ માટેનો દિવસ બનવો જોઈએ. આજે આખા વિશ્વની સાથે ભારતમાં પણ પ્લાસ્ટિકનો કચરો એક મોટો માથાનો દુખાવો બન્યો છે, ત્યારે આજના પવિત્ર દિવસે લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ ન્યૂનતમ કરવા અને કાપડની થેલીઓ અપનાવવા માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. આ જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામને કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું જેથી લોકો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરીને રાષ્ટ્ર સેવા અને પ્રકૃતિની સેવામાં પોતાનું યોગદાન આપી શકે. તેમણે ભુજની જનતાને અપીલ કરી હતી કે જાહેર સ્થળો પર ગંદકી ન કરીને અને વધુમાં વધુ વૃક્ષો વાવીને આ પર્યાવરણીય મહાયજ્ઞમાં આહુતિ આપે.

આ સંયુક્ત વનીકરણ કાર્યક્રમ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ ભુજના રેન્જ ફોરેસ્ટ ઓફિસર હંસાબેન આલે પણ ખાસ હાજરી આપીને લોકોને વન વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કર્યા હતા.

તેમણે ક્લાઈમેટ ચેન્જના કારણે સતત વધી રહેલા તાપમાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે જો આપણે અત્યારથી જ વૃક્ષોનું જતન નહીં કરીએ તો આવનારી પેઢીને શુદ્ધ હવા અને સ્વચ્છ વાતાવરણ મેળવવામાં મોટી મુશ્કેલીઓ પડશે.

આપણી ભાવિ પેઢીને તંદુરસ્ત વાતાવરણ પૂરું પાડવું એ આપણી નૈતિક ફરજ છે, જેના માટે પ્રદૂષણ મુક્ત વાતાવરણ અને શુદ્ધ ઓક્સિજન આપતા વૃક્ષોની અનિવાર્ય જરૂરિયાત છે. વન વિભાગ તરફથી ભુજ અને કચ્છના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ચોમાસાની આગામી ઋતુમાં પોતાના ઘર આંગણે, ખેતરે કે જાહેર પ્લોટમાં મહત્તમ વૃક્ષો વાવે અને માત્ર વાવીને છોડી દેવાના બદલે તેનું પૂર્ણ સંવર્ધન કરે.

આ કાર્યક્રમમાં ભુજ શહેર ભાજપના પ્રમુખ મિતભાઈ ઠક્કર, ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ બિંદિયાબેન ઠક્કર, સ્મૃતિવન વિસ્તારની સોસાયટીઓના પ્રમુખો, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, મહિલા અગ્રણીઓ તેમજ ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિત મહાનુભાવો અને નગરજનોએ ભુજ શહેરને પ્લાસ્ટિક મુક્ત, સ્વચ્છ અને લીલોતરીથી સમૃદ્ધ બનાવવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

## ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક ભરતી પ્રક્રિયામાં મોટો સુધારો કરાયો

**વયમર્યાદામાં છૂટછાટ અને નવી મેરિટ પદ્ધતિનો અમલ : ટીઈટી પાસ ઉમેદવારોને મળશે પ્રથમ અગ્રતા : જિલ્લાવાર મેરિટના આધારે થશે પસંદગી**


ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત જ્ઞાન સહાયકની ભરતી પ્રક્રિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણય મુજબ હવે ભરતી માટેની વયમર્યાદા વધારીને ૪૮ વર્ષ કરવામાં આવી છે, જેનાથી રાજ્યના મોટી સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયામાં સામેલ થવાની તક મળશે. આ ઉપરાંત પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે. આ માહિતી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ તથા નગર શિક્ષણ સમિતિઓ દ્વારા ચોક્કસ સમયમર્યાદામાં ઓનલાઈન મોકલવાની રહેશે.

આ નવી ભરતી પ્રક્રિયામાં ટી.ઈ.ટી. (ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ) પાસ કરેલા ઉમેદવારોને ખાસ અગ્રતા આપવામાં આવશે. ધોરણ ૧ થી ૮ સુધીના શિક્ષકોની ભરતી માટે હવે તદ્દન નવી અને પારદર્શક મેરિટ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. આ પદ્ધતિ હેઠળ ઉમેદવારોની પસંદગી જિલ્લાવાર મેરિટ લિસ્ટના આધારે જ કરવામાં આવશે, જેથી દરેક જિલ્લામાં ખાલી રહેલી જગ્યાઓ મુજબ યોગ્ય અને લાયકાત ધરાવતા ઉમેદવારોની નિમણૂક ઝડપથી થઈ શકે. સરકારના આ ક્રાંતિકારી પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે શિક્ષકોની અછતને દૂર કરવાનો છે. આ નવી માર્ગદર્શિકાના અમલીકરણથી પ્રાથમિક શિક્ષણનું માળખું વધુ સુદ્રઢ બનશે અને યોગ્ય લાયકાત ધરાવતા ટી.ઈ.ટી. પાસ ઉમેદવારોને રોજગારીની ઉત્તમ તકો સમયસર મળી રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા નિર્ધારિત સમયમાં સંપૂર્ણ પારદર્શિતા સાથે આ માહિતી એકત્રિત કરીને ભરતી પ્રક્રિયાને ઝડપી બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જેથી શાળાઓમાં શિક્ષણ કાર્ય સુચારૂ રીતે ચાલી શકે.

**વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત**

## કચ્છના ગામોમાં 'સ્વચ્છ ગામ, સુરક્ષિત જળવાયુ' અભિયાનનો પ્રારંભ

**'મારૂં ગામ - સ્વચ્છ ગામ'ના સંકલ્પ સાથે કચ્છ જિલ્લામાં સફાઈ ઝુંબેશ : પાંચમી જૂને પર્યાવરણ સુરક્ષા અર્થે યોજાશે વિશેષ ગ્રામસભાઓ**



ભુજ - કચ્છઉદય : વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છની સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) શાખા દ્વારા જિલ્લાના તમામ ગામોમાં "સ્વચ્છ ગામ, સુરક્ષિત જળવાયુ" અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક મુક્તિ અંગે જનજાગૃતિ લાવવાનો છે.

આ અભિયાન અંતર્ગત ગામોમાં ઘન કચરા વ્યવસ્થાપનના નિયમો અંગે ગ્રામજનોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, સ્વચ્છતા જાળવવા માટે ગામોમાં નિર્માણ કરવામાં આવેલી વિવિધ સુવિધાઓ અને ઘટકો અંગે પણ લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. પર્યાવરણનું મહત્તમ સંરક્ષણ થાય અને દૈનિક જીવનમાં પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો થાય તે માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આગામી તા. ૫મી જૂનના રોજ તમામ ગામોમાં વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. આ ગ્રામસભામાં સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ સંરક્ષણ સંબંધિત મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ સાથે જ 'મારૂ ગામ સ્વચ્છ ગામ'ના સંકલ્પ સાથે ગામોમાં સામૂહિક સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે. ગ્રામજનોની સક્રિય સહભાગિતાથી જાહેર સ્થળો, શેરીઓ અને અન્ય વિસ્તારોની ઝુંબેશ સ્વરૂપે સફાઈ કરવામાં આવી રહી છે. આ સઘળા પ્રયાસોથી ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહેશે, ગામ વધુ સ્વચ્છ અને સુંદર બનશે, તેમજ લોકોમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બનશે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, કચ્છ દ્વારા તમામ ગ્રામજનોને સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણના અભિયાનમાં સક્રિયપણે સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## હચમચાવતી ઘટના : રણમાં ટ્રક બગડતાં પાણીની તરસથી તરફડીને ૪૯ લોકોના મોત, ૨નો આબાદ બચાવ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ આફ્રિકાના નાઈજર દેશમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વિશ્વના સૌથી ક્રૂર ગણાતા સહારાના રણ પ્રદેશમાં એક ટ્રક બગડી જતાં, તેમાં સવાર પ્રવાસીઓ ભયાનક ગરમી અને પાણીના અભાવે ફસાઈ ગયા હતા. આ અસહ્ય તાપમાન અને પાણીના એક-એક ટીપાં માટે તરસતા ૪૯ લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ તમામ મૃતકો એક મુસ્લિમ તહેવારમાં હાજરી આપીને માલી દેશથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટનાનો શિકાર બન્યા હતા. સ્થાનિક અગાદેઝ ગવર્નરેટ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ ઘટના નાઈજર અને અલ્જીરિયાની સરહદ નજીક આવેલા ક્રોસિંગ પોઈન્ટ 'અસમાકા' થી આશરે ૮૦ કિલોમીટર દૂર એક નિર્જન અને અત્યંત અંતરિયાળ વિસ્તારમાં બની હતી. રણની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક પ્રવાસીઓની ટ્રક ખોરવાઈ ગઈ હતી. ડ્રાઈવર, તેના મદદનીશો અને પ્રવાસીઓએ ગાડી રિપેર કરવાના અથાક પ્રયાસો કર્યા હતા પરંતુ વ્હીકલ ચાલુ થઈ શક્યું નહોતું. કમનસીબે, આ દરમિયાન ગાડીમાં રાખેલું પીવાનું પાણી પણ સંપૂર્ણપણે ખલાસ થઈ ગયું હતું. આસપાસ સેંકડો કિલોમીટર સુધી માત્ર ગરમ રેતી અને શેકાતો તડકો હોવાથી, ૪૯ લોકો તરસના કારણે તરફડીને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. વહીવટીતંત્ર દ્વારા તમામ મૃતકોને રણ પ્રદેશમાં જ સામૂહિક કબરો બનાવીને દફનાવવામાં આવ્યા છે.

આ ભયાનક કાળચક્ર વચ્ચે પણ બે લોકોનો ચમત્કારિક બચાવ થયો છે. આ બંને બચી ગયેલા પ્રવાસીઓએ અગનગોળા ફેંકતી ગરમીમાં પણ હિંમત ન હારી અને રેતીના ઢુવાઓ વચ્ચે ૫૦ કિલોમીટર કરતાં પણ વધુ અંતર પગપાળા કાપ્યું હતું. તેઓ જેમ-તેમ કરીને એક પાણીના સ્રોત સુધી પહોંચ્યા અને ત્યાંથી અસમાકા તરફ આગળ વધ્યા હતા. આ બે વીર બચી ગયેલા લોકોએ જ સ્થાનિક સત્તાવાળાઓને ટ્રક બગડવાની અને અન્ય લોકો ફસાયા હોવાની પ્રથમ જાણકારી આપી હતી, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ચોક્કસ વિસ્તાર ગેરકાયદેસર અને આફ્રિકન પ્રવાસીઓના અવરજવર માટેનો મુખ્ય માર્ગ માનવામાં આવે છે.

## વૃક્ષારોપણના સંદેશ વચ્ચે કુકમા ગામે વૃક્ષ કપાત મુદ્દે ઉઠ્યા સવાલો

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના કુકમા ગામમાં વર્ષો જૂનાં વૃક્ષો કાપવામાં આવ્યા હોવાના મુદ્દે ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. એક તરફ વિશ્વ પર્યાવરણ દિવસ અને વૃક્ષ સંરક્ષણના સંદેશો આપવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ ગામમાં હરિયાળી ઘટાડતા પગલાં લેવાયા હોવાના આક્ષેપો થતાં ચર્ચાનો વિષય બન્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગામના જાહેર બગીચા વિસ્તારમાં આવેલા અનેક વૃક્ષો તાજેતરમાં કાપી નાખવામાં આવ્યા હોવાનું સ્થાનિકોનું કહેવું છે. આ મામલે યોગ્ય મંજૂરી લેવામાં આવી હતી કે નહીં તેમજ કપાયેલા વૃક્ષોના લાકડાનો ઉપયોગ અને નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરવાની માંગ ઉઠી છે. ગ્રામજનોએ આ અંગે વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત પણ કરી હોવાનું જાણવા મળે છે. રસપ્રદ બાબત એ છે કે વૃક્ષ કપાતના મુદ્દે પ્રશ્નો ઊભા થયા બાદ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે ગામના કેટલાક લોકોએ વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે પારદર્શક તપાસની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સ્થાનિકોમાં એવી લાગણી વ્યક્ત થઈ રહી છે કે એક તરફ વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જ્યારે બીજી તરફ વર્ષો જૂનાં વૃક્ષો દૂર કરવામાં આવે તો લોકોમાં ગેરસમજ અને અસંતોષ ફેલાય છે. સમગ્ર મામલે જવાબદાર તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે અને હકીકતો જાહેર કરવામાં આવે તેવી માંગ વધુ મજબૂત બની રહી છે.

## રશિયા-યુક્રેન યુદ્ધને ખતમ કરવા ઝેલેન્સ્કીએ પુતિનને લખ્યો ખુલ્લો પત્ર, કહ્યું - આ દેશોને મધ્યસ્થી બનાવો

(એજન્સી દ્વારા)

મોસ્કો : ચાર વર્ષ કરતાં પણ વધુ સમયથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન યુદ્ધની વચ્ચે એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને એક ખુલ્લો પત્ર લખીને આમને-સામને બેસીને વાટાઘાટો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ લાંબા યુદ્ધમાં આ પ્રથમ વખત છે જ્યારે ઝેલેન્સ્કીએ આ પ્રકારે ખુલ્લેઆમ પુતિન સમક્ષ સીધી ચર્ચાની દરખાસ્ત કરી છે. તેમણે આ બેઠક માટે કોઈ તટસ્થ દેશ પસંદ કરવાનું સૂચન આપ્યું છે.

ઝેલેન્સ્કીએ પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે આ શાંતિ મંત્રણા ન તો મોસ્કોમાં થવી જોઈએ અને ન તો કીવમાં. તેમણે સ્વિટ્ઝરલેન્ડ, તૂર્કિયે અથવા આરબના કોઈ પણ દેશને આ ઐતિહાસિક મુલાકાત માટે અનુકૂળ ગણાવ્યા છે. ઝેલેન્સ્કીના મતે, મોટા અને જટિલ મુદ્દાઓનો ઉકેલ માત્ર બંને દેશોના સર્વોચ્ચ નેતાઓ જ લાવી શકે તેમ હોવાથી પુતિને વહેલી તકે કોઈ તારીખ નક્કી કરવી જોઈએ. હવે માત્ર અમેરિકા પર નિર્ભર રહીને હાથ પર હાથ ધરીને બેસી રહેવાનો કોઈ ફાયદો નથી, કારણ કે અમેરિકાનું ધ્યાન હાલમાં ઈરાન તરફ વધુ કેન્દ્રિત થયેલું છે.

ઝેલેન્સ્કીએ રશિયા પર ગંભીર આક્ષેપો કરતા લખ્યું છે કે, રશિયાને જમીની સૈન્ય અભિયાનમાં ધારી સફળતા મળી નથી. આ જ કારણે હવે તે બેલિસ્ટિક મિસાઈલનો આડેધડ ઉપયોગ વધારી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે રશિયા આ યુદ્ધને હજુ એક-બે વર્ષ લંબાવવા માંગે છે જેથી તે કોઈ પણ ભોગે પોતાનો હેતુ સિદ્ધ કરી શકે. આ ઉપરાંત, પુતિન હવે બેલારુસને પણ આ સંઘર્ષમાં સીધું સામેલ કરવા ઈચ્છે છે અને મોલ્દોવામાં પોતાના સમર્થકો દ્વારા ટ્રાન્સનિસ્ત્રિયાની આસપાસ નવો તણાવ ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## જુની પેન્શન યોજનામાં પાત્રતા ધરાવતા હોવા છતાં ઘણા શિક્ષકો લાભથી વંચિત

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનાં ૯ સંવર્ગના પ્રશ્નો અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવા વખતો વખત રજુઆતો કરવા છતાં અમલીકરણ બાકી રહી જાય છે. જેનું યોગ્ય કાયમી નિરાકરણ લાવવા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

શિક્ષણ જગત સાથે જોડાયેલા વિદ્યાલય શિક્ષાના તમામ નવ સંવર્ગ પ્રાથમિક સરકારી, મુખ્ય શિક્ષક, પ્રાથમિક ગ્રાન્ટેડ, ગ્રાન્ટેડ ને સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, આચાર્ય, શિક્ષણ સેવા વર્ગ-૨ના શિક્ષકોને સંલગ્ન કેટલાક પ્રશ્નો બાબતે નીતિગત નિર્ણયો થયા હોવા છતાં કેટલાક બાબતો નાણાકીય ભારણ ન આવવાનું હોય તેવા વિષયોમાં, જેના જી.આર. થયા હોય છતાં પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. જુન ૨૦૨૬થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે કેટલાક વિદ્યાર્થીલક્ષી નિર્ણયો, ક્રમાનુસાર કાયમી ભરતી, કાયમી ભરતી ન થાય ત્યાં સુધી જ્ઞાન સહાયકના ઠરાવમાં સુધારો તથા અન્ય જેવી મહત્વપૂર્ણ બાબતના નિર્ણયો અને શિક્ષકોનાં મહત્વના પડતર પ્રશ્નો અંગે ઝડપથી નિર્ણય થાય તેની જાહેરાત થાય તેવી સંગઠનની માંગ છે.

## ૩૭ ગીગાવોટની ક્ષમતાના ઉમેરા સાથે સૌર ઊર્જા મામલે ભારતે અમેરિકાને પછાડ્યું, હવે ફક્ત ચીન આગળ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વાર્ષિક સૌર ક્ષમતા વધારામાં ભારતે અમેરિકાને પાછળ છોડી દીધું છે. ભારત સૌર ઉર્જા વૃદ્ધિના સંદર્ભમાં બીજા ક્રમનો સૌથી મોટો દેશ બન્યો છે. આંતરરાષ્ટ્રીય નવીનીકરણીય ઉર્જા એજન્સી અનુસાર, ભારતે ગયા વર્ષે ૩૭ ગીગાવોટ ક્ષમતા ઉમેરી હતી, જ્યારે અમેરિકાએ ૩૪ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. સૌર ક્ષમતા વધારામાં ભારત ફક્ત ચીનથી પાછળ છે, જેણે ગયા વર્ષે ૩૧૫ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો.સૌથી ઝડપથી વિકસતા મુખ્ય સૌર બજાર તરીકે, ભારત મજબૂત નીતિ સમર્થન, નવીનતા અને વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ દ્વારા રેકોર્ડ ક્ષમતા વધારા હાંસલ કરી રહ્યું છે. ભારતે ૨૦૨૩માં ૯.૬ ગીગાવોટ અને ૨૦૨૪માં ૨૫.૪ ગીગાવોટનો ઉમેરો કર્યો હતો. જ્યારે અમેરિકાએ ૨૦૨૩માં ૨૭ ગીગાવોટ અને ૨૦૨૪માં ૩૭.૭ ગીગાવોટનો સૌર ઉર્જા ઉમેરો કર્યો, ત્યારે કુલ સ્થાપિત ક્ષમતાના સંદર્ભમાં ભારત અમેરિકાથી પાછળ છે. ૨૦૨૫ના અંત સુધીમાં, અમેરિકા પાસે કુલ સ્થાપિત સૌર ઉર્જા ક્ષમતા ૨૧૧.૬ ગીગાવોટ હતી, જે ભારતમાં ૧૩૫.૫ ગીગાવોટ હતી. ભારત ૨૦૨૪માં જાપાનને પાછળ છોડીને વૈશ્વિક સ્તરે સૌર ઉર્જાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બન્યો. જાપાને ૨૦૨૩માં તેની સૌર ઉર્જા ક્ષમતા ૮૭ ગીગાવોટથી વધારીને લગભગ ૯૦ ગીગાવોટ કરી હતી.

## બંગાળમાં શુભેન્દુ સરકાર બનતા જ સૌરવ ગાંગુલીને ઝટકો! મમતા સરકારનો નિર્ણય કર્યો રદ્

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ અને ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળના વર્તમાન પ્રમુખ સૌરવ ગાંગુલીને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળની નવનિયુક્ત ભાજપ સરકારે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીની સુરક્ષા ઘટાડવાનો મોટો નિર્ણય લીધો છે. શુભેન્દુ અધિકારીની આગેવાની હેઠળની નવી રાજ્ય સરકારે લીધેલા આ નિર્ણય બાદ હવે ગાંગુલીને 'ઝેડ કેટેગરી'ના બદલે 'વાય કેટેગરી'ની સુરક્ષા આપવામાં આવશે. રાજ્યની નવી સુરક્ષા સમિતિ અને સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલા વીઆઈપી સુરક્ષાના રિવ્યુ બાદ આ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

## ટ્રમ્પના ગયા બાદ ચીનની ચાલ, અમેરિકાના બે દુશ્મનો એકજૂથ, ખતરનાક ઈરાદા સામે આવ્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં જ ચીનની મુલાકાત લઈને આવ્યા છે, પરંતુ તેમને આશા પણ ન હતી કે તેમના જતાં જ ડ્રેગન એટલે કે ચીન પોતાના એ મિત્ર સાથે ખિચડી પકવવા લાગ્યો છે, જે અમેરિકાનો જાની દુશ્મન છે. ઈરાનના પરમાણુ સંવર્ધન પર નજર રાખી રહેલા અમેરિકાએ પોતાનું અસલી ધ્યાન તો આ બંને દેશો પર જ લગાવવું જોઈએ કારણ કે આ દેશોની મિસાઈલોની રેન્જમાં સીધું વોશિંગ્ટન આવે છે.

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને એક નવા પરમાણુ સામગ્રી ઉત્પાદન કેન્દ્રની મુલાકાત લીધી છે અને દેશના પરમાણુ હથિયારોના ભંડારને ઝડપથી અને અગણિત ગણો વધારવાનો સંકલ્પ કર્યો છે. સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, કિમે બુધવારે આ ગુપ્ત પરમાણુ કેન્દ્રનું નિરીક્ષણ કર્યું, જ્યાં વૈજ્ઞાનિકો અને અધિકારીઓ સાથે બેઠક પણ કરી. ઉત્તર કોરિયાની સરકારી સમાચાર એજન્સી દ્વઝદ્બછએ આ મુલાકાતની માહિતી આપી, પરંતુ સુરક્ષાના કારણોસર કેન્દ્રનું સ્થાન અને અન્ય વિગતો જાહેર કરવામાં આવી નથી.

આ એક યુરેનિયમ સંવર્ધન કેન્દ્ર છે, જ્યાં પરમાણુ હથિયારો માટે જરૂરી સામગ્રી તૈયાર કરવામાં આવે છે. રિપોર્ટ અનુસાર, કિમ જોંગ ઉને દાવો કર્યો છે કે છેલ્લા પાંચ વર્ષમાં ઉત્તર કોરિયાની હથિયાર-ગ્રેડ પરમાણુ સામગ્રી ઉત્પાદન ક્ષમતા બમણીથી પણ વધુ થઈ ગઈ છે.

## વૈશ્વિક પડકારો છતાં ગુજરાત દેશનું ટોચનું નિકાસકાર, મહારાષ્ટ્ર બીજા ક્રમે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: ગુજરાતને ગ્રોથ એન્જિન તરીકે ઓળખવામાં આવે છે. વૈશ્વિક પડકારો છતાં ગુજરાતે ૨૦૨૫-૨૬માં ભારતના ટોચના નિકાસકાર તરીકેનો તાજ જાળવી રાખ્યો હતો. દેશના કુલ વિદેશી વેપારમાં ગુજરાતનો હિસ્સો ૨૫ ટકા કરતાં પણ વધુ રહ્યો હતો. મહારાષ્ટ્ર બીજા ક્રમે રહ્યું હતું. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, ગુજરાતે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઈ૧૧૦.૬૩ અબજની નિકાસ નોંધાવી હતી, જે ભારતના કુલ નિકાસના ૨૫.૯% હિસ્સો છે. રાજ્ય આ યાદીમાં બીજા ક્રમે રહેલા મહારાષ્ટ્ર કરતાં ઘણું આગળ રહ્યું હતું.. મહારાષ્ટ્ર **$70** અબજની નિકાસ અને રાષ્ટ્રીય નિકાસમાં ૧૬.૨% હિસ્સા સાથે બીજા ક્રમે રહ્યું હતું. ગુજરાતે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હોવા છતાં, ૨૦૨૪-૨૫ની સરખામણીમાં વાર્ષિક ધોરણે નિકાસમાં ૪.૯%નો ઘટાડો નોંધાયો છે. સૂત્રોએ આ ઘટાડા માટે મુખ્યત્વે અગ્રણી આંતરરાષ્ટ્રીય બજારોમાં ટેરિફ સંબંધિત પડકારો અને મુખ્ય નિકાસ કોમોડિટીઝના નરમ ભાવોને જવાબદાર ગણાવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને નેચરલ ડાયમંડના ભાવમાં નરમાઈના કારણે ગુજરાતમાંથી નિકાસ પર અસર થઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, વૈશ્વિક પડકારો વચ્ચે ગુજરાતે જાળવી રાખેલો દબદબો રાજ્યના લાંબા ગાળાના માળખાકીય ફાયદાઓને પ્રતિબિંબિત કરે છે. મુખ્ય નિકાસકાર રાજ્યોના રેન્કિંગમાં ગુજરાત ટોચ પર રહ્યું હતું. અહીંની સાહસિકતા, ઉત્કૃષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નીતિઓ અને પોર્ટ કનેક્ટિવિટીએ તેને વૈશ્વિક સપ્લાયર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉદ્યોગ નિષ્ણાતોના મતે, પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ્સ ગુજરાતના નિકાસ પ્રદર્શનને મજબૂતી આપે છે.

## કીમ જોંગ ઉને દુનિયાને દર્શાવી એક વધુ પરમાણુ ફેક્ટરી : અહીં એ બોમ્બ બનાવે છે

નવી દિલ્હી : ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિંમ જોંગ ઉનનું પરમાણુ શસ્ત્રો બનાવવાનું સ્વપ્ન પુરૂં નથી થતું. ઉને, આજે (૪ જૂને) સમગ્ર દુનિયા સમક્ષ તે ફેક્ટરી દર્શાવી હતી કે જે પરમાણુ બોમ્બ બનાવવા માટે જરૂરી ફ્યુએલ બનાવે છે. આ સાથે તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમે અમારી પરમાણુ શક્તિ ઝડપભેર વધારી રહ્યા છીએ.કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી (કે.સી.એન.એ.) એ કહ્યું હતું કે એ કારખાનામાં વધુ એડવાન્સ ટેકનિકનો ઉપયોગ કરાયો છે. જો કે તેઓએ તે નથી દર્શાવ્યું કે તે કારખાનું ક્યાં છે અને ક્યારે કાર્યરત કરાયું છે પરંતુ તેમણે તેમ કહ્યું નથી કે તે ફેક્ટરી ક્યાં આવી છે અને ક્યારથી કાર્યરત કરાઈ છે.એટમ બોમ્બ સમૃદ્ધ યુરેનિયમ કે પ્લુટોનિયમમાંથી બનાવાય છે. યોંગ બ્યોંગમાં બન્ને બનાવવાની સુવિધા છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં જ વિયેના સ્થિત ઈન્ટરનેશનલ એટમિક એનર્જી ઈન્સ્ટીટયૂટ (આઈએઈએ) (જે યુનો સાથે સંકલાયેલ સંસ્થા છે)ના ડાયરેકટર જનરલ રાફેલ પ્રોસીએ પત્રકારોને જણાવ્યું હતું કે તેમની એજન્સી ઉ.કોરિયાનાં પરમાણુ મથકો ઉપર નજર રાખી જ રહી છે.

આપકા તો લગતા હે બસ યહી સપના, રામ નામ જપના-પરાયા માલ અપના..!

# કેપ્ટાગોન ડ્રગ્સકાંડ : કચ્છના લાકડાના કયા બનીબેઠેલા વેપારીને દિલ્હીના કેન્દ્રીય મંત્રીના ફોનથી કલીનચીટની થઈ ગોઠવણ?

**ટીમ મોદીમાં મોટા ગજાના આ કેબીનેટ કક્ષાના ધુરંધર મંત્રીશ્રી આંધણી ભાઈબંધી નિભાવતા પહેલા ચેતે : ડ્રગ્સ જેવા દેશવિરોધી કૃત્યોમાં જેમના પગ તળે તપાસનો રેલો લંબાતો હોય તેને બચાવવાની ભલામણ કયાંક તમારી ખુરશી લઈ ન જાય? મોદી સાહેબ રાષ્ટ્ર પ્રથમને માને છે અને તમે કરોડોના ડ્રગ્સકાંડમાં ચકચારીઓને બચાવવા નીકળી પડો છો..? : જાણકારોનો સુચક ટોણો**

**એનસીબી ત્રાટકી, કેપ્ટાગોન કરોડોનું ડ્રગ્સ પકડી ગઈ, દિલ્હીથી શખ્સ દબોચાયો, બારોઈ(મુદરા)માંથી માત્ર ફોલ્ડરીયો જ ઉઠાવાયો, પરંતુ આ આખાય કૌભાંડ-ડ્રગ્સકાંડ-દેશવિરોધી કૃત્યને અંજામ આપનાર બંટી-રાજુ અને લાકડાના બની બેઠલ ઠગ ધુતારા વેપારી હજુય ફરી રહ્યા છે બિનધાસ્ત..તેની પાછળનું પણ રહસ્ય આવ્યું ચર્ચામાં : સંકુલના કયા મુકેશે-કેન્દ્રીય મંત્રીને ફોન કરી-ભાઈબંધી જાળવવા લાકડાના બની બેઠેલા વેપારી તથા રાજુ પર પગલા ન લેવા, દસ્તાવેજી સસ્પેન્સન ન કરવા સહિતની કરી દીધી ભલામણ?**

**જીએસટીનો એક પૂર્વ અધિકારી અને કસ્ટમના અજયના પણ લેવા જોઈએ કડક પુછાણા : તો પ્રમોદ-અજય દ્વારા બંટી-લાકડાના ઠગ બની બેઠલા વેપારી અને રાજુ સાથેના બેનામી વ્યહવારોથી વસાવાયેલ સુરત સહિતના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં રોકાણોનો થશે પર્દાફાશ? કસ્ટમના સ્થાનિકના ભ્રષ્ટ કઈક તત્વોના ચહેરા પણ થઈ શકે છે બેનકાબ?**

**દિવસે સુંદરકાંડના પાઠા-રામ નામના ઝાપ અને બાદમાં લાકડાના વેપારની આડમાં ડ્રગ્સકાંડને અંજામ? આ બની બેઠેલ ધુતારો-ઠગભગત લાકડાનો વેપારી કોણ? સંકુલમાં જામી ચર્ચા**

## એનઆઈએ ત્રાટકે, મોખા ચોકડી-મુંદરામાં લાકડાના કયા બની બેઠલા ઠગના છે વેરહાઉસ.?

જો આ વેરહાઉસમાં એનઆઈએ અથવા એટીએસ જેવી ટુકડીઓ ત્રાટકશે **તો ડ્રગ્સ, ડીઝલ દાણચોરીયુકત, ઉપરાંત અનેકવિધ દેશવિરોધી કાવતરાંઓ સાથેના કરોડોના દાણચોરીયુકત કૃત્યના નેટવર્કનો થશે ખુલાસો**

ગાંધીધામ : એનસીબી તો ત્રાટકી છે હવે એનઆઈએ પણ આ કેસમાં ઝંપલાવે અને સ્થાનિકની કડીમાં મુંદરા મોખા ચોકડી આસપાસમાં લાકડાના કયા બની બેઠલા ઠગ વેપારીના મોટા મોટા વેરહાઊસ ધમધમી રહ્યા છે? ત્યાં ત્રાટકવાની જરૂર છે. જો આ ઠગ લાકડાના વેપારી પર એનઆઈએ જેવી એજન્સી તપાસ બોલાવશે તો એક મોટા નેટવર્ક-નેકસસનો ખુલાસો થશે. અહીથી ડ્રગ્સ, દાણચોરીયુકત ડીઝલ સહિતની કઈક બેનામી સિન્ડીકેટનો ભાંડાફોળ થવા પામી શકે તેમ છે.

ગાંધીધામ : નાર્કોટીકસ કન્ટ્રોલ બ્યુરો દ્વારા અફઘાનીસ્તાનથી રવાના થઈ મુંદરાથી દિલ્હી અને ત્યાથી અન્ય ગલ્ફના દેશો સુધી પહોચનાર જેહાદી ડ્રગ્સ કેપ્ટાગોનના પ્રકરણમાં સ્થાનિક કડીઓને લઈને રોજ બરોજ સંકુલમાં નવી ચર્ચાઓ તેજ બનવા પામી રહી છે.એનસીબીએ ત્રાટકીને કરોડોના ડ્રગ્સની સાથે બારોઈના એક ફોલ્ડરીયાને પકડયો હતો અને દિલ્હીમાથી એક શખ્સને પકડી અન્યનું નામ ખુલતા તેની તપાસ હાથ ધરવામા આવીહતી. તથા આ ડ્રગ્સની બનાવટ માટે દહેરાદુનમાં ધમધમતી ડ્રગ્સની મોટી લેબ પણ ઝડપાવવા પામી હતી. તેની સાથે જ કચ્છમાં ખાસ કરીને સ્થાનીકના જુના અને કુખ્યાત દાણચોર પૈકીના ત્રણ તત્વોના નામો આ ડ્રગ્સ કાંડની કડી સાથે જોડાવવા પામી રહ્યા હતા.

સંકુલમાં થતી ચર્ચાઓ અનુસાર અગાઉ પણ વરસો પહેલા ઈન્ડોનેશીયાથી આવેલી સોપારીને શ્રીલીંકાની બતાવના કેસમાં જે ટોળકીનું લાયસન્સ સસ્પેન્ડ કરવા સહિતના કારનામાઓ છતા થવા પામ્યા હતા તેવા લાકડાના બની બેઠેલા ઠગભગત વેપારી, બંટી અને રાજુની ત્રિપુટીની ભુમિકા મોટી હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે. આ કેસમાં કસ્ટમ કમિશ્નરશ્રી દ્વારા તાબડતોડ જ લાકડાના બની બેઠેલા ઠગ વેપારીને બોલાવી બે દીવસ સુધી કલાકો પુછાણા લેવામા આવ્યા હતા અને દેશહિતમાં કડક કાર્યવાહી થવાની સંભાવનાઓ પણ જણાતી હતી પરંતુ કેન્દ્રીય કક્ષાના એક મોટા ગજાના મંત્રીને તેના જુના ભાઈબંધ મુકેશ કે જે આ લાકડાના બની બેઠલા ઠગ વેપારીનો નજીકનો જ મનાય છે અથવા તો સિન્ડીકેટનો જ ભાગ બનાય છે તેના મારફતે ફોન કરાવી અને લાકડાના બની બેઠેલા વેપારી ઉપરાંત રાજુને હાલમાં કોઈ કડક કાર્યવાહીમાં ન લેવા, તેમના લાયસન્સ રદ ન કરવા, તપાસને તપાસની રાહે જેમ ચાલે છે તેમ રૂટીન ચલાવવા સબબના આદેશો આપી દેવાયા હોવાનુ સામે આવી રહ્યુ છે. અને તે બાદ જ લાકડાનો આ બની બેઠલ ઠગ વેપારી મુંદરાથી તે જ સાંજે મુંબઈ અને ત્યાથી વિદેશ જાન ન પહેચાન, માન ન સન્માન ફીર ભી મે તેરા મહેમાનના તાલે એક લાકડાની મોટી મીટમાં હાજર થવા પહોચી ગયો હતો. આ ઘટનાક્રમને લઈને જાણકારો કહી રહ્યા છે કે, એકતરફ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશ પ્રથમના સુત્રથી આગળ વધી રહ્યા છે અને તેમના જ ટીમના ટોંચના ઉચ્ચ કક્ષાના એક મંત્રી ડ્રગ્સકાંડમાં ફસાયેલા દાણચોરો-દેશદ્રોહી જેવા તત્વાને પોતાના જુના મિત્રનાફોન માત્રથી છોડાવવાના આદેશો આપી રહ્યા છે? જો મોદી સાહેબને આ બાબતે ખ્યાલ આવશે તો આ કેનીનેટ મંત્રીનો તો તપેલો જ ચડી જવા પામી શકે તેમ છે. આખોબોલ વર્ગ તો કહી રહ્યો છે કે, મંત્રીશ્રી ચેતજો, ડ્રગ્સમાફીયાઓને બચાવવામાં કયાંક તમારી ખુરશી ન જતી રહે..? સ્થાનિકની આ ત્રિપુટીનો જીએસટીના એક પૂર્વ રીટાયર્ડ ટોંચના અધિકારી તથા કસ્ટમના અજયની સાથે શું કડીઓ રહેલી છે? તે પણ ઉંડાણપૂર્વક તપાસ કરવાની જરૂરી છે. આ બન્નેનો પણ મોટો બેનામી દલ્લો ત્રિપુટી સાથે સીધો કે પરોક્ષ રીતે જોડાયેલ હોવાનુ ચર્ચાય છે.

## કેબીનેટ મંત્રીની ભલામણથી ડ્રગ્સકાંડમાં લાકડાના કયા બની બેઠલ ઠગ વેપારી ''હેમ-ખેમ'' નીકળવાના અજમાવ્યા પેંતરા ?

## બંટી પર આખાય કૌભાંડનું ઠીકરું ફોડવાની વેતરણ

ગાંધીધામ : કેપ્ટાગોન ડ્રગ્સનો જથ્થો એનસીબી જેવી એજન્સી આવી અનુ મુંદરામાંથી જડપી ગઈ છે અને તેની પાછળ બંટી-લાકડાનો બની બેઠેલ ઠગ વેપારી તથારાજુની ત્રિપુટીનોમોટો હાથ છે. પરંતુ લાકડાનો ઠગ બની બેઠલ વેપારી અને રાજુતો આ કાંડમાથી છટકવાની ગોઠવણ કરી ચૂકયા હોવાનુ મનાય છે. પરંતુ હવે તેનો ત્રીજો સાગરીત બંટી જે મોટા ભાગે કચ્છ-ગુજરાત બહાર જ ભાગતો રહે છે તેના પર આ પ્રકરણનું ઠીકરું ફોડવાની ગોઠવણ કરી રહ્યા છે. બંટી મોટા ભાગે વિદેશ જ રહેતો હોય છે. એટલે તે એજન્સીના હાથે આવશે નહી. આમ આ આખાય પ્રકરણમાંથી આ ત્રિપુટી પોતાનો હાથ કઢાવી અને કસ્ટમ જેવી ઉચ્ચ એજન્સીને પણ હાથ તાળી આપી હેમખેમ નીકળી જવાની ગોઠવણીઓ કરી બેઠા હોવાનુ ચર્ચાય છે.

**એસએમસીએ કાર્યવાહી કર્યા બાદ એલસીબીએ આળસ મરડી...**

## માંડવીમાં ભૂકંપ નગરીમાં બંદુક, ધારીયા સહિતના હથિયારો સાથે બે ઈસમો ઝડપાયા

**દેશી તમંચો, એરગન, ત્રણ છરી, બે ધારીયા, કરવત, કુહાડી, બે ધોકા, નવ લોખંડના પાઈપ કબજે કરાયા : કોઈ ગુનાહિત બનાવને અંજામ અપાય તે પહેલા કાર્યવાહી : સ્થાનીક પોલીસ કેમ રહી અજાણ ?**

માંડવી - કચ્છઉદય : મુંદરામાં એસએમસીએ આવીને બે પિસ્તોલ સાથે બે શખ્સોને ઝડપી લીધા હતા. આ અગાઉ વરનોરા સહિતની ઘટનાએ ઉચ્ચાટ જગાવેલો છે. સરેઆમ મારામારી, હુમલા સહિતની ઘટનાઓ છેલ્લા કેટલાક દિવસથી પશ્ચિમ કચ્છમાં રોજીંદી બની ગઈ છે. કાયદો માત્ર કાગળ પર હોય તેવી અનુભૂતિ લોકો કરી રહ્યા છે. આ વચ્ચે એલસીબીએ એસએમસીની કાર્યવાહી બાદ આળસ મરડીને માંડવીના ભૂકંપ નગરીમાં ગેબનશા પીરની દરગાહ પાસેથી બે શખ્સોને હથિયાર સાથે ઝડપી લીધા હતા. તેઓ પાસેથી દેશી તમંચો, એરગન, ત્રણ છરી, બે ધારીયા, કરવત, કુહાડી, બે ધોકા, નવ લોખંડના પાઈપ કબજે કરાયા છે. આટલા બધા હથિયારો લઈને રાતના સમયે બન્ને ઈસમો પકડાઈ ગયા તે સુચક બાબત છે. કોઈ ઘટનાને અંજામ આપવાના હતા કે અન્ય કોઈ બાબત હતી ? તપાસ થવી જરૂરી છે.

આ બાબતે માંડવી પોલીસમાંથી મળતી માહિતી મુજબ એલસીબીએ ભૂકંપ નગરીમાં રાત્રે આ કાર્યવાહી કરી હતી. આરોપી અહેઝાઝ અહેમદ રઝાકમીંયા બુખારી અને મુશરફ રઝાકમીંયા બુખારીને ઝડપી તેઓ પાસેથી દેશી તમંચો, એક જીવતો કારતુસ, એરગન પીસ્ટલ, ત્રણ અલગ અલગ સાઈઝની છરી, મોટું ધારીયું, નાનું ધારીયું, કરવત, કુહાડી, લોખંડની કુંડલીવાળા ધોકા, તેમજ લોખંડના અલગ અલગ નવ પાઈપ કબજે કરવામાં આવ્યા હતા. રેડ દરમ્યાન રઝાકમીંયા અબ્દુલ અઝીઝમીંયા બુખારી હાજર મળી આવ્યો ન હતો. એલસીબીએ માંડવી પોલીસમાં કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાવ્યો છે. આટલા બધા હથિયારોનું શું કરવાનું હતું તે સહિતની દિશામાં તપાસ થવી જરૂરી છે. આ ઘટનામાં સ્થાનીક માંડવી પોલીસ પણ અજાણ રહી ગઈ છે. ખરેખર એલસીબીને માંડવી સુધી આવવું પડતું હોય તો માંડવી પોલીસનો સ્ટાફ શું કરે છે ? તે સવાલ પણ ઉઠી રહ્યો છે.

## ભુજની સરકારી વસાહતમાં પુરઝડપે કાર ચલાવી ચાર શખ્સોએ અધમ મચાવ્યો

**સરકારી કર્મચારીઓએ રોકીને અટકાવતા ગાળાગાળી કરી આરોપીઓ ફરાર**

ભુજ - કચ્છઉદય : શહેરમાં વ્યાયામ શાળા મેદાન પાસે આવેલ સરકારી વસાહતમાં પુરઝડપે કાર ચલાવી અધમ મચાવાયો હતો. હાલમાં ગરમીના કારણે રાતના સમયે બાળકો રમતા હોય, પુરૂષો અને મહિલાઓ અલગ અલગ બેઠા હોય ત્યારે આ રીતે પુરઝડપે કાર ચલાવી રીતસર ભય ફેલાવાયો હતો. લોકોએ અટકાવીને પુછપરછ કરતા આરોપીઓ ગાળાગાળી કરીને ભાગી ગયા હતા.

આ બાબતે કલેકટર કચેરી ખાતે ફરજ બજાવતા ભરતભાઈ દેવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ રાતના સમયે ૧૩ થી ૧૪ કર્મચારીઓ બેઠા હતા અને બાળકો રમતા હતા ત્યારે સરકારી વસાહતના આંતરીક રોડ પર બે કાર પુરઝડપે આવી જેમાં એક કાળા કલરની સ્વીફટ નંબર જી.જે.૧૨.એફએફ ૮૬૫૧ અને બીજી જી.જે.૧૨ એફઈ ૧૮૦૧ વાળી હતી. બન્ને કારમાં બબ્બે જણા બેઠા હતા. તેઓ પાસે જઈને કહ્યુ હતું કે, આ સોસાયટીનો આંતરીક રસ્તો છે. અહીં બધા વોકીંગ કરે છે. નાના બાળકો રમે છે. દેખાતું નથી ? આવી ફુલ સ્પીડમાં ગાડી ચલાવો છો. આ ફુલસ્પીડમાં ગાડી ચલાવવાની જગ્યા છે ? ત્યારે ચારેય જણા ઉશ્કેરાઈ ગયા અને ગાડીમાં બેઠા બેઠા ગાળો આપી ડરાવી - ધમકાવી કહ્યું કે, પરીણામ સારૂં નહીં આવે તેઓએ કહ્યું કે, અમે એક માણસને પૈસા આપ્યા છે. તે પૈસા આપતો નથી. તેને શોધવા માટે આવીએ છીએ. પરંતુ ફુલ સ્પીડમાં ગાડી ચલાવી ભય ફેલાવ્યો હતો. લોકોએ ઠપકો આપતા બન્ને ગાડીના ડ્રાઈવરો ફુલ સ્પીડમાં રેસ આપીને ભાગી ગયા હતા. મહિનાથી આ રીતે સોસાયટીમાં આવીને અધમ મચાવતા હોવાનું ફરીયાદમાં જણાવાયું છે. સુખપરના મનીષપુરી સંતોષપુરી ગોસ્વામી, સોહિલ ઈબ્રાહીમ નોતિયાર, કમલેશગીરી રતનગીરી ગુસાઈ અને ભુજના ૠતીક ધર્મેન્દ્ર ગોસ્વામી સામે ભુજ એ ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**વોકવેની બહાર બાઈકર્સનો અધમ : નેત્રમને અંધાપો !**

વેકેશનના અંતિમ તબક્કા અને ગરમીના કારણે વોકવેમાં રાત પડતા હજારોની પબ્લીક વોકીંગ કરવા માટે આવે છે. બાળકો અંદર રમતા હોય છે ત્યારે હમીરસરથી લેકવ્યુ અને ખેંગારબાગ સુધીના રોડ પર બાઈકર્સ અધમ મચાવી રહ્યા છે. ફુલસ્પીડમાં બાઈક ચલાવી, અવાજ કરવો, બાઈકમાંથી ફટાકડા ફોડવા સહિત સીનસપાટાની પ્રવૃતિ કરવામાં આવે છે. અહીં નેત્રમના કેમેરા હોવા છતાં કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. આ વિસ્તાર એ ડીવીઝન પોલીસની હદમાં આવે છે. પરંતુ એ ડીવીઝન કે સીટી કે જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા આવા બાઈકર્સ સામે કોઈ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. આ વિસ્તાર રાતના સમયે લોકોની અવરજવરથી ધમધમતો હોય અને પુરઝડપે વાહનો ચલાવી લોકોના જીવ જોખમમાં મુકવા સાથે શાંતિ હણનારા તત્વો સામે કાર્યવાહી કરવામાં કેમ નથી આવતી ? તેવો સવાલ લોકો પુછી રહ્યા છે. ચાલુ વાહને વાત કરતા કે ત્રિપલ સવારીમાં નેત્રમ મારફતે મેમો મોકલવામાં આવે છે પરંતુ આવા અસામાજીક તત્વોને મેમો મોકલવામાં નેત્રમને કોની શરમ નડે છે ? તે સવાલ પણ ઉઠી રહ્યો છે.

## દેશલપર વાંઢાયમાં એસટી બસ અને બાઇકના અકસ્માતમાં આધેડનું મોત

**દેશલપર ત્રણ રસ્તા પાસે અવારનવાર અકસ્માત છતાં રોડ સેફ્ટી બાબતે પગલા નથી લેવાતા**

ભુજ - કચ્છઉદય : તાલુકાના દેશલપર વાંઢાય નજીક નલિયા-નખત્રાણા-દેશલપર ત્રિભેટે માર્ગ પર આજે સવારે એસટી બસ અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલક આધેડનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલ પુત્રીને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બસ ભુજથી નલિયા તરફ જતી હતી.

**અનુસંધાન પાના નં.૫ પર**




## સેડાતા સેનેટરી પાસે સ્કોર્પીયો અને ડમ્પરની ટક્કરમાં યુવતીનું મોત




**અકસ્માત એટલો ગંભીર કે ગાડી પલ્ટી ગઈ અને ડમ્પર રસ્તાની સાઈડમાં ઉતરી ગયું**

ભુજ - કચ્છઉદય : ભુજ - મુંદરા હાઈવે રોડ પર સેડાતા સેનેટરી પાસે ગઈકાલે સાંજે ગંભીર અકસ્માત થયો હતો. જેમાં યુવતીનું મોત થયું હતું. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળતી વિગતો મુજબ સ્કોર્પીયો કારમાં પરિવાર ભુજથી સેડાતા તરફ જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. સામેથી આવતા ટ્રક ડમ્પર નંબર જી.જે.૩૯ ટી ૭૫૭૯ ના ચાલકે ટકકર મારતા ગંભીર અકસ્માત થયો હતો. સ્કોર્પીયો ગાડી પલ્ટી મારી ગઈ હતી. જયારે ડમ્પર રોડ ઉતરીને ખાઈમાં પડયું હતું. આ બનાવમાં ગાડીમાં સવાર ભુજના મુસ્લિમ ચોકડી વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષિય અફરીન અયુબ ખત્રીને ઈજાઓ થવાથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવમાં અન્ય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવને પગલે સ્થળ પર લોકો ભેગા થઈ ગયા હતા. આ બનાવથી અરેરાટી ફેલાઈ હતી. માનકુવા પોલીસે નોંધ દાખલ કરી છે.

## નાના દિનારામાં ગેરકાયદે રેતી ખનન ઝડપાયું, ૫૦ લાખનું હિટાચી મશીન સીઝ



**રેતી ઉસેડવા માટે કોઈ આધાર પુરાવા ન મળ્યા : એલસીબીએ દરોડો પાડી ખનીજ વિભાગને જાણ કરી : નોખાણીયાવાળો ભરત અગાઉ પણ ખનીજ ચોરીમાં નામ ચમકી ચૂકયો છે**

ભુજ -કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ખનીજ ચોરી વધી રહી છે ત્યારે એલસીબીએ ખાવડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે રેતી ખનન કરતા હિટાચી મશીનને ઝડપી અંદાજે ૫૦ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો છે.

નાના દિનારા ગામની સીમમાં હિટાચી મશીન વડે ગેરકાયદે રેતી ખનન થતું હોવાની બાતમી મળી હતી બાતમીના આધારે સ્થળ પર તપાસ કરતાં હિટાચી મશીન ખોદકામ કરતી હાલતમાં મળી આવ્યું હતું. મશીન ચલાવનાર મૂળ મધ્યપ્રદેશના હાલે નાના દીનારા રહેતા કૃષ્ણદાસ અશોકનાથ ગોસ્વામી પાસેથી ખનન માટેના રોયલ્ટી પાસ કે અન્ય કોઈ આધાર પુરાવા માંગવામાં આવ્યા હતા, પરંતુ તે રજૂ કરી શક્યો નહોતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાના માલિક ભરતભાઈ આહિરના કહેવા મુજબ ખોદકામ કરતો હોવાની કબૂલાત આપી હતી ત્યારબાદ ફ્લાઈંગ સ્કવોડ અને ખાણ-ખનીજ વિભાગને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. ખાણ-ખનીજ વિભાગ દ્વારા સ્થળની માપણી કરવામાં આવી હતી અને ગેરકાયદે ખનન માટે ઉપયોગમાં લેવાયેલ હિટાચી મશીનને સીઝ કરી રૂ. ૫૦ લાખનો સીઝર મેમો તૈયાર કરવામાં આવ્યો હતો ખાણ-ખનીજ વિભાગ દ્વારા થયેલા ખોદકામની માપણીના આધારે દંડ સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખનીજ ચોરીમાં અવાર - નવાર અમુક શખ્સો ચોરી સહિત ગેરપ્રવૃત્તિમાં પકડાય છે. અમુકમાં તો માત્ર દંડ આપી ત્યાં સંકેલી લેવાય છે. અવાર - નવાર ખનીજ ચોરીની ગેરપ્રવૃત્તિમાં પકડાય તેની સામે કડક પગલાં લેવા માંગ ઉઠી છે.